શુક્રવાર, ૨૧ માર્ચ ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ /2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તકઃ ૨૦૪

▪ Volume 68 ▪ Issue 67 ▪ વિક્રમ સંવત ૨૦૮૧ ▪ ફાલ્ગુન વદ- ૭ ▪ મુંબઈ

▪ MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ 21 March 2025, Friday ▪ REGD.No. MCS/058/2018-20



મેટિની પૂર્તિ ૯ ૧૦ ૧૧ ૧૨


# ૩૦ નક્સલવાદી ઠારઃ એક પોલીસ શહીદ

## છત્તીસગઢનાં બસ્તરમાં બે અથડામણ

બીજાપુર/કાંકેરઃ સુરક્ષા દળોએ છત્તીસગઢના બસ્તર ક્ષેત્રમાં ગુરુવારે બે અલગ અલગ અથડામણમાં પ્રતિબંધિત સીપીઆઈ (માઓવાદીઓ)ના ઓછામાં ઓછા ૩૦ નક્સલવાદીને ઠાર માર્યા હતા અને એક પોલીસ શહીદ થયો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. રાજ્ય પોલીસના બીએસએફ અને જિલ્લા રિઝર્વ ગાર્ડ (ડીઆરજી) કર્મચારીઓની સંયુક્ત ટીમ દ્વારા બીજાપુર જિલ્લામાં ૨૬ નક્સલવાદી અને કાંકેરમાં ચાર માઓવાદીને ઠાર કરવામાં આવ્યા હતા. બીજાપુરમાં એન્કાઉન્ટરમાં એક પોલીસ જવાન શહિદ થયો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

એક અધિકારીએ જણાવ્યું હતું કે બીજાપુર અને દંતેવાડા જિલ્લાની સરહદે આવેલા જંગલમાં જ્યારે સુરક્ષા કર્મચારીઓની સંયુક્ત ટીમ બીજાપુરના ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નક્સલવાદી વિરોધી અભિયાન ચલાવી રહી હતી ત્યારે સવારે લગભગ ૭ વાગ્યાની આસપાસ ગોળીબાર શરૂ થયો હતો. બસ્તર રેન્જના પોલીસ મહાનિરીક્ષક સુંદરરાજ પીએ જણાવ્યું હતું કે, ઘટનાસ્થળેથી હથિયારો અને વિસ્ફોટકો ઉપરાંત ૨૬ નક્સલવાદીના મૃતદેહ મળી આવ્યા છે.

તેમણે કહ્યું કે ગોળીબારમાં ડીઆરજી યુનિટનો એક જવાન પણ શહીદ થયો હતો.

ડીઆરજી અને બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ)ની સંયુક્ત ટીમ નક્સલ વિરોધી કામગીરી પર હતી ત્યારે કાંકેર અને નારાયણપુર જિલ્લાની સરહદે આવેલા જંગલમાં સવારે બીજી અથડામણ થઈ હતી, એમ કાંકેરના પોલીસ અધિક્ષક ઈન્દિરા કલ્યાણ એલેસેલાએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે કાર્યવાહી બાદ ચાર નક્સલવાદીના મૃતદેહ અને ઓટોમેટિક હથિયારો મળી આવ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે બંને સ્થળો પર સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. તાજેતરની કાર્યવાહી સાથે, આ વર્ષે અત્યાર સુધીમાં રાજ્યમાં એન્કાઉન્ટરમાં ૧૧૩ નક્સલવાદી માર્યા ગયા છે. તેમાંથી, બીજાપુર અને કાંકેર સહિત સાત જિલ્લાઓ ધરાવતા બસ્તર વિભાગમાં ૯૭ને ઠાર કરવામાં આવ્યા હતા. ■






# પંજાબમાં ડ્રગ્સ-હવાલા રેકેટનો પર્દાફાશ

## પાંચની ધરપકડ, ડ્રગ્સ-રોકડ-હથિયારો જપ્ત

ચંદીગઢઃ પંજાબ પોલીસે ડ્રગ્સ અને હવાલા રેકેટનો પર્દાફાશ કર્યો છે. જેમાં પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમજ તેમના કબજામાંથી ગેરકાયદે હથિયારો, માદક દ્રવ્યો અને રોકડ રકમ જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસ મહાનિર્દેશક(ડીજીપી) ગૌરવ યાદવના જણાવ્યા અનુસાર ડ્રગ ફાઇનાન્સિંગ સામે એક નિર્ણાયક કાર્યવાહીમાં તરનતારન પોલીસે ડ્રગ અને હવાલા સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો હતો, જેમાં પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમજ ગેરકાયદે હથિયારો, માદક દ્રવ્યો અને રોકડ રકમ જપ્ત કરવામાં આવી છે.

ડીજીપીએ જણાવ્યું કે ઓપરેશન દરમિયાન આરોપીઓએ પોલીસ પાર્ટી પર ગોળીબાર કર્યો હતો, જેના પગલે પોલીસે તરત જ જવાબી કાર્યવાહી કરી હતી. દરમિયાન બે આરોપીઓને પગમાં ઇજા થતાં તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડવામાં આવી હતી. ત્યારબાદ તપાસમાં ઇકબાલ સિંહની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. જે દુબઇસ્થિત ડ્રગ કાર્ટેલ સાથે જોડાયેલા હવાલા વ્યવહારોનો મુખ્ય સૂત્રધાર હતો.

ડીજીપીએ વધુમાં જણાવ્યું કે સિંહે સરહદ પાર ડ્રગ્સની દાણચોરી માટે છેલ્લા ત્રણ મહિનામાં ૫૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હોવાની કબૂલાત કરી છે. તેમણે કહ્યું કે એનડીપીએસ એક્ટ, આર્મ એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા હેઠળ એફઆઇઆર નોંધવામાં આવી છે. ડીજીપીએ જણાવ્યું કે પોલીસે જપ્ત કરેલી સામગ્રીમાં સાત કિલો અફીણ, ત્રણ પિસ્તોલ(૩૦ બોર), છ મેગેઝિન, ૨૩.૧૦ લાખ રૂપિયાની ડ્રગ મની અને એક નોટ ગણવાના મશીનનો સમાવેશ થાય છે. ■

# યુદ્ધવિરામની વાતો વચ્ચે યુક્રેનનો રશિયા પર ભયાનક હુમલો

મોસ્કોઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની મધ્યસ્થી હેઠળ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદોમીર ઝેલેન્સ્કી વચ્ચે યુદ્ધવિરામની વાતચીત ચાલી રહી છે, ત્યારે બીજી તરફ યુક્રેને રશિયા પર ભયાનક હુમલો કરી ખળભળાટ મચાવી દીધો છે. યુક્રેને ડ્રોનથી હુમલો કરતા રશિયન એરબેઝ આગની ઝપેટમાં આવી રાખ થઈ ગયું છે.

મળતા અહેવાલો મુજબ યુક્રેને આજે (૨૦ માર્ચ) રશિયાના એન્ગેલ્સ સ્ટ્રેટેજિક બોમ્બર બેઝ પર હુમલો કરતા વિસ્ફોટ થયો છે. ધડાકાના કારણે ધુમાડાના ગોટેગોટા અને ભયાનક આગ જોવા મળી છે. યુક્રેને યુદ્ધના મોરચાથી લગભગ ૭૦૦ કિલોમીટર દૂર આ હુમલો કર્યો છે. રશિયન સરકારી અધિકારીઓને ટાંકીને મીડિયા રિપોર્ટમાં યુક્રેને કરેલા હુમલાના વીડિયોની પુષ્ટી કરવામાં આવી છે. વીડિયોમાં એરબેઝ પર ભયાનક વિસ્ફોટની સ્થિતિ જોવા મળી રહી છે. હુમલા બાદ વિસ્ફોટ અને આગના કારણે આસપાસના અનેક તંબુઓ આગમાં રાખ થઈ ગયા છે. રશિયન સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે, અમારા ડિફેન્સ સિસ્ટમે યુક્રેનના ૧૩૨ ડ્રોન તોડી પાડ્યા છે.

યુક્રેનના હુમલા બાદ એન્ગેલ્સ જિલ્લાના પ્રમુખ મક્સિમ લિયોનોવે ઈમરજન્સી જાહેર કરી દીધી છે. જોકે તેમણે હુમલા અંગે કોઈપણ માહિતી આપી નથી. બીજી તરફ મીડિયા રિપોર્ટમાં પણ સ્વતંત્ર રીતે આ હુમલાની પુષ્ટી કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે, યુક્રેને અગાઉ પણ એન્ગેલ્સ એરબેઝને નિશાન બનાવ્યું હતું. ત્યાં ડિસેમ્બર-૨૦૨૨માં ડ્રોનથી હુમલા કરાયા હતા. ત્યારબાદ જાન્યુઆરીમાં પણ એક ઑઈલ ડેપો પર હુમલો થતા ભયાનક આગ લાગી ગઈ હતી અને આ આગને ઓલવવામાં પાંચ દિવસ લાગ્યા હતા. ■



**ગરમીઃ** બેંગલુરુમાં ગુરુવારે ગરમીથી બચવા શાળાની વિદ્યાર્થિનીઓએ છત્રીનો ઉપયોગ કર્યો હતો. (એજન્સી)

# ઈલોન મસ્કની કંપની એક્સ એ ભારત સરકાર સામે કોર્ટ કેસ દાખલ કર્યો

બેંગલૂરુઃ હાલ ભારતમાં ઈલોન મસ્કની માલિકીનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ તેના ચેટબોટ ગ્રોકને કારણે ગ્રોક ચર્ચામાં છે. ગ્રોકે કેટલાક યુઝર્સને હિન્દીમાં આપેલા જવાબમાં અપશબ્દોનો ઉપયોગ કરતા વિવાદ સર્જાયો છે. આ મામલે આઇટી મીનીસ્ટ્રીએ કંપનીનો સંપર્ક કર્યો હતો, સરકાર એક્સ સામે કાર્યવાહી કરે તેવી શક્યતા છે, એ પહેલા એક્સ એ કર્ણાટક હાઈ કોર્ટમાં ભારત સરકાર વિરુદ્ધ દાવો દાખલ કર્યો છે, જેમાં સરકાર પર ગેરકાયદે રીતે કન્ટેન્ટ પર નિયંત્રણ રાખવા અને અને મનસ્વી રીતે સેન્સરશીપ લાગુ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

કર્ણાટક હાઈ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા દાવામાં એક્સ એ કેન્દ્ર દ્વારા ઇન્ફર્મેશન ટેકનોલોજી એક્ટના અર્થઘટન પર ચિંતા વ્યક્ત કરી છે, ખાસ કરીને કલમ ૭૯(૩)(બ) ના ઉપયોગ અંગે. એક્સએ દલીલ કરી છે કે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનું ઉલ્લંઘન થયું છે અને ઓનલાઈન અભિવ્યક્તિની સ્વતંત્રતાને અસર થઇ છે.

એક્સ એ આરોપ મુક્યો કે સરકાર કલમ ૬૯અ માં દર્શાવેલ સ્ટ્રક્ચરડ લિગલ પ્રોસેસ બાયપાસ કરીને, પેરેલલ કન્ટેન્ટ બ્લોકિંગ પ્રોસેસ માટે આ કલમનો ઉપયોગ કરી રહી છે. એક્સ એ પણ દાવો કર્યો કે આ અભિગમ શ્રેયા સિંઘલ કેસમાં સુપ્રીમ કોર્ટના ૨૦૧૫ ના ચુકાદાનું ઉલ્લંઘન કરે છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે કન્ટેન્ટને ફક્ત યોગ્ય ન્યાયિક પ્રક્રિયા દ્વારા અથવા કલમ ૬૯અ હેઠળ કાયદેસર રીતે જ બ્લોક કરી શકાય છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલય અનુસાર, કલમ ૭૯(૩)(બ) ઓનલાઈન પ્લેટફોર્મને કોર્ટના આદેશ અથવા સરકારી સૂચના આપવામાં આવે ત્યારે ગેરકાયદેસર કન્ટેન્ટ દૂર કરવા બાધ્ય કરે છે. જો કોઈ પ્લેટફોર્મ ૩૬ કલાકની અંદર તેનું પાલન ન કરે, તો તેને ભારતીય દંડ સંહિતા સહિત વિવિધ કાયદાઓ હેઠળ જવાબદાર ઠેરવી શકાય છે.

જોકે, એક્સ એ આ અર્થઘટનનો વિરોધ કર્યો છે, અને દલીલ કરી છે કે આ જોગવાઈ સરકારને કન્ટેન્ટને બ્લોક કરવાની સ્વતંત્ર સત્તા આપતી નથી. તેના બદલે, તેણે અધિકારીઓ પર યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના મનસ્વી સેન્સરશીપ લાદવા માટે કાયદાનો દુરુપયોગ કરવાનો આરોપ મૂક્યો. ■

# પાણી વિવાદ બન્યું મોતનું કારણ

## કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયના બે ભાણેજ વચ્ચે ગોળીબાર, એકનું મોતઃ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયના બે ભાણેજ જયજીત યાદવ અને વિકલ યાદવે સામાન્ય વિવાદમાં એકબીજાને ગોળી મારી દીધી. આ ઘટનામાં વિકલનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું જ્યારે જયજીતની સ્થિતિ નાજુક છે.

આ ઘટના નિત્યાનંદ રાયના બનેવી નવગછિયાના જગતપુર રહેવાસી ગુલ્લો યાદવના ઘરે ગુરુવારે સવારે થઈ. મળતી જાણકારી અનુસાર બંનેએ સામાન્ય વિવાદમાં એકબીજા પર ગોળી ચલાવી દીધી. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર સવારે સાડા છ વાગે જયજીતને પાણી આપનાર નોકરે પાણીવાળા વાસણમાં હથેળી ડુબાડીને પાણી આપ્યું હતું, જેને લઈને વિકલ સાથે બોલાચાલી થવા લાગી.

પહેલેથી પણ બંને ભાઈઓનું બનતું નહોતું. પાણીના સામાન્ય વિવાદમાં વિકલ ઘરની અંદરથી પિસ્તોલ કાઢીને લાવ્યો અને જયદીપના મોઢાને નિશાન બનાવીને ફાયર કરી દીધું. ગોળી જડબાને નુકસાન પહોંચીને નીકળી ગઈ. જયજીત પહેલા તો જમીન પર પડી ગયો પરંતુ થોડી મિનિટમાં તાકાત લગાવીને ઉઠ્યો અને વિકલથી અથડામણ કરીને તેના હાથમાંથી પિસ્તોલ છીનવી લીધી. તે બાદ તેને નજીકથી ગોળી મારી દીધી.

આ ઘટનામાં વિકલનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું. જોકે, આમાં શ્વાસ ચાલતો હોવાની આશામાં પરિવારજનોએ અફરા-તરફીમાં તેને પણ નવગછિયા હોસ્પિટલ પહોંચાડાયો, જ્યાં ડોક્ટરોએ તેને જોઈને મૃત જાહેર કરી દીધો. જયજીતની હાલત પણ વધુ લોહી નીકળી જવાના કારણે નાજુક છે. તેને શ્રેષ્ઠ સારવાર માટે ડોક્ટરોએ બહાર લઈ જવા માટે કહ્યું છે, જેની કવાયત શરૂ કરી દેવાઈ છે. ઘટનાની જાણકારી પર રેન્જ આઈજી વિવેક કુમારે નવગછિયા એસપીને સ્થિતિની જાણકારી લઈને તમામ સુરક્ષાત્મક ઉપાય કરવા માટે કહ્યું છે. નવગછિયા પરબત્તા પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ ટીમ એફએસએલ ટીમને માહિતી આપીને ઘટના સ્થળની સ્ટાઈલ અને વીડિયોગ્રાફી કરાવવામાં આવી. આ સાથે જ ઈલેક્ટ્રોનિક પુરાવા એકઠા કરીને શરૂઆત કરી દીધી છે. ■



**સંયુક્ત કવાયતઃ** દક્ષિણ કોરિયાના યેઓન્ચિઓનમાં ગુરુવારે ફ્રિડમ શિલ્ડ મિલિટરી ઍક્સરસાઈઝના ભાગરૂપે દ. કોરિયા અને અમેરિકાએ સંયુક્ત કવાયત દરમિયાન ઉપકરણોને લઈને નદી ઓળંગવા સીએચ-૪૭ ચિનૂક હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો. (એજન્સી)

# બેટિંગ એપ્સની જાહેરાત કરતા ૨૫ સેલિબ્રિટી સામે એફઆઈઆર

હૈદરાબાદઃ ઇન્ડિયન પ્રીમિયર લીગની નવી સિઝન શરૂ થવાની છે એ પહેલા ઓનલાઈન સટ્ટો રમાડતી ઘણી એપ્સ અને વેબસાઈટ્સની જાહેરાતો વધુ દેખાવા લાગી છે. આ જાહેરાતોમાં ફિલ્મ જગતના પ્રખ્યાત એક્ટર્સ અને ખેલાડીઓ જોવા મળી રહ્યા છે. એવામાં તેલંગાણા પોલીસે ગેરકાયદે બેટિંગ એપની જાહેરાત કરવા બદલ ૨૫ ફિલ્મ એક્ટર્સ સામે એફઆઇઆર નોંધી છે.

અહેવાલ મુજબ ઉદ્યોગપતિ ફણીન્દ્ર શર્માની ફરિયાદ બાદ એફઆઇઆર નોંધવામાં આવી છે. પોલીસે આ રાણા દગ્ગુબાતી, પ્રકાશ રાજ, વિજય દેવરકોંડા અને મંચુ લક્ષ્મી જેવા જાણીતા કલાકારો સામે કેસ નોંધ્યો છે.

એફઆઇઆરમાં સેલિબ્રિટી અને ઇન્ફલુએન્સર્સના નામ સામેલ કરવામાં આવ્યા છે. એફઆઇઆરમાં પ્રણીતા, નિધિ અગ્રવાલ, અનન્યા નાગલ્લા, સિરી હનુમંતુ, શ્રીમુખી, વર્ષિની સૌન્દરજન, વાસંતી કૃષ્ણન, શોબા શેટ્ટી, અમૃતા ચૌધરી, નયની પવાણી, નેહા પઠાણ, પાંડુ, પદ્મવતી, ઇમરાન ખાન, વિષ્ણુ પ્રિયા, હર્ષ સાઈ, સન્ની યાદવ, શ્યામલા, ટેસ્ટી તેજા અને બંડારુ શેષાયની, સુપ્રીતાના નામ સામેલ કરવામાં આવ્યાં છે.

એફઆઇઆરમાં નોંધવામાં આવ્યું છે કે ઓનલાઈન બેટિંગ એપ્લિકેશનનો પ્રચાર સોશિયલ મીડિયા જાહેરાતો દ્વારા કરવામાં આવ્યો છે. આ જાહેરાતોમાં સેલિબ્રિટીઝ અને ઇન્ફલુએન્સર્સ જોવા મળ્યા હતાં. આ ગેરકાયદેસર પ્લેટફોર્મ દ્વારા કરોડો રૂપિયાનો ખેલ થયો છે. આના કારણે ઘણા પરિવારો આર્થિક સંકટમાં ફસાયેલા છે.

એફઆઇઆરમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે આ બેટિંગ એપ્લિકેશનના ઉપયોગને કારણે લાખો લોકોએ મહેનતથી કમાયેલા પૈસા ગુમાવ્યા છે. ફરિયાદી ફણીન્દ્ર શર્માએ કહ્યું કે તેઓ પણ બેટિંગના વ્યસની બની ગયા હતા, પરંતુ તેના પરિવાર દ્વારા ચેતવણી આપવામાં આવ્યા બાદ તેઓએ બેટિંગ છોડી દીધી. ■

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગ્રોકને સ્પષ્ટતા કરવા ફરમાન, યે તો હોના હી થા...

**ભારતમાં** છેલ્લા એક અઠવાડિયાથી એલન મસ્કની કંપની એક્સએઆઈ દ્વારા વિકસાવવામાં આવેલા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) ચેટ બોટ ગ્રોકની ભારે ધૂમ છે. એઆઈ ચેટ બોટમાં તમે કોઈ પણ સવાલ પૂછો તેનો પહેલાંથી ફીડ કરેલો જવાબ મળતો હોય છે. ગ્રોક ઉને પણ યુઝર્સ સવાલો પૂછી રહ્યા છે ને આવા સેંકડો સવાલો રોજ પુછાતા હશે, પણ ગ્રોકની ધૂમનું કારણ રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, નરેન્દ્ર મોદી, ભાજપ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિનાયક દામોદર સાવરકર વગેરેને લગતા સવાલોના જવાબ છે. આ જવાબોના કારણે મોદીભક્તોમાં તો સોપો પડી ગયો જ છે, પણ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પણ ખળભળી ગઈ છે.

કેન્દ્ર સરકારે એલોન મસ્કની માલિકીના સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ એક્સ પર મસ્કની જ કંપની એક્સએઆઈના ચેટબોટ ગ્રોક દ્વારા અપાતા જવાબો અંગે ચિંતા વ્યક્ત કરીને ખુલાસો માંગ્યો છે. સરકારે ગ્રોક દ્વારા જનરેટ કરાતા જવાબો અને ચેટબોટને તાલીમ આપવા માટે ઉપયોગમાં લેવાતા ડેટા અંગે સ્પષ્ટતા માંગી છે. સરકારે ક્યા ક્યા સવાલો અંગે સ્પષ્ટતા માગી તેની વિગતો મીડિયા રીપોર્ટમાં નથી, પણ આ સવાલ-જવાબ કયા હશે ને આ માહિતી કેમ માંગવામાં આવી એ કહેવાની જરૂર નથી.

મોદી સરકારે આ સ્પષ્ટતા માંગવી પડી તેનું કારણ અચાનક જ મોદી, ભાજપ, સંઘને લગતા સવાલનું આવી ગયેલું ઘોડાપૂર છે. મોદીએ ૨૦૧૪માં ચૂંટણીપ્રચારમાં આપેલાં વચનોથી માંડીને મોદીની ડિગ્રી સુધીના સવાલોના જવાબો મોદીભક્તોને માફક આવે એવા નથી. ભારતમાં મીડિયા અને સોશિયલ મીડિયા બંને મોદીભક્તિમાં લાગેલાં છે. મોદી અને મોદીભક્તોની વાતોને ચકાસ્યા વિના બ્રહ્મવાક્ય હોય એ રીતે મીડિયા છાપી મારે છે અથવા બતાવી દે છે અને સોશિયલ મીડિયા તેને વાયરલ કરે છે. આ વાતોમાં સત્ય છે કે નહીં તેની કોઈને પરવા નથી કેમ કે ચોક્કસ એજન્ડાના ભાગરૂપે આ બધું થઈ રહ્યું છે. હવે મસ્કની કંપની એવો જ કહેવાતો મોદીવિરોધી એજન્ડા લઈને મેદાનમાં આવી છે તેથી મોદી સરકાર ભડકી ઊઠે એ સ્વાભાવિક છે.

મસ્કની કંપનીનો કહેવાતો મોદીવિરોધી એજન્ડા તેની માર્કેટિંગ સ્ટ્રેટેજીનો ભાગ હોઈ શકે છે. એલન મસ્કની કંપનીએ ગ્રોક ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ લૉંચ કરેલું, પણ બહુ જાણીતું નહોતું થયું. મહિના પહેલાં લૉંચ કરાયેલા ગ્રોકના ત્રીજા વર્ઝન વિશે ભારતીયોને બહુ ખબર જ નહોતી એમ કહીએ તો ચાલે, પણ અચાનક છેલ્લા એક અઠવાડિયાથી ગ્રોક ત્રણ લાઈમલાઈટમાં આવી ગયું. અત્યારે ગ્રોકને સૌથી વધુ સવાલો ભારતમાંથી પુછાઈ રહ્યા છે અને તેના જે જવાબો ગ્રોક તરફથી મળી રહ્યા છે એ વાયરલ થઈ રહ્યા છે. મસ્કે મોદીને ટાર્ગેટ કર્યા છે એ સ્પષ્ટ છે કેમ કે ભારતમાં મોદીના નામે ગમે તે માલ વેચાઈ શકે છે.

આ જવાબો સામે મોદીભક્તો મતિમૂઢ થઈ ગયા છે કેમ કે શું જવાબ આપવો ને કોને આપવો એ જ ખબર પડતી નથી. કેટલાક મોદીભક્તોએ ગ્રોકનું સંચાલન કૉંગ્રેસના આઈટી સેલ દ્વારા થાય છે એવી વાતો ચલાવવા પ્રયત્ન કર્યો, પણ એ વાત કોઈને ગળે ઊતરે એવી નથી. એલન મસ્ક દુનિયાનો સૌથી ધનિક માણસ છે ને આખી કૉંગ્રેસને ખરીદી શકે એટલાં નાણાં તેની પાસે છે ત્યારે રૂપિયાને ખાતર એ કૉંગ્રેસ સાથે હાથ મિલાવી લે એ વાતમાં માલ નથી. મસ્કનો ઈરાદો ગ્રોકને જાણીતું કરવાનો છે ને એ માટે તેણે મોદીના નામે માલ વેચવા માંડ્યો છે એ સ્પષ્ટ છે.

ગ્રોક દ્વારા અપાતા જવાબો વિવાદાસ્પદ છે તેમાં પણ બેમત નથી ને ઘણા જવાબોને સત્ય સાથે લેવાદેવા નથી એવું પણ સ્પષ્ટ દેખાય. ઉદાહરણ તરીકે ગ્રોકને એક યુઝર દ્વારા સવાલ પુછાયો હતો કે, ક્યા ભારતીયના સૌથી વધારે ફેક ફોલોઅર હોઈ શકે છે? ગ્રોકે જવાબ આપ્યો કે, નરેન્દ્ર મોદીના સૌથી વધારે બનાવટી ફોલોઅર હોવાની શક્યતા છે કેમ કે મોદીના કુલ ૧૦ કરોડ ફોલોઅર છે અને ૨૦૧૮માં થયેલા એક અભ્યાસમાં તેમના ૬૦ ટકા ફોલોઅર નકલી હોવાનો દાવો કરાયો હતો. ૨૦૨૫ના આધારભૂત આંકડા ઉપલબ્ધ નથી. એક અંદાજ પ્રમાણે, નરેન્દ્ર મોદીના ૬૦ ટકા ફોલોઅર નકલી હોવાની શક્યતા છે કે જે કોઈ પણ ભારતીય કરતાં વધારે છે.

હવે ગ્રોક પોતે જ કહે છે કે, કોઈ સત્તાવાર ડેટા ઉપલબ્ધ નથી ને છતાં મોદીના સૌથી વધારે ફેક ફોલોઅર હોવાનો દાવો કરાય એ જૂઠાણું જ કહેવાય. ગ્રોકે કહ્યું છે કે, મોદી અને અદાણીના ગાઢ સંબંધો અને અદાણી સામેના લાંચના આરોપોને કારણે મોદી અદાણીના ભ્રષ્ટાચારના ભાગીદાર હોઈ શકે છે. મોદી દ્વારા અદાણી તરફ પક્ષપાતના પુરાવા અસ્તિત્વમાં છે, પણ ભ્રષ્ટાચારમાં મોદીની સીધી સંડોવણીના પુરાવા નથી. હવે જેના પુરાવા નથી તેને સત્ય કઈ રીતે માની શકાય?

ગ્રોકના વિનાયક દામોદર સાવરકરે અંગ્રેજોની સૌથી વધારે વાર માફી માગેલી કે અંગ્રેજો પાસેથી પેન્શન લીધેલું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની દેશની આઝાદીની લડતમાં કોઈ ભૂમિકા નહોતી એ પ્રકારના જવાબો સાચા છે, પણ બીજા જવાબો ધારણા આધારિત છે અને ગ્રોકના જવાબોને કોઈ આધાર નથી. એ છતાં મોદી સરકાર ફફડી ગઈ છે કેમ કે ભાજપને ખબર છે કે, સોશિયલ મીડિયા બેધારી તલવાર છે. નરેન્દ્ર મોદી અને ભાજપે રાજકીય ફાયદા માટે તેનો ભરપૂર ઉપયોગ કર્યો છે એ રીતે ગ્રોકની માહિતીનો ઉપયોગ પણ ભાજપને પછાડવા થઈ શકે છે.

રાહુલ ગાંધીને પપ્પુ ચીતરવા માટે અને હિંદુત્વને લગતાં જૂઠાણાં ફેલાવવા ભાજપ અને મોદીભક્તોએ સોશિયલ મીડિયાનો કેવો દુરૂપયોગ કર્યો એ સૌ જાણે છે. નરાતર જૂઠાણાં અને કુપ્રચાર દ્વારા મુસ્લિમો વિરોધી ભરપૂર પ્રચાર પણ કરાયો ને ભારતના કહેવાતા વિકાસની મોટી મોટી વાતો કરીને દેશ વિશ્વગુરુ બની ગયો હોવાનું ભ્રામક ચિત્ર પણ ઊભું કરાયું.

હવે એ જ સોશિયલ મીડિયા એ જ પ્રકારની વાતો નરેન્દ્ર મોદી, ભાજપ કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિશે કરે છે ત્યારે મોદી સરકારને મરચાં લાગે છે. ભારતની બહુમતી પ્રજાનું વાંચન બહુ ઓછું છે તેથી સોશિયલ મીડિયા પર જે પણ પિરસાય તેને ગળે ઉતારી લે છે. તેને પરમ સત્ય માની લે છે. મોદી ને ભાજપે તેનો બહુ લાભ લીધો પણ હવે બીજા લાભ લે એ તેમને ગમતું નથી. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ-સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૨૧-૩-૨૦૨૫, જમશેદી નવરોઝ (પારસી), ભદ્રા સમાપ્તિ

- ભારતીય દ્વિનાંક ૩૦, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ વદ -૭
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૨મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૪૫ (તા. ૨૧મી) સુધી, પછી મૂળ.
- ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૪૫ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૯, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સાંજે ક. ૧૬-૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૨ (તા. ૨૨)
- ઓટઃ સવારે ક. ૦૯-૧૯, રાત્રે ક. ૨૧-૪૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - સપ્તમી. જમશેદી નવરોઝ (પારસી), ભદ્રા સમાપ્તિ ક. ૧૫-૩૭, વિંછુડો સમાપ્તિ મધ્યરાત્રે ક. ૨૫-૪૫.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ બપોરે ક. ૧૫-૩૭ સુધી શુભ.
- મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સૂર્યપૂજા, બુધ-શુક્ર પૂજા, ઈન્દ્રપૂજા, શેમળાનું વૃક્ષ વાવવું, નવા ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ, હજામત, વાહન, યંત્રારંભ, ખેતીવાડી, પશુ લે-વેંચ, પ્રાણી પાળવાં.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ નાણાં કારોબારમાં સાવચેતી જરૂરી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-મિથુન, વક્રી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## એક વર્ષ પછી શંભુ-અંબાલા રોડ પરથી બેરિકેડ્સ હટાવાયાં

ચંડીગઢ : આંદોલન કરી રહેલા ખેડૂતોને શંભુ સરહદ પરથી હટાવવાનાં પગલે હરિયાણા સુરક્ષા દળોના જવાનોએ અંતરાયો દૂર કરવાનું શરૂ કર્યું છે. આ અંતરાયો પંજાબના ખેડૂતો દિલ્હી ન જાય એ માટે ઊભા કરવામાં આવ્યા હતા.

એક વર્ષથી બંધ રહેલા શંભુ-અંબાલા રોડને ચાલુ રાખવા શંભુ સરહદમાંથી કોંક્રીટ બ્લોક દૂર કરવા જેસીબી અને બીજા મશીનો લાવવામાં આવ્યા છે. હરિયાણા સુરક્ષા દળોએ પંજાબ સાથેની સરહદને સિમેન્ટ બ્લોક, લોખંડના ખીલ્લા અને કાંટાળી વાડ વડે એક કિલ્લા જેવી બનાવી હતી.

પંજાબ પોલીસે પણ ગુરુવારે શંભુ સરહદની પંજાબની બાજુ પરના હંગામી સ્ટ્રક્ચર દૂર કરવાનું ઓપરેશન શરૂ કર્યું છે.

દરમિયાન સંયુક્ત કિસાન મોરચા (અરાજકીય) અને કિસાન મજદુર મોરચાએ ગુરવારે પંજાબ પોલીસની તવાઈની સામે ડેપ્યુટી કમિશનરની કચેરીની બહાર ધરણાં કર્યા હતા.

સરહદના શંભુ અને ખનૌરી પોઈન્ટ પર ખેડૂતોનું આંદોલન કરનાર બન્ને સંગઠનોએ દેખાવકારોને દૂર કરવા બદલ અને ખેડૂત નેતાઓની અટક કરવા બદલ આમ આદમી પાર્ટીની સરકારની ઝાટકણી કાઢી હતી.

કૃષિપ્રધાન શિવરાજ સિંહ ચૌહાણની આગેવાની હેઠળના કેન્દ્રના પ્રતિનિધિમંડળને ચંડીગઢમાં મળીને પાછા ફરનાર અનેક ખેડૂત નેતાઓની પોલીસે ધરપકડ કરી હતી. આમાં મોહાલી ખાતે બુધવારે અટકમાં લેવામાં આવેલા સ્વર્ણ સિંહ પંધેર અને જગજિત સિંહ દલ્લેવાલનો સમાવેશ થયા છે. પોલીસે આંદોલન કરી રહેલા ખેડૂતોને શંભુ અને ખનૌરીમાંથી દૂર કર્યા હતા. ત્યાં ઊભા કરેલા મંચ અને હંગામી સ્ટ્રકચરને જેસીબી મશીન વડે તોડી પાડવામાં આવ્યા હતા.

ચંડીગઢમાં બન્ને પક્ષો વચ્ચે મંત્રણાનો સાતમો દોર યોજાયો હતો. કેન્દ્રીય પ્રતિનિધિમંડળમાં ગ્રાહક બાબતોના પ્રધાન પ્રહલાદ જોશી અને વાણિજય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પિયુષ ગોયલનો પણ સમાવેશ થાય છે.

બેઠકમાં લઘુતમ ટેકાના ભાવની ગેરન્ટી દેવાના કાયદાની માગણી સહિતની બીજી માગણીઓ પર ચર્ચા થઈ હતી.

ખેડૂતો ચર્ચા કરીને મોહાલી આવ્યા કે અંતરાયો લગાડીને રોકવામાં આવ્યા હતા.

દરમિયાન ગયા વર્ષે ૨૬ નવેમ્બરથી આમરણાંત ઉપવાસ કરી રહેલા ખેડૂતના નેતા જગજિત સિંહ દલ્લેવાલને જલધંરના પંજાબ ઈન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ સાયન્સીસમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેમને કોઈ બીજા સ્થળે લઈ જવામાં આવ્યા હતા.

બુધવારે પંધેર અને દલ્લેવાલ ઉપરાંત અભિમન્યુ કોહર, કાકા સિંહ કોતરા અને મનજિત સિંહ રાઈની અટક કરવામાં આવી હતી એવી માહિતી ખેડૂતોના નેતા ગુરમીત સિંહે આપી હતી. (એજન્સી) ■

## ૨૦૦ ટકા કરવેરો લાદવાનો ટ્રમ્પનો નિર્ણય યુરોપના વાઈન ઉદ્યોગ માટે ઘાતક પુરવાર થશે

ફ્રાન્સઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુરોપિયન વાઈન પર ૨૦૦ ટકા કરવેરો લાદવાનો લીધેલો નિર્ણય યુરોપના વાઈન ઉદ્યોગ માટે ઘાતક પુરવાર થશે.

ફ્રાન્સ, ઈટલી, સ્પૅન સહિતના યુરોપિયન દેશોને હાલ આ જ ચિંતા સતાવી રહી છે.

અમેરિકાએ જાહેર કરેલા કરવેરાના વધારાની પ્રતિક્રિયારૂપ યુરોપિયન યુનિયને પહેલી એપ્રિલથી અમલી બને તે રીતે અમેરિકન વ્હીસ્કી પર પચાસ ટકા કરવેરો લાદવાના લીધેલા નિર્ણય બાદ ટ્રમ્પે યુરોપિયન વાઈન, શૅમ્પેઈન પર ૨૦૦ ટકા કરવેરો લાદવાની ચીમકી ગયા અઠવાડિયે આપી હતી.

યુરોપના ટોચના વાઈન ઉત્પાદકોનું માનવું છે કે આને કારણે ભાવમાં વધારો થશે જે વાઈનના નાના ઉત્પાદકોની મુશ્કેલી વધારશે.

અમેરિકા સાથે વેપારના આદાનપ્રદાનમાં હાલ આ મુદ્દો વિવાદનું મુખ્ય કારણ બન્યો છે.

યુરોપના વાઈન ઉત્પાદકોનું માનવું છે કે ટ્રમ્પના આ નિર્ણયને કારણે અમારો બિઝનેસ બંધ પડી જશે અને એ બાબત અમારા માટે ઘાતક પુરવાર થશે. અમેરિકાને વાઈનની નિકાસ કરતા પાંચ મુખ્ય દેશમાં ઈટલી, ફ્રાન્સ અને સ્પૅનનો સમાવેશ થાય છે.

ફ્રાન્સ દર વરસે અમેરિકાને ૪.૩ અબજ, ઈટલી ૨.૨ અબજ ડૉલરની વાઈન-શૅમ્પેઈનની નિકાસ કરે છે. જો ૨૦૦ ટકા કરવેરો લાદવામાં આવશે તો અમારો બિઝનેસ બંધ થઈ જશે, એમ યુરોપના વાઈન ઉત્પાદકોનું કહેવું છે. (એજન્સી) ■

## મણિપુરના ચુરાચંદપુરમાં સ્થિતિ હજુ પણ તંગ

ઇમ્ફાલ/ચુરાચંદપુરઃ હમાર અને ઝોમી સમુદાયો વચ્ચેની અથડામણના બે દિવસ પછી, જેમાં એક વ્યક્તિનો જીવ ગયો અને ઘણા ઘાયલ થયા હતા, વાહનો રસ્તાઓથી દૂર રહ્યા હતા, શાળા અને ઑફિસની હાજરી ઓછી હતી અને સુરક્ષા દળોએ ગુરુવારે મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં પેટ્રોલિંગ કર્યું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

વધુ હિંસા અટકાવવા સુરક્ષા જવાનોએ બુધવારની આખી રાત ફ્લેગ માર્ચ કરી હતી. મંગળવારે રાત્રે થયેલી અથડામણમાં હમાર સમુદાયના ૫૧ વર્ષીય લાલરોપુઇ પખુઆંગટેનું મોત થયું હતું.

તેને ગોળી વાગતા ઈજા થઈ હતી અને તેને ચુરાચંદપુરની સિલ્મેટ ક્રિશ્ચિયન હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

હમર ઇનપુઇના જનરલ સેક્રેટરી રિચાર્ડ હમાર પર રવિવારે કેટલાક ઝોમી લોકો દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ બે જાતિઓ વચ્ચેની અથડામણો શરૂ થઈ હતી, જેના કારણે બીજા દિવસે જિલ્લામાં હિંસા ભડકી હતી અને કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો.

દરમિયાન, રાહત શિબિરોમાં રહેલા કુકી સમુદાયના ઘણા વિસ્થાપિત લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. ચુરાચંદપુર નગર મુખ્યત્વે ઝોમી લોકોનું ઘર છે, કેટલાક વિસ્તારોમાં હમાર અને કુકી સમુદાયો પણ વસે છે.

બુધવારે ચુરાચંદપુર જિલ્લામાં એક વિદ્યાર્થી સંગઠન દ્વારા બંધ લાદવામાં આવ્યાના કલાકો પછી, ધારાસભ્યોના જૂથ અને આદિવાસી સંગઠનોએ અલગથી શાંતિ માટે અપીલ કરી હતી.

એક સંયુક્ત નિવેદનમાં, ચુરાચંદપુર જિલ્લામાં સ્થિત ઓછામાં ઓછા ૧૨ કુકી-ઝોમી અને હમાર સંગઠનોએ સમુદાયો વચ્ચે શાંતિ માટે હાકલ કરી છે અને પરિસ્થિતિ પર દેખરેખ રાખવા અને ભવિષ્યમાં ગેરસમજને રોકવા માટે સંયુક્ત શાંતિ સમિતિ બનાવવા માટે સંમત થયા છે. ■

## યુપી સરકારે ૨૦૧૭થી લેન્ડ માફિયાઓ પાસેથી ૬૪૦૦૦ એકર જમીન હસ્તગત કરીઃ યોગી

બહરાઇચઃ મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ગુરુવારે જણાવ્યું હતું કે તેમની સરકારે ૨૦૧૭થી ઉત્તર પ્રદેશમાં જમીન માફિયા વિરોધી ટાસ્કફોર્સ દ્વારા જમીન માફિયાઓ સામેની કાર્યવાહીના પરિણામે ૬૪૦૦૦ એકર ગેરકાયદેસર રીતે કબજે કરેલી જમીન પરત મેળવી છે. આ સાથે ૩૩ લાખ પેન્ડિંગ મહેસૂલ સંબંધિત કેસોનું નિરાકરણ કર્યું છે, જેનાથી હજારો નાગરિકોને રાહત મળી છે.

મિહીપુરવા (મોતીપુર)માં નવા તહેસીલ બિલ્ડિંગના ઉદઘાટન પ્રસંગે બોલતા, તેમણે જમીન સંબંધિત બાબતોમાં ન્યાય અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે એક કાર્યક્ષમ વહીવટીતંત્રના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

આદિત્યનાથે નોંધ્યું હતું કે ૨૦૧૭ પહેલા, ઉત્તર પ્રદેશમાં ૩૩ લાખથી વધુ વણઉકેલાયેલા મહેસૂલ વિવાદો હતા, જેમાં જમીન પરિવર્તન, સીમાંકન અને વપરાશના અધિકારોના કેસનો સમાવેશ થાય છે. ''આવો બેકલોગ વારંવાર વિવાદો, હિંસા અને ગેરકાયદેસર જમીન પચાવી પાડવા તરફ દોરી જાય છે, જે સામાન્ય નાગરિકો માટે જીવન મુશ્કેલ બનાવે છે,'' એમ તેમણે કહ્યું હતું.

''અગાઉની સરકારોએ ભ્રષ્ટાચાર અને અપ્રમાણિકતાને ખીલવા દીધી હતી, ગરીબોને ન્યાયની આશા વિના છોડી દીધા હતા. જો કે, અમે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટથી લઈને તહેસીલદાર અને મહેસૂલ અધિકારીઓ સુધીના તમામ વહીવટી સ્તરે કેસોના નિરાકરણ માટે કડક સમયમર્યાદા નક્કી કરી હતી, જવાબદારી સુનિશ્ચિત કરી હતી.''

તેમણે એ પણ ધ્યાન દોર્યું હતું કે સુધારેલ કાયદો અને વ્યવસ્થા સાથે ઉત્તર પ્રદેશ રોકાણ માટેનું મુખ્ય સ્થળ બની ગયું છે.

આદિત્યનાથે ભાર મૂક્યો હતો કે ઇન્ટરનેટ કનેક્ટિવિટી સાથે ગ્રામ સચિવાલયોની સ્થાપના દ્વારા ગ્રામ-સ્તરનું શાસન મજબૂત કરવામાં આવ્યું છે. ■

## આસામમાં ધોરણ નવનું અંગ્રેજીનું પેપર લીક થતાં વાર્ષિક પરીક્ષા રદ

બારપેટાઃ આસામના બારપેટા જિલ્લામાં ગુરૂવારે યોજાનારી ધોરણ નવની અંગ્રેજીની વાર્ષિક પરીક્ષા સોશિયલ મીડિયા પર પ્રશ્નપત્ર લીક થયા બાદ રદ કરવામાં આવી હતી. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

બારપેટા સ્કૂલ ઇન્સ્પેક્ટર રતુલ કુમાર દાસે જિલ્લાની તમામ શાળાના વડાઓને આદેશ જારી કરીને પરીક્ષા રદ કરવાની જાણકારી આપી હતી. પરીક્ષાની નવી તારીખ પછીથી જાહેર કરવામાં આવશે. તેમણે આદેશમાં જણાવ્યું કે હું તમને જણાવવા માગુ છું કે ૨૦ માર્ચે યોજાનારી ધોરણ ૯ની વાર્ષિક પરીક્ષાનું અંગ્રેજીનું પેપર અનિવાર્ય કારણોસર મુલતવી રાખવામાં આવ્યું છે.

આ દરમિયાન જિલ્લા સ્તરની આંતરિક પરીક્ષા સમિતિના એક અધિકારીએ જણાવ્યું કે તેમને બુધવારે સાંજે પેપર લીક થયાની જાણ થઇ હતી. તેમણે કહ્યું કે અમને શંકા છે કે પેપર સોશિયલ મીડિયા પર વાયરલ થયું છે. અમે બધા દાવાઓની પુષ્ટિ કરી રહ્યા છીએ. અમે કોઇ જોખમ લઇ શકીએ નહીં અને પરીક્ષા રદ કરી દેવામાં આવી છે. ■



**વિરોધઃ**
દિલ્હીમાં ગુરુવારે સંસદના બજેટ સત્ર દરમિયાન સંસદીય મતદાર ક્ષેત્રના સીમાંકનના મુદ્દે તમિળનાડુના સાંસદોએ 'ફૅર ડિલિમિટેશન, તમિળનાડુ વીલ ફાઈટ, તમિળનાડુ વીલ વિન' સૂત્રો ધરાવતું ટી-શર્ટ પહેરીને વિરોધ નોંધાવ્યો હતો. (એજન્સી)

## ઓડિશામાં ગરમીને પગલે તમામ શાળાઓમાં સવારના વર્ગો શરૂ કરવાનો આદેશ

ભુવનેશ્વરઃ ઓડિશા સરકારે ગરમીને પગલે બીજી એપ્રિલથી તમામ શાળાઓમાં સવારના વર્ગો શરૂ કરવાની જાહેરાત કરી છે. બુધવારે પત્રકારો સાથે વાત કરતાં આપત્તિ વ્યવસ્થાપન પ્રધાન સુરેશ પૂજારીએ જણાવ્યું કે ચાલી રહેલી શાળાની પરીક્ષાઓ ૨૭ માર્ચે સમાપ્ત થશે અને ત્યારબાદ બીજી એપ્રિલથી વર્ગો શરૂ થશે. તેમણે કહ્યું કે ઉનાળા દરમિયાન આંગણવાડી કેન્દ્રો પણ સવારે ૭ થી ૯ વાગ્યા સુધી કાર્યરત રહેશે. રાજ્યભરમાં ઘણી જગ્યાએ તાપમાન એક મહિના અગાઉ સામાન્ય કરતાં વધવા લાગ્યું છે. પૂજારીએ જણાવ્યું કે બૌધ, સંબલપુર, ઝારસુગુડા, બારગઢ, બોલંગીર અને સુંદરગઢ જેવા જિલ્લાઓમાં લોકો ગરમીનો સામનો કરી રહ્યા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ ભેજવાળું વાતાવરણ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇને અમે વિવિધ વિભાગો અને જિલ્લા કલેક્ટરોને ગરમીનો સામનો કરવા માટે આગોતરા પગલાં લેવા નિર્દેશ જારી કર્યા છે. તેમણે કહ્યું કે કલેક્ટરોને સરકારની મંજૂરીની રાહ જોયા વિના સ્થાનિક જરૂરિયાતો અનુસાર જરૂરી પગલાં લેવાનો અધિકાર આપવામાં આવ્યો છે. ■



**કાર્યવાહીઃ**
આંદોલન કરી રહેલા ખેડૂતોને પતિયાલા જિલ્લાના શંભુ સરહદી વિસ્તારમાંથી અન્યત્ર ખસેડવાની ઝુંબેશ દરમિયાન પંજાબ પોલીસે બુધવારે રાત્રે કામચલાઉ માળખાને તોડી પાડવા બુલડોઝરનો ઉપયોગ કર્યો હતો. (એજન્સી)

## બેંગલુરુ એરપોર્ટ પર ઘાનાના નાગરિક પાસેથી ત્રણ કિલોથી વધુ કોકેઈન પકડાયું

બેંગલુરુઃ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સે (ડીઆરઆઈ) બેંગલુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઘાનાના નાગરિક પાસેથી ત્રણ કિલોથી વધુ કોકેઈન જપ્ત કર્યું હતું, એમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

''ડીઆરઆઈએ બેંગલુરુ એરપોર્ટ પર ઘાનાના નાગરિક પાસેથી ૩.૧૮૬ કિલો કોકેઈન જપ્ત કર્યું છે; એકની ધરપકડ કરવામાં આવી છે,'' એમ ડીઆરઆઈએ તેની વેબસાઇટ પર જણાવ્યું હતું.

જો કે, તેણે ૧૮ માર્ચે આ સંબંધમાં ધરપકડ કરાયેલી ઘાનાની મહિલાની ઓળખ જાહેર કરી નથી. જપ્ત કરાયેલા કોકેઈનની કિંમત પણ જાણી શકાઈ નથી. ■

# ચોમાસુ સિઝનમાં રાજયના ૨.૭૩ લાખ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ૧૨.૨૩ લાખ મેટ્રિક ટન મગફળીની ખરીદી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડૂતોને તેમના પાકના પૂરતા ભાવ મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪થી ખેડૂતો પાસેથી વિવિધ જણસી ટેકાના ભાવે ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ માટે ભારત સરકાર દ્વારા કુલ ૨૩ પાકો નક્કી કરવામાં આવ્યા છે. તેમાં ગુજરાતમાં ૧૫ જણસી જેવી કે બાજરી, જુવાર, કપાસ, મગ, તલ, ચણા, રાઈ, શેરડી, મગફળી વગેરેનો સમાવેશ થાય છે.

આ વ્યવસ્થાના ભાગરૂપે ગત ચોમાસું સિઝનમાં ગુજરાત સરકારે રાજ્યના ૨.૭૩ લાખથી વધુ ખેડૂતો પાસેથી અંદાજે ૧૨.૨૩ લાખ મેટ્રિક ટનથી વધુ મગફળી ટેકાના ભાવે ખરીદીને પૂરતા ભાવ આપ્યા છે તેમ ગુરુવારે વિધાનસભામાં ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું.

કૃષિપ્રધાન રાઘવજી પટેલે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, ચોમાસું સિઝન ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખેડૂતોને પ્રતિ ૨૦ કિલોએ રૂા. ૩૫૦ જેટલો ભાવવધારો આપવામાં આવ્યો છે. આ ઉપરાંત શિયાળુ સિઝનમાં થતા ચણા, રાયડો, ઘઉં વગેરેનો પૂરતો ભાવ મળી રહે અને નુકસાન ના થાય તે માટે અગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

વધુમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ટેકાના ભાવે ડાંગર પ્રતિ ક્વિન્ટલે રૂા. ૨,૩૨૦, બાજરી રૂા. ૨,૬૨૫, જુવાર રૂા. ૩,૩૭૧, મકાઈ રૂા. ૨,૨૨૫, તુવેર રૂા. ૭,૭૫૦, મગ રૂા. ૮,૬૮૨, અડદ રૂા. ૭,૪૦૦ તેમ જ મગફળી પ્રતિ ક્વિન્ટલે રૂા. ૬,૭૮૨ના ભાવે ખરીદવામાં આવી છે જેમાં ગત વર્ષ કરતાં અંદાજે ક્વિન્ટલ દીઠ રૂા. ૨૦૦ થી ૨૫૦ જેટલો વધારો કરવામાં આવ્યો છે.

રાઘવજી પટેલે પેટા પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું હતું કે, સંપૂર્ણ વૈજ્ઞાનિક પદ્ધતિથી ટેકાના ભાવ નક્કી કરવામાં આવે છે. જેમાં કૃષિ યુનિવર્સિટી દ્વારા એગ્રો ક્લાઈમેટ ઝોન મુજબ તાલુકાની પસંદગી કરવામાં આવે છે. આમાં તાલુકા દીઠ ૩ ગામોનું ક્લસ્ટર બનાવીને વિવિધ ૧૨ ખેડૂતોની પસંદગી કરવામાં આવે છે. જેમાં ખેડૂત પાસેથી વાવણીથી ઉત્પાદન સુધીના ખર્ચની વિગતો મેળવવામાં આવે છે. આ ઉત્પાદન દરમિયાન થયેલ ખર્ચમાં ૫૦ ટકાનો વધારો કરીને ટેકાના ભાવ નક્કી કરવામાં આવે છે.

# ગુજરાતમાં અસામાજિક તત્ત્વોનાં ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવવાની કામગીરી શરૂ કરી દેવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના વસ્ત્રાલમાં અસામાજિક તત્ત્વોની દાદાગીરી બાદ તંત્ર અને સરકાર દ્વારા કડક કાર્યવાહીના આદેશ આપવામાં આવ્યા છે. રાજ્યની પોલીસે રાજ્યભરમાં ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કુલ ૭૬૧૨ શખસોની યાદી તૈયાર કરી જુદી જુદી જગ્યાએ ડિમોલિશનની પ્રક્રિયા હાથ ધરી હતી. અમદાવાદ, ભાવનગર, જામનગર સહિતનાં અનેક શહેરમાં ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફેરવવાની કામગીરી શરૂ કરાઈ હતી. અમદાવાદના સરખેજ, સરદારનગર, દરિયાપુરમાં મનપસંદ જીમખાના સહિતના વિસ્તારોમાં પોલીસતંત્ર અને કૉર્પોરેશનના અધિકારીઓની હાજરીમાં ડિમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં કુખ્યાત મનપસંદ જીમખાના, છારાનગર અને શાહીબાગ વિસ્તારમાં કુખ્યાત કિશોર લંગડાના પુત્ર દિલીપ રાઠોડનું ગેરકાયદે બાંધકામ તોડી પડાયું હતું. સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાય પણ મેદાનમાં ઊતરી ગયા હતા. તેમણે દરિયાપુર મનપસંદ જીમખાના કલબના બિલ્ડિંગ અંગેની સમગ્ર માહિતી નિર્લિપ્ત રાયે મેળવી હતી.મનપસંદ જીમખાના ક્લબમાં પણ ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. તે ઉપરાંત શહેરના સરખેજ વિસ્તારમાં લિસ્ટેડ બુટલેગર બાબુ રાઠોડનું ગેરકાયદે બાંધકામ તોડી પડાયું હતું. બાબુ રાઠોડ સામે ડ્રગ્સ, મારામારી સહિત ૨૩ ગુનાઓ નોંધાયા છે. જામનગર શહેરના કાલાવડ નાકા બહાર નજીક નદીના પટમાં થયેલ ગેરકાયદેસર દબાણોને દૂર કરવાની કામગીરી શરૂ કરાઈ હતી. રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ પોલીસે અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરવામાં આવી છે.

# ઘઉંની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીની સમયમર્યાદા લંબાવાઈ: સરકારે પ્રતિ ક્વિન્ટલ ₹ ૨૪૨૫ ભાવ જાહેર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ખેડૂતો પાસેથી ઘઉંની ટેકાના ભાવે ખરીદીનો ગત ૧૭ માર્ચથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભારત સરકારે ઘઉં માટે ટેકાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ ૨૪૨૫ જાહેર કર્યો હતો. હવે આ ભાવથી ગુજરાત રાજ્ય નાગરિક અન્ન પુરવઠા નિગમ દ્વારા આ ખરીદી કરવામાં આવી રહી છે. લઘુતમ ટેકાના ભાવે ઘઉંનું વેચાણ કરવા ઇચ્છુક ખેડૂતો માટે ઑનલાઈન નોંધણીપ્રક્રિયા ગત તા. ૦૧ માર્ચથી તા. ૧૬ માર્ચ દરમિયાન હાથ ધરવામાં આવી હતી. ગુજરાતના હજુ પણ કેટલાક ખેડૂતોએ નોંધણી કરાવવાની બાકી રહી જતાં રાજ્ય સરકારે નોંધણીની સમયમર્યાદા પાંચ એપ્રિલ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો હતો. બાકી રહી ગયેલા ખેડૂતો બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા ગ્રામ્ય કક્ષાએથી જ ઑનલાઈન નોંધણી કરાવી શકશે. ગ્રામ્ય કક્ષાએથી ઑનલાઈન નોંધણી માટે ખેડૂત મિત્રોએ આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો, ૭/૧૨, ૮/અ તેમ જ પાક વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/ અમાં ન થઈ હોય તો તલાટીના સહીસિક્કાવાળો દાખલો, ખેડૂતના નામના બૅન્ક ખાતાની બૅન્ક પાસબૂકની નકલ અથવા કૅન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. ટેકાના ભાવે ખરીદી માટે ઑનલાઈન નોંધણી કરાવેલા ખેડૂતોને એસએમએસ મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે.

# ગુજરાતમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨,૮૦૮ શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયા ચાલુ: રાજ્ય સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શિક્ષણપ્રધાન કુબેરભાઈ ડિંડોરે વિધાનસભામાં જણાવ્યું હતું કે, રાજ્યના વિદ્યાર્થીઓને શાળામાં ગુણવત્તાયુકત શિક્ષણ આપવામાં આવે છે. જેના માટે વર્ષ ૨૦૨૨માં ૫,૬૫૨ શિક્ષણ સહાયકોની ભરતી પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨,૮૦૮ શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયા હાલ ચાલી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૯૧ સરકારી માધ્યમિક શિક્ષણ, ૧૨૩ ગ્રાન્ટેડ માધ્યમિક શાળા તથા ૧૨૩ ખાનગી માધ્યમિક શાળાઓ હાલ કાર્યરત છે. રાજકોટમાં ૪૩ સરકારી માધ્યમિક શિક્ષણ, ૧૬૨ ગ્રાન્ટેડ માધ્યમિક શાળા, ૪૩૨ ખાનગી માધ્યમિક શાળાઓ કાર્યરત છે. પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, નવી સરકારી માધ્યમિક શાળા આપવા માટે રાજ્ય સરકાર દ્વારા શાળાદીઠ રૂા.૩.૧૫ કરોડ ખર્ચ કરવામાં આવે છે. જેમાંથી વર્ગખંડ, વૈકલ્પિક વિષય માટે વર્ગ ખંડ,આચાર્ય ખંડ, સ્ટાફ રૂમ, કાર્યાલય, પ્રયોગશાળા, કમ્પ્યુટર પ્રયોગશાળા, લાઈબ્રેરી, વિદ્યાર્થીની રૂમ, સ્ટાફ માટે, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે અલગ શૌચાલયની સુવિધા અને વોટર રૂમ આમ કુલ ૧૦ ઓરડાઓ અને કુમાર-કન્યાઓ તથા વિકલાંગો માટે અલાયદા શૌચાલય તથા વોટર રૂમ જેવી ભૌતિક સવલતો ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સરકારી માધ્યમિક અને આરએમએસએ માધ્યમિક શાળા શરૂ કરવાની નીતિ અંતર્ગત કેન્દ્ર સરકારના ૬૦ ટકા અને રાજ્ય સરકારના ૪૦ ટકા ખર્ચથી નવી શાળાઓ મંજૂર કરાય છે. આરએમએસએ યોજનાની શાળાઓ શરૂ થઈ શકે તેમ ન હોય તેવા વિસ્તારોમાં રાજ્ય સરકારના ખર્ચથી નવી સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરે છે.

# સાયબર ફ્રોડની શંકાથી બૅન્ક એકાઉન્ટ સીઝ કરી દેવાતાં સુરતના ૩૨ હીરા વેપારીઓના ₹ ૧૦૦ કરોડ ફસાયા

અમદાવાદઃ સાયબર ફ્રોડના રૂપિયા ટ્રાન્સફર થયા હોવાની શંકાના આધારે હૈદરાબાદ અને બેંગ્લુરુ પોલીસે સુરત શહેરના ૩૨ જેટલા હીરા વેપારીઓનાં બૅન્ક એકાઉન્ટ સીઝ કરી દીધાં હતાં. જેમાં હીરા વેપારીઓના અંદાજિત ૧૦૦ કરોડ રૂપિયા હાલમાં ફસાઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું. વારંવાર આ પ્રકારે એકાઉન્ટ સીઝ થઈ જતાં હોવાથી વેપારીઓ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને રજૂઆત કરશે. વેપારીઓએ જણાવ્યું હતું કે, સાયબર ફ્રોડના રૂપિયા ટ્રાન્સફર થવાની શંકાના આધારે એકાઉન્ટ સીઝ થવાથી વેપારીઓને હેરાનગતિનો સામનો કરવો પડે છે. જેનો કેન્દ્ર સરકાર ઉકેલ લાવે તે જરૂરી છે. ગત સપ્ટેમ્બર મહિનામાં પણ મહારાષ્ટ્ર સહિતનાં રાજ્યોની પોલીસ દ્વારા સુરતના હીરા અને જ્વેલરીના વેપારીઓનાં ૫૦ જેટલાં બૅન્ક એકાઉન્ટ સીઝ કરી દેવાયાં હતાં. આ દરમિયાન સુરત શહેરની એક કંપનીએ હૈદરાબાદ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો, જેમાં કોર્ટે આદેશ કર્યો હતો કે, પોલીસ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે તેમાં સમગ્ર એકાઉન્ટ સીઝ કરી દેવામાં આવે છે, પરંતુ જેટલી રકમ સાઈબર ફ્રોડ દ્વારા ટ્રાન્સફર થઈ હોય તેટલી જ રકમ સીઝ કરવા માટે પોલીસે જે-તે બૅન્કને સૂચના આપવી જોઈએ.

ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટના ચૅરમૅન દિનેશ નાવડિયાએ કહ્યું હતું કે, ગત વખતે ૫૦ વેપારીઓનાં ખાતાં સીઝ થયાં હતાં, પરંતુ ફરી એકસાથે ૩૨ ખાતાં સીઝ કરાયાં છે. અમારી કંપનીનું પણ ખાતું સીઝ થયું છે. જેથી હવે ગૃહપ્રધાન અમિત શાહને રજૂઆત કરીશું. સપ્ટેમ્બરમાં ૫૦ એકાઉન્ટ સીઝ થયાં હતાં ત્યારે શહેરના વેપારીઓના અંદાજિત ૫૦૦ કરોડ રૂપિયા ફસાઈ ગયા હતા.

# રાજ્યમાં ૧૪ મહિનામાં ૨,૯૮૭ નવી એસટી બસો શરૂ કરાઈઃ આગામી વર્ષે વધુ ૨,૦૫૦ બસો કાર્યરત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભા ગૃહ ખાતે વાહનવ્યવહાર વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચામાં કૅબિનેટ પ્રધાન હર્ષ સંઘવીએ પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત એસ.ટી નિગમે ટેકનોલૉજી આધારિત અનેક નવા આયામો શરૂ કર્યા છે. જેમાં ગુજરાતના બસ ડેપો અને બસ સ્ટેશનોને વધુ અદ્યતન બનાવવામાં આવ્યાં છે.

નાગરિકોને છેવાડાનાં ગામો સુધી પહોંચવા માટે સમયસર બસો ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રતિમાસ ૨૦૦ નવી બસ એટલે કે, દરરોજ ૬ નવી બસો નાગરિકોની સેવામાં કાર્યરત કરવામાં આવે છે. માત્ર છેલ્લા ૧૪ માસમાં જ ૨,૯૮૭ નવીન બસો પ્રજાની સેવામાં મૂકવામાં આવી છે. આ ઉપરાંત પરિવહનને વધુ કાર્યક્ષમ અને વેગવંતુ બનાવવા માટે અનેક નવા રૂટ પણ શરૂ કરવામાં આવ્યા છે. આગામી વર્ષે પ્રજાની સેવામાં નવી ૨,૦૫૦ બસો કાર્યરત કરાશે.

તેમણે ઉમેર્યું હતું કે, સ્વચ્છ અને ઝડપી નવીન બસો સંચાલનમાં મૂકવાથી અગાઉ દૈનિક ૨૫ લાખ મુસાફરો સરકારી બસોનો લાભ લેતા હતા, તેમાં દૈનિક ૨ લાખ મુસાફરોનો ઐતિહાસિક વધારો થતાં હવે દૈનિક ૨૭ લાખ મુસાફરો આ સેવાનો લાભ લે છે. પ્રયાગરાજ ખાતે યોજાયેલા મહાકુંભમાં ગુજરાતના શ્રદ્ધાળુઓ નિર્વિઘ્ને સંગમમાં પવિત્ર સ્નાન કરી શકે તે માટે એક આયોજન કર્યું હતું. એક જ મહિનામાં રાજ્યનાં શહેરોમાંથી ૨૪ એસી વોલ્વો બસ થકી ૧૪૦ ટ્રિપ દ્વારા ૬,૦૦૦ જેટલા શ્રદ્ધાળુઓએ પવિત્ર મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવી હતી.

એસ.ટી. નિગમની વિવિધ કક્ષામાં ભરતીના સંકલ્પ સામે માત્ર એક જ વર્ષમાં વિવિધ કક્ષામાં ૭,૩૨૬ જગ્યા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આગામી વર્ષમાં ૨૦૦ નવી પ્રિમિયમ બસ શરૂ કરવા માટે રૂા. ૩૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વાહન વ્યવહાર પ્રભાગની રૂા. ૩૫૭૯.૦૭ કરોડની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભા ગૃહ ખાતે પસાર કરવામાં આવી હતી.

# ગાંધીનગરમાં વિધાનસભાનો ઘેરાવ કરે તે પહેલાં જ ૫૦૦ જેટલા આરોગ્ય કર્મચારીઓની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારીઓએ પડતર માગણીઓ મુદ્દે આંદોલન શરૂ કર્યું છે. ૧૭ માર્ચથી અચોકસ મુદતની હડતાળ પર ઊતરેલા આરોગ્ય કર્મચારીઓ ગુરુવારે ગાંધીનગરમાં મુખ્ય પ્રધાનને મળવા પહોચ્યા હતા. આ કર્મચારીઓ વિધાનસભાનો ઘેરાવ કરે તે પહેલાં જ પોલીસે કાર્યવાહી શરૂ કરી પાંચસો કર્મચારીઓની અટકાયત કરી હતી. આ આંદોલનને પગલે ગાંધીનગરને પોલીસછાવણીમાં ફેરવી દેવાયું હતું.

આરોગ્ય કર્મચારીઓના આંદોલન અને હડતાળને કારણે આરોગ્ય સેવાઓ ખોરવાઈ જવાની શક્યતાને આધારે સરકારે એસ્મા એક્ટ લાગુ કરી દીધો હતો. આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, આરોગ્ય કર્મચારીઓની આ હડતાળ ગેરવાજબી છે. જો કર્મચારીઓ વહેલી તકે હડતાળ નહીં સમેટે તો હવે સરકાર કડક પગલાં લેશે.

પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારીઓની મુખ્ય માંગોમાં મલ્ટિપર્પઝ હેલ્થ વર્કર, મહિલા આરોગ્ય કર્મીઓ અને જિલ્લા કક્ષાના આરોગ્ય સુપરવાઈઝર કેડરનો ટેક્નિકલ કેડરમાં સમાવેશ અને ગ્રેડ-પે સુધારણા સામેલ છે. ખાતાંકીય પરીક્ષામાંથી મુક્તિની માગ પણ કરવામાં આવી છે. જેની અનેક વખત રજૂઆતો કરાઈ હોવા છતાં સરકાર તરફથી કોઈ હકારાત્મક પ્રતિસાદ નહીં મળતાં આરોગ્ય કર્મચારીઓએ અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરી હતી.

# ગુજરાતમાં કૃષિ વૈવિધ્યીકરણ યોજના હેઠળ ₹ ૩૮૧ કરોડના ખર્ચે ૧૪ લાખ આદિજાતિ ખેડૂતોને લાભ અપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભામાં કૃષિ વૈવિધ્યીકરણ યોજના વિશે વિગતો આપતાં આદિજાતિ વિકાસ પ્રધાન કુંવરજી હળપતિએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં કુલ ૩૮૧.૩૨ કરોડના ખર્ચે ૧૪,૦૪,૬૨૯ જેટલા આદિજાતિ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો છે.

જે અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં નવસારી જિલ્લામાં કુલ ૮,૨૯૯ જેટલા આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કૃષિ વૈવિધ્યીકરણ યોજનાનો મુખ્ય હેતુ આદિજાતિ ખેડૂતોને આધુનિક ઢબે ખેતી કરવા અને તેમને પ્રોત્સાહિત કરી ખેત ઉત્પાદન વધારી આદિજાતિ પરિવારની આવકમાં વધારો કરવાનો છે. કૃષિ વૈવિધ્યીકરણ યોજના હેઠળ આદિજાતિ વિકાસ વિભાગની વી.કે.વાય.૧૯ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ચાલુ બાબત તરીકે દર વર્ષે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

ભારત સરકાર દ્વારા આર્ટિકલ ૨૭૫(૧) અંતર્ગત પણ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આદિજાતિ સમાજના ખેડૂતોના હિતમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩થી કૃષિ વૈવિધ્યીકરણ યોજનાનું અમલીકરણ શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારની નવી બાબત હેઠળ સ્થાયીરૂપે વર્ષ ૨૦૧૮-૧૯માં આદિજાતિ વિકાસ વિભાગ મારફત કૃષિ વૈવિધ્યીકરણ યોજનાને અમલી બનાવવામાં આવી છે.

# ગુજરાતમાં વિશ્વકર્મા યોજના હેઠળ ૩૭૭૮૫ લાભાર્થીઓની ₹ ૩૪૧ કરોડની લોન મંજૂર કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લઘુ અને મધ્યમ ઉદ્યોગ રાજ્ય પ્રધાન જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું છે કે, પરંપરાગત રીતે કામ કરતા કારીગરોને આર્થિક રીતે સદ્ધર બનાવી પરંપરાગત વ્યવસાયોને પ્રોત્સાહન આપવા દેશના લાખો કારીગરો માટે શરૂ કરાયેલી વિશ્વકર્મા યોજના આશીર્વાદ રૂપ પુરવાર થઈ રહી છે. રાજ્યના ૩૭,૭૮૫ લાભાર્થીઓ માટે આ યોજના માટે રૂપિયા ૩૪૧ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે. જેમાં જેમાં ૨૫,૭૬૨ લાભાર્થીને રૂપિયા ૨૨૫ કરોડની સહાયનું વિતરણ કરાયું છે.

લઘુ અને મધ્યમ ઉદ્યોગ રાજ્ય પ્રધાન વિશ્વકર્માએ કહ્યું કે વિશ્વકર્મા યોજનામાં પરંપરાગત રીતે કામ કરતા કારીગરોને હેન્ડ ટુ હેન્ડ સહાય પૂરી પાડવામાં આવે છે. સફળ રજિસ્ટ્રેશન બાદ લાભાર્થીને પીએમ વિશ્વકર્મા સર્ટિફિકેટ અને આઈડી કાર્ડ, કૌશલ્ય ચકાસણી પછી, લાભાર્થીઓને ઈ-વાઉચર સ્વરૂપે રૂા. ૧૫,૦૦૦/- ની ટૂલકિટનો લાભ. લાભાર્થીઓને દૈનિક રૂા. ૫૦૦/- ના સ્ટાઈપન્ડ સાથે બેઝિક કૌશલ્ય તાલીમ અપાય છે. બેઝિક કૌશલ્ય તાલીમ બાદ લાભાર્થીને ૧૮ મહિનાની મુદત સાથે ૧ લાખ સુધીની કોલેટરલ ફ્રી લોન ૫ ટકાના દરે મળવા પાત્ર છે.

તેમણે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, જે કુશળ લાભાર્થીઓ સ્ટાન્ડર્ડ લોન એકાઉન્ટ જાળવશે અને જેમણે ડિજિટલ વ્યવહારો અપનાવ્યા છે અથવા એડવાન્સ કૌશલ્ય તાલીમ લીધી છે તેઓ ૩૦ મહિનાના સમયગાળા સાથે ૨ લાખ સુધીની બીજી લોન એ પણ ૫ ટકાના રાહત દરે મળવા પાત્ર છે. કારીગરો ડિજિટલ ટ્રાન્ઝેક્શન ઇન્સેન્ટિવ્સ દ્વારા પ્રતિ ટ્રાન્ઝેક્શન દીઠ રૂા. ૧, દર મહિને ૧૦૦ વ્યવહારોની મહત્તમ મર્યાદા સુધી આપવામાં આવશે.

# જળસંપત્તિ વિભાગમાં ૪૫૦ યુવાનોને નિમણૂકપત્રો અપાયાંઃ વર્ક આસિસ્ટન્ટની વધુ ૬૦૦ જગ્યાઓ માટે પ્રક્રિયા હાથ ધરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના જળસંપત્તિ વિભાગમાં નવી નિમણૂક મેળવનાર યુવાઓને કર્તવ્ય પાલન અને ફરજ નિષ્ઠાથી સેવારત રહેવા આહ્વાન કર્યું હતું. આ અવસરે ૪૫૦થી વધુ યુવાઓને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, રાજ્ય સરકારે વિવિધ વિભાગોમાં રહેલી ખાલી જગ્યાઓ સમયબદ્ધ અને ઝડપી રીતે ભરવાનું આયોજન કરી લીધું છે. આ હેતુસર દસ વર્ષીય ભરતી કૅલેન્ડર સરકારે બનાવ્યું છે અને ૨૦૨૫ના વર્ષમાં જ વધુ ૬૦૦ વર્ક આસિસ્ટન્ટની જગ્યાઓ ભરવા માટેની જાહેરાત સહિતની પ્રક્રિયા તબક્કાવાર કરવામાં આવશે.

તેમણે નવી નિમણૂક પામી રહેલા વર્ક આસિસ્ટન્ટ યુવાઓને શીખ આપતાં જણાવ્યું કે, તેમની પાસે આવનારી વ્યક્તિ કે અરજદારને સાંભળીને તેની સમસ્યા-પ્રશ્નનું નિવારણ ઝડપથી થાય તેવો પ્રો-એક્ટિવ એપ્રોચ રાખવો જરૂરી છે. સૌ એકબીજાના પૂરક બનીને કાર્ય કરીશું તો કાર્ય આનંદ સાથે આત્મસંતોષ પણ મળશે.

# વર્ષ ૨૦૨૪માં દેશ-વિદેશના ૧૮.૬૩ કરોડ પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભા ગૃહ ખાતે પ્રવાસન પ્રધાન મૂળુભાઈ બેરા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રવાસન વિભાગની ૨૦૪૫.૬૨ કરોડ, જ્યારે યાત્રાધામ માટે રૂા. ૪૬૨.૨૭ કરોડ મળી કુલ ૨૫૦૭.૮૯ કરોડની માગણીઓ રજૂ કરવામાં આવી હતી. રાજયનું વર્ષ ૨૦૦૧-૦૨માં પ્રવાસન ક્ષેત્રનું બજેટ માત્ર બાર કરોડ રૂપિયાથી ક્રમશઃ વધીને વર્ષ ૨૦૨૫-૨૬માં રૂા. ૨૦૪૫.૬૨ કરોડ સુધી પહોંચ્યું છે. પ્રવાસન પ્રધાન મૂળુભાઈ બેરાએ જણાવ્યું કે વર્ષ ૨૦૨૪માં દેશવિદેશના કુલ ૧૮.૬૩ કરોડ જેટલા પ્રવાસીઓએ રાજ્યનાં વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી. ગુજરાતમાં જ્યાંથી નર્મદાનો પ્રવેશ થાય છે એવા છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના હાફેશ્વર ગામને ભારત સરકારના પર્યટન મંત્રાલય દ્વારા હેરિટેજ કેટેગરીમાં 'શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન સ્પર્ધા-૨૦૨૪' નો એવોર્ડ પ્રાપ્ત થયો છે. તેમણે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, રાજ્યનો પતંગઉદ્યોગ ૭૦૦ કરોડને પાર કરી ગયો છે અને દેશના પતંગ બજારમાં ગુજરાત ૬૫ ટકા હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૦૫માં માત્ર બે દિવસ માટે શરૂ કરાયેલો કચ્છનો રણ ઉત્સવ આજે વિસ્તરીને ૧૨૪ દિવસ સુધીનો થયો છે. ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીમાં લગભગ ૧૦ લાખથી વધુ પ્રવાસીઓએ આ રણોત્સવની મુલાકાત લીધી છે. ગત વર્ષે આઠ મુખ્ય પવિત્ર યાત્રાધામોમાં કુલ ૫.૩૭ કરોડ યાત્રિકોએ દર્શનનો લાભ લીધો છે. ઉત્તર ગુજરાતના ધરોઈ ડેમની આસપાસના ૯૦ કિલોમીટરની ત્રિજ્યાના વડનગર, તારંગા, અંબાજી અને રાણકી વાવ જેવાં પ્રસિદ્ધ સ્થળોને સાંકળીને ધરોઇને પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવા વિવિધ પ્રોજેક્ટ્સની કામગીરી શરૂ કરી છે. બીજી તરફ, એશિયાટિક સિંહોના ઘર એવા ગીર વિસ્તાર, ગીરીમથક સાપુતારાને તથા વર્લ્ડ હેરિટેજ સાઇટ ધોળાવીરાને આઇકોનિક સ્થળ તરીકે વિકસાવીને વિવિધ પ્રવાસી સુવિધાઓ ઊભી થઈ રહી છે. રાજ્યમાં એડવેન્ચર અને સ્પોર્ટ્સ ટુરિઝમ પ્રવૃત્તિઓના આયોજન તથા પ્રમોટ કરવા માટે સાઇકલિંગ, ટ્રેકિંગ, કેમ્પિંગ, રોક ક્લાઈમ્બિંગ, રિવર રાફ્ટિંગ, પેરાગ્લાઇડિંગ, સ્કુબા ડાઇવિંગ, હોટ એર બલૂન રાઇડ્સ, કયાકિંગ, બીચ વોલીબોલ તથા અન્ય એડવેન્ચર અને સ્પોર્ટ્સ ટુરિઝમ પ્રવૃત્તિઓને વેગ આપવા માટે વર્ષ ૨૦૨૫-૨૬માં નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે.

# ખેડૂતોના ₹ 30 કરોડના વળતર પેટે વડોદરા નર્મદા નિગમ કચેરીનાં કૉમ્પ્યુટરો કોર્ટે જપ્ત કર્યાં

અમદાવાદઃ ગુજરાતમાં નર્મદા ડેમના વિસ્થાપિતો માટે જમીન આપનાર ખેડૂતોને વળતર ન ચૂકવનાર સરદાર સરોવર નિગમની વડોદરા સ્થિત કચેરીના સીઈઓ અને કમિશનરની ખુરશી તેમ જ તેમની કચેરીના કૉમ્પ્યુટર સહિતનો સામાન કોર્ટના હુકમથી ગુરુવારે જપ્ત કરવામાં આવતાં ખળભળાટ મચી ગયો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ૧૯૯૦માં સરદાર સરોવર યોજનામાં ડૂબમાં ગયેલાં ગામોના લોકોને વિસ્થાપિત કરવા માટે નર્મદા નિગમ દ્વારા ડભોઇ તાલુકાના ૫૪૧ જેટલા ખેડૂતોની જમીનો સંપાદન કરવામાં આવી હતી. જે તે સમયે રૂપિયા ૫૫ હજાર વિઘા પ્રમાણે વળતર નક્કી થયું હતું અને તે સામે રૂપિયા ૨૩ હજાર વળતર ચૂકવવામાં આવ્યા હતા. દરમિયાન ખેડૂતોએ વધુ વળતર માટે કોર્ટમાં દાવો કર્યો હતો. વધુ વળતર માટે દાવો કરનાર ૫૪૧ ખેડૂતો પૈકી સીમડિયા ગામના એક જ કુટુંબના ૯ ખેડૂતોએ અલગથી ડભોઇ કોર્ટમાં દાવો કર્યો હતો. ૩૫ વર્ષથી ચાલી રહેલા કેસમાં કોર્ટે વળતર ચૂકવવા હૂકમ કર્યો હોવા છતાં નર્મદા નિગમ દ્વારા વળતર નહોતું ચૂકવાયું. કોર્ટે ૯ ખેડૂતોને મળવાપાત્ર રૂપિયા ૩૦ કરોડની વસૂલાત પેટે વડોદરા ખાતેની સરદાર સરોવરની સીઈઓ અને કમિશનરની કચેરીનો સામાન જપ્ત કરવા વૉરન્ટ જારી કર્યું હતું. ત્યાર બાદ જપ્તિમાં સરદાર સરોવર નિગમના સીઈઓ અને કમિશનર અમીત અરોરાની ખુરશી તેમ જ તેમના તાબાની કચેરીનાં ૫ કૉમ્પ્યુટર, ૧૦ ખુરશીઓ ટી.વી. સહિતનો સામાન જપ્ત કરાયો હતો. આ અંગે બેલિફ સંજયભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ખેડૂતોના રૂપિયા ૩૦ કરોડ ઉપરાંતના વળતરના કેસ બાબતે ડભોઇ સિવિલ કોર્ટે સરદાર સરોવર નિગમની કચેરીના સામાન જપ્તિના વૉરન્ટના અમલ અંતર્ગત કમિશનર અમીત અરોરાની ખુરશી તેમ જ અન્ય સામાન જપ્ત કરવામાં આવ્યો છે. ખેડૂતોએ જણાવ્યું હતું કે, ૩૫ વર્ષથી લડત આપી રહ્યા છીએ.

# કૉંગ્રેસે જેટલા બંધારણીય સુધારા કર્યા તે દેશહિતના નહીં, પણ સત્તા પર ટકી રહેવા માટેના હતાઃ ઋષિકેશ પટેલ

અમદાવાદઃ ભારતીય બંધારણ સંદર્ભે ધારાસભ્ય કિરીટસિંહ ડાભી દ્વારા વિધાનસભામાં લાવવામાં આવેલ ''હમારા સંવિધાન હમારા સ્વાભિમાન'' બિન સરકારી સંકલ્પ સંદર્ભે કૅબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ભારતીય સંવિધાન એ આપણો પવિત્ર દસ્તાવેજ છે. આપણું બંધારણ વૈશ્વિક લોકશાહીની સર્વોત્કૃષ્ટ સિદ્ધિ છે.

કૅબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, કૉંગ્રેસે અત્યાર સુધી જેટલા પણ બંધારણીય સુધારા કર્યા તે દેશહિતના નહીં, પરંતુ સત્તા પર ટકી રહેવા માટેના હતા. તેમણે કરેલા ફેરફારો માત્ર સત્તા જાળવવા અને સત્તા પર ટકી રહેવા માટે હતા. કૉંગ્રેસ તેની વંશપરંપરાગતની નીતિમાંથી બહાર નહીં આવે તો તેઓ લોકશાહી નહીં બચાવી શકે. ભારતનું બંધારણ ઘડવાનું નક્કી થયું ત્યારે બંધારણ કોણ ઘડે તે બાબતે પ્રશ્ન ઊભો થયો ત્યારે પંડિત નહેરુએ વિદેશી બંધારણ નિષ્ણાતોનાં નામ સૂચવ્યાં હતાં. જ્યારે ગાંધીજીએ ડૉ. આંબેડકરનું નામ સૂચવ્યું હતું. ડૉ. આંબેડકરે આપણને સૌને ભારતીય મૂલ્યોની વિભાવનાને સમજાવતું, દરેક દેશમાંથી આપણી સંસ્કૃતિ, પ્રકૃતિ, સામાજિક વ્યવસ્થાઓને અનુરૂપ બંધારણ ઘડ્યું છે.

# પર્યાવરણની મંજૂરી વિના ચાલતા કાંદિવલીના મોલને બંધ કરવાનો આદેશ

મુંબઈ: પર્યાવરણીય મંજૂરી ન મેળવવા બદલ એક કાંદિવલીમાંના મોલ સામે બંધ કરવાના નિર્દેશોને માન્ય રાખી બોમ્બે હાઈકોર્ટે નોંધ્યું છે કે આ પ્રકારે મોલ ચલાવવો પર્યાવરણની દૃષ્ટિએ અત્યંત જોખમી છે. ન્યાયમૂર્તિ એમ.એસ. સોનક અને ન્યાયમૂર્તિ જિતેન્દ્ર જૈનની ખંડપીઠે બુધવારે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે અરજદાર કંપની ગ્રૌર અને વેઇલ (ઇન્ડિયા) લિમિટેડ, પોતાને કાયદાથી ઉપર માની પર્યાવરણ પ્રત્યે દરકાર નથી રાખવામાં આવી. તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે અરજદાર કંપનીએ કાયદો પોતાના હાથમાં લીધો છે અને કોઈ પર્યાવરણીય મંજૂરી મેળવ્યા વિના મોલના નિર્માણની કાર્યવાહી આગળ ચલાવી હોવાથી બંધના નિર્દેશોનો તાત્કાલિક અમલ કરવામાં આવે એ જરૂરી છે. મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી)ને બંધ કરવાના નિર્દેશોનો તાત્કાલિક અમલ કરવા નિર્દેશ આપ્યો હતો. હાઈ કોર્ટે મુંબઈ પશ્ચિમ ઉપનગરના કાંદિવલી વિસ્તારમાં મોલનું સંચાલન કરતી ગ્રૌર અને વેઇલ (ઇન્ડિયા) લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. અરજીમાં મહારાષ્ટ્ર એમપીસીબી દ્વારા પાંચમી માર્ચે તેની સામે જારી કરવામાં આવેલા ક્લોઝર નિર્દેશોને પડકારવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

# બાન્દ્રાની ઑફિસમાંથી ૧.૯૦ કરોડના હીરાજડિત દાગીના ચોરનારા પકડાયા

## કાચા હીરા આરોપીને સામાન્ય પથ્થર લાગતાં તેણે લૉકરમાં જ રહેવા દીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સૈફ અલી ખાના ઘરમાં ચોરીને ઇરાદે ઘૂસેલા આરોપીની પદ્ધતિથી જ બાન્દ્રામાં જ્વેલરી બ્રાન્ડની ઑફિસમાં પ્રવેશી લૉકરમાંથી ૧.૯૦ કરોડ રૂપિયાના હીરાજડિત સોનાના દાગીના ચોરવાના કેસમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી ચોરેલી મતા હસ્તગત કરી હતી. લૉકરમાં કરોડો રૂપિયાના કાચા હીરા પણ હતા, પરંતુ સામાન્ય પથ્થર સમજી આરોપીએ તેને ત્યાં જ રહેવા દીધા હતા.

બાન્દ્રા પોલીસે ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ આર્યા પ્રતાપ નાગ ઉર્ફે દીપક ધ્રુવ (૩૧) અને રવીન્દ્ર કુમાર ગુપ્તા ઉર્ફે સલમાન શેખ (૪૬) તરીકે થઈ હતી. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીઓની વધુ પૂછપરછ ચાલી રહી છે.

અભિનેતા સૈફ અલી ખાન પર હુમલો કરનારા આરોપીની જેમ જ આ કેસનો મુખ્ય આરોપી આર્યા નવમી માર્ચની રાતે બાન્દ્રા પશ્ચિમમાં ગુરુ નાનક રોડ પરની ટર્નર હાઈટ બિલ્ડિંગમાં દાદર ચઢીને છઠ્ઠા માળે પહોંચ્યો હતો. બાદમાં પાઈપની મદદથી બારીમાંથી તે ઑફિસમાં ઘૂસ્યો હતો. ઑફિસમાં પ્રવેશતાં જ તેણે સીસીટીવી કૅમેરાની સ્વિચ ઑફ કરી નાખી હતી. જોકે ત્યાં સુધીમાં આરોપી કૅમેરામાં ઝડપાઈ ગયો હતો.

ઑફિસમાં ખાંખાંખોળાં કરતી વખતે આરોપીને લૉકરની ચાવી સરળતાથી મળી ગઈ હતી. લૉકરને બંધ કરી ચાવી બાજુના ટેબલના ડ્રૉઅરમાં મૂકવામાં આવતી હતી. લૉકર ખોલીને આરોપીએ ૧.૯૦ કરોડ રૂપિયાના હીરાજડિત દાગીના ચોર્યા હતા. લૉકરમાં કરોડો રૂપિયાના કાચા હીરા હતા, પરંતુ તે સામાન્ય પથ્થર હોવાનું સમજીને આરોપીએ ચોર્યા નહોતા.

પોલીસના જણાવ્યા મુજબ આઠમી માર્ચની રાતે બંધ કરાયેલી ઑફિસ ૧૦મી માર્ચની સવારે ખોલવામાં આવી ત્યારે ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી. આ પ્રકરણે સમર્થ બજાજની ફરિયાદને આધારે બાન્દ્રા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી મુખ્ય આરોપીને વિશાખાપટ્ટનમથી, જ્યારે તેના સાથીને દક્ષિણ મુંબઈના ચોરબજારમાંથી તાબામાં લેવાયો હતો. આરોપીઓ પાસેથી ચોરીની બધી મતા હસ્તગત કરવામાં પોલીસને સફળતા મળી હતી.

# ગેટ્સ ફાઉન્ડેશન મહારાષ્ટ્ર સરકાર સાથે રાજ્યને મેલેરિયા મુક્ત બનાવવા માટે ભાગીદારી કરશે: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે જણાવ્યું હતું કે ગેટ્સ ફાઉન્ડેશન રાજ્યને મેલેરિયા મુક્ત બનાવવા માટે મહારાષ્ટ્ર સરકાર સાથે ભાગીદારી કરશે. માઇક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સ અને મેલિન્ડા ફ્રેન્ચ ગેટ્સ દ્વારા સ્થાપિત આ સંસ્થા, એક ખાનગી પરોપકારી સંસ્થા છે, જે વૈશ્વિક આરોગ્ય સુધારવા, ગરીબી ઘટાડવા અને શિક્ષણની પહોંચ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મુખ્ય પ્રધાનના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, ફડણવીસે દક્ષિણ મુંબઈના 'સહ્યાદ્રી' ગેસ્ટ હાઉસમાં બિલ ગેટ્સ સાથે મુલાકાત કરી હતી અને બંનેએ આરોગ્ય, કૃષિ અને માળખાગત સુવિધાઓના ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ)ના ઉપયોગ અંગે ચર્ચા કરી હતી. ગેટ્સ હાલમાં ભારતની મુલાકાતે છે. તેઓ આ અઠવાડિયાની પ્રારંભમાં નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય કેન્દ્રીય પ્રધાનોને મળ્યા હતા.

# બીડમાં અમલી થયા જમાવબંધીના આદેશો

છત્રપતિ સંભાજીનગર: મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં પ્રશાસન દ્વારા પરવાનગી સિવાય પાંચથી વધુ વ્યક્તિઓ પર એક જગ્યા એ જમા થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દસમા અને ૧૨મા ધોરણની પરીક્ષાઓ ચાલુ હતી ત્યારે શેરીઓમાં લડાઇ અને નજીવી હિંસાની ઘટનાઓ સંબંધિત વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થયા હતા. તેને ધ્યાનમાં રાખીને ઉક્ત પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો જે બીજી એપ્રિલ સુધી અમલમાં રહેશે, એમ એક અધિકારીએ બુધવારે જણાવ્યું હતું.

## પુણેની આગમાં ચારનાં મોત

# ટેમ્પો ટ્રાવેલરમાં ડ્રાઈવરે જ લગાવી આગ: વેર વાળવા ઘડ્યું કાવતરું

પુણે: પુણેના હિંજવડીમાં ટેમ્પો ટ્રાવેલરમાં લાગેલી આગમાં ચાર જણ ભડથું થઈ જવાની ઘટનામાં તપાસ દરમિયાન પોલીસને ચોંકાવનારી માહિતી હાથ લાગી હતી. કંપનીના કર્મચારીઓ પર ગુસ્સો હોવાથી વેર વાળવાને ઇરાદે ડ્રાઈવરે જ આગ લગાડી હોવાનું તપાસમાં જણાયું હતું. પિંપરી-ચિંચવડના ડીસીપી વિશાલ ગાયકવાડે જણાવ્યું હતું કે તપાસમાં સામે આવેલી માહિતીને આધારે વાહનના ડ્રાઈવર જનાર્દન હંબર્ડેકર વિરુદ્ધ હત્યા અને હત્યાના પ્રયાસનો ગુનો નોંધવામાં આવ્યો હતો. તેણે યોજનાબદ્ધ રીતે કાવતરું ઘડીને તેને અંજામ આપ્યો હોવાનું તપાસમાં જણાયું હતું.

ડ્રાઈવરને ચારથી પાંચ કર્મચારી સાથે વિવાદ થયો હતો. તેનું વેતન પણ અટકાવવામાં આવ્યું હતું. ડ્રાઈવિંગ સાથે તેની પાસેથી મજૂરી જેવાં અમુક કામો કરાવવામાં આવતાં, જેને કારણે તેના મનમાં રોષ ધરબાયેલો હતો. ઘટનાની સવારે કંપનીમાંથી જ્વલનશીલ રસાયણ લાવીને તેણે ડ્રાઈવિંગ સીટ નીચે રાખ્યું હતું. તેની સાથે કાપડના ટુકડા પણ રાખ્યા હતા. ઇરાદાપૂર્વક તેણે આગ લગાડ્યા પછી ડ્રાઈવર વાહનમાંથી ઊતરી ગયો હતો. તેની સાથે ૧૦ કર્મચારીઓ પણ સમયસર વાહનમાંથી ઊતરી જતાં તેમના જીવ બચી ગયા હતા, પરંતુ પાછળનો દરવાજો ન ખૂલતાં ચાર કર્મચારી બળીને મરી ગયા હતા.

# અતિક્રમણ, અનધિકૃત બાંધકામો સામે કાર્યવાહી કરવા સરકાર ગંભીર: માધુરી મિસાળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય અને મુંબઈ શહેરમાં અનધિકૃત બાંધકામની સમસ્યા વધી રહી છે. એક કાયદો છે જે સત્તાવાર બાંધકામના કિસ્સાઓમાં સંબંધિત અધિકારીને જવાબદાર ઠેરવે છે. જોકે, આનો કડક અમલ થયો હોય તેવું લાગતું નથી. આજ સુધી તે કાયદા હેઠળ કોઈપણ સંબંધિત અધિકારી કે કર્મચારી સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જોકે, નગરવિકાસ ખાતાના રાજ્યકક્ષાનાં પ્રધાન માધુરી મિસાળે વિધાન પરિષદને એવી માહિતી આપી હતી કે, સરકાર અતિક્રમણ અને અનધિકૃત બાંધકામ સામે કાર્યવાહી કરવા માટે ગંભીર છે અને કાયદામાં રહેલી છટકબારીઓને રોકવા માટે પગલાં લઈ રહી છે.

અનધિકૃત બાંધકામોને રોકવા માટે કાયદો પસાર કરવામાં આવ્યો છે, પરંતુ તેનો કડક અમલ થઈ રહ્યો નથી એમ બુધવારે વિધાનપરિષદમાં વિધાનસભ્યો સચિન આહિર, અનિલ પરબ, ભાઈ જગતાપ, પ્રવીણ દરેકર, સુનિલ શિંદેએ ઉપસ્થિત કરેલા ધ્યાનાકર્ષક મુદ્દાના જવાબમાં મિસાળ ગૃહમાં બોલી રહ્યા હતા. નગરવિકાસ ખાતાના રાજ્યકક્ષાનાં પ્રધાન માધુરી મિસાળે જણાવ્યું હતું કે, મુંબઈ શહેરમાં ૭,૯૫૧ અનધિકૃત બાંધકામો છે, જેમાંથી ૧,૨૧૧ અનધિકૃત બાંધકામો તોડી પાડવામાં આવ્યા છે. જ્યારે ૨,૧૧૫ કેસ ન્યાયિક પ્રક્રિયામાં છે, ત્યારે ૧૬૯ કેસ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્દેશો અનુસાર સુધારણા માટે મોકલવામાં આવ્યા છે. રાજ્ય સરકાર કોઈપણ અનધિકૃત બાંધકામ કે અધિકારીને સમર્થન આપશે નહીં તેમ જણાવતાં મિસાળે ઉમેર્યું હતું કે અનધિકૃત બાંધકામ માટે સંબંધિતો સામે કેસ નોંધાયા છે. કેટલાક કેસ કોર્ટમાં હોવાથી અમે તત્કાળ કાર્યવાહી કરી શકતા નથી, પરંતુ તેમની સામે શું પગલાં લઈ શકાય? એના માટે રાજ્ય સરકાર પ્રયાસો કરી રહી છે. દરમિયાન, રાજ્યકક્ષાના પ્રધાન મિસાળે સુનિલ શિંદેના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, રઘુવંશી મિલમાં અનધિકૃત બાંધકામની તપાસ માટે નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં એક સમિતિની નિમણૂક કરવામાં આવી છે.

# વિધાનસભામાં પ્રધાનો કેમ ગેરહાજર: વિપક્ષો વિફર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભામાં બુધવારે તેમના વિભાગો માટેની બજેટ માગણીઓ પર ચર્ચા દરમિયાન પ્રધાનોની ગેરહાજરી પર વિપક્ષે વાંધો ઉઠાવ્યો હતો.

શિવસેના (યુબીટી)ના ભાસ્કર જાધવે આ મુદ્દો ઉઠાવ્યો હતો, તેમણે એવો પણ દાવો કર્યો હતો કે સચિવો પ્રધાનોની ચેમ્બરમાં બેસીને નિવેદનોની નોંધ લે છે.

ગૃહ, જળ સંસાધન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન, સહકાર, માર્કેટિંગ અને કાપડ, પાણી પુરવઠા અને સ્વચ્છતા, અને પ્રવાસન અને સાંસ્કૃતિક બાબતોના વિભાગો માટેની બજેટ માગણીઓ પર ચર્ચા ચાલી રહી હતી ત્યારે વિપક્ષ દ્વારા આ વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

એનસીપી (એસપી)ના જીતેન્દ્ર આવ્હાડ, અર્જુન ખોતકર (શિવસેના) અને સુરેશ ધસે (ભાજપ) જણાવ્યું હતું કે સંબંધિત ખાતાના પ્રધાનો ગૃહમાં હાજર નહોતા.

તેમના ગેરહાજર સાથીદારોનો બચાવ કરતાં પ્રધાન રાધાકૃષ્ણ વિખે-પાટીલે કહ્યું હતું કે પ્રધાનમંડળ સામૂહિક જવાબદારીના સિદ્ધાંત પર કાર્ય કરે છે.

જયંત પાટીલ એનસીપી (એસપી)એ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો ઉલ્લેખ કર્યો હતો, જેઓ શરૂઆતમાં વિધાનસભામાં હાજર હતા અને પછી તેમને વિધાન પરિષદમાં હાજર રહેવું પડ્યું હતું અને સવાલ કર્યો હતો કે જો મુખ્ય પ્રધાન ઉપલા ગૃહમાં ચર્ચા દરમિયાન જવાબ આપી રહ્યા હતા, તો અન્ય પ્રધાનો નીચલા ગૃહમાં કેમ હાજર ન હતા.

## અત્યારે દિશાના પિતા સતીશ સાલિયાન ભલે આદિત્ય ઠાકરેનું નામ લે પણ ૨૦૨૦માં તેમણે કહેલું કે....

# મારી દીકરીના મૃત્યુને રેપ કે ખૂન સાથે સંબંધ નથી

મુંબઈ: હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયનનું ૮ જૂન, ૨૦૨૦ના દિવસે રહસ્યમય સંજોગોમાં અવસાન થયું હતું. કેસના તપાસ રિપોર્ટમાં કશું જ શંકાસ્પદ નહીં હોવાનું મુંબઈ પોલીસે જણાવ્યું હતું. જોકે, દિશા સાલિયનના પિતા સતીશ સાલિયને બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરીને આ મામલે નવેસરથી તપાસની માંગ કરી છે. દિશા સાલિયનના મૃત્યુ પાછળનું ખરું કારણ રાજકારણના કારણે દબાઈ ગયું હતું. સતીશ સાલિયને માંગ કરી છે કે શિવસેનાના નેતા (આદિત્ય ઠાકરે) વિરુદ્ધ એફઆઈઆર નોંધી સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવે. ૨૦૨૦માં દિશાના પિતાએ પોલીસને લખેલો એક પત્ર હવે ચર્ચાનું કેન્દ્ર બની રહ્યો છે.

વર્ષ ૨૦૨૦માં સતીશ સાલિયને માલવણી ડિવિઝનના એડિશનલ પોલીસ કમિશનર દિલીપ યાદવને પત્ર લખ્યો હતો. એ વખતે દિશા સાલિયન વિશે મિડિયાએ વહેતા મૂકેલા સમાચાર પર તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. મીડિયાએ અફવાઓના સમાચાર બનાવી દિશા સાલિયનના મૃત્યુને અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુ સાથે જોડ્યું હોવાનો આરોપ તેમણે કર્યો હતો. સતીશ સાલિયને પોલીસને લખેલા પત્રમાં પત્રકારો અને મીડિયા સામે ફેક ન્યૂઝ ફેલાવવા બદલ કાર્યવાહી કરવાની માગણી કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે બળાત્કાર અને હત્યાના કેસના અહેવાલો ખોટા છે. એ વખતે સતીશ સાલિયાને હવે ભલે આદિત્ય ઠાકરે અને કેટલાક સેલિબ્રિટીઓનું નામ લીધું હોય પણ એ વખતે સ્પષ્ટ કર્યું હતું કે, દિશાનું નામ એક રાજકીય નેતા સાથે જોડવામાં આવે છે અને એક પાર્ટીમાં આ લોકો ભેગા થયા હોવાનું કહેવાય છે. બળાત્કાર અને ખૂનની અફવાઓનું મીડિયા મહત્ત્વ હશે, પરંતુ તેને વાસ્તવિકતા સાથે કશો સંબંધ નથી.

### દિશાનું મૃત્યુ થયું ત્યારે આદિત્ય ઠાકરે ક્યાં હતા?

દિશા સાલિયનનું મૃત્યુ થયું ત્યારે ઘટના સ્થળે આદિત્ય ઠાકરે હાજર હતા એવા આક્ષેપો ઘણા સમયથી થઈ રહ્યા છે. તેમ છતાં ૨૦૨૨માં જ આદિત્યે એક ન્યુઝ ચેનલને આ અંગે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે દિશાના મૃત્યુ વખતે તેઓ હોસ્પિટલમાં હતા. નાના (રશ્મી ઠાકરેના પિતા) હોસ્પિટલમાં હતા અને તેમની સારવાર ચાલી રહી હતી, એમ આદિત્ય ઠાકરેએ કહ્યું હતું. તેથી કેટલા પણ આક્ષેપો કરો પણ સત્ય સામે આવશે, એમ આદિત્ય ઠાકરેએ જણાવતા ઉમેર્યું હતું કે તેમ પણ કોર્ટમાં જે બોલવાનું છે તે હું બોલીશ.

### આઠમી જૂન, ૨૦૨૦એ ખરેખર શું બન્યું હતું?

આઠમી જૂન, ૨૦૨૦ની રાતે દિશા સાલિયનનું મૃત્યુ થયું ત્યારે રાત્રે ચોક્કસ શું ઘટ્યું હતું એ બાબતે દિશાના એક મિત્રએ માહિતી આપી હતી.

બોલીવૂડના દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની મેનેજર તરીકે દિશા સાલિયન કાર્યરત હતી. આઠમી જૂનની રાતે મલાડ ખાતેની ઇમારતના ૧૪મા માળેથી પડીને દિશાનું મૃત્યુ થયું હતું. સુશાંત સિંહ રાજપૂતે ૧૪મી જૂને આત્મહત્યા કર્યા બાદ દિશાના મૃત્યુના પ્રકરણને નવો વળાંક મળ્યો હતો. દિશાના કોલજ ફ્રેન્ડ્સના વોટ્સએપ ગ્રુપ પર તે રાત્રનો ઘટનાક્રમ શેર કરવામાં આવ્યો હતો. આઠમી જૂન, ૨૦૨૦ના દિશાના ઘરે મિત્રો અને પ્રિયજનોની પાર્ટી ચાલી રહી હતી. પાર્ટીમાં દિશાએ મદ્યપાન પણ કર્યું હતું અને કરિયરને લઇને થોડી નિરાશ હતી. મારી કોઇ ચિંતા કરતું નથી, એમ તે વારંવાર કહી રહી હતી. ત્યાર બાદ તે અચાનક પોતાના રૂ  મમાં જતી રહી અને તેણે અંદરથી દરવાજો પણ બંધ કરી દીધો.

મિત્રો અને તેના પ્રિયજને દરવાજો તોડ્યો ત્યારે તેને બાલકનીમાંથી નીચે પડતા જોઇ હતી. મિત્રોએ તાત્કાલિક ઇમારતની નીચે આવ્યા હતા અને દિશાને હોસ્પિટલમાં દાખલ કરી હતી, પરંતુ ત્યાં સુધી તેનું મૃત્યુ થઇ ગયું હતું. ઉક્ત ઘટનાક્રમ દિશાના એક મિત્રે વોટ્સએપ ગ્રુપ પર શેર કર્યો હતો અને પોલીસે જ્યારે તપાસ કરી ત્યારે તે સત્ય હોવાનું કહેવામાં આવ્યું હતું.

# નશેડી મોટરમેનની કેબિન સામે ચડી ગયો: માહિમની ઘટનાને લીધે ટ્રેનો મોડી પડી

મુંબઈ: બુધવારે માહિમ સ્ટેશન પર એક માથાફરેલ વ્યક્તિએ લોકલ ટ્રેનમાં ધમાલ મચાવી હતી, જેને કારણે લોકલ થોડી મોડી પડી હતી. નશામાં ચુર એવી આ વ્યક્તિએ અર્ધનગ્ન અવસ્થામાં ક્રૂ કોચમાં કૂદકો માર્યો હતો. આ આખી ઘટનાનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થયો હતો.

મુંબઈની લોકલ ટ્રેનમાં એક નશામાં ચુર વ્યક્તિએ ક્રૂ ડબ્બામાં કૂદીને અરાજકતા ફેલાવી હતી. ડ્રાઈવરે લાકડી વડે માર મારીને તેને રોકવાનો પ્રયાસ કર્યા પછી તે વ્યક્તિ ટ્રેક તરફ દોડી ગયો હતો, જ્યાં એ વ્યક્તિ ત્યાં જ બેસી ગયો હતો અને બાદમાં ત્યાંથી હટવાનું નામ નહોતો લેતો. એ જ્યારે ટ્રેક પર બેઠો હતો ત્યારે તેણે લુંગી પહેરેલી હતી. તેનાં કૃત્યોને કારણે મુંબઈના માહિમ સ્ટેશનથી ટ્રેનસેવાઓમાં નોંધપાત્ર વિલંબ થયો અને મુસાફરોને હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો.

## હિન્દુ મરણ

અરવિંદભાઇ (બાબુભાઇ) ઘોઘાભાઇ બુસાના ધર્મપત્ની સ્વ. મધુબેન (ઉં. વ. ૫૦) તા. ૧૯-૩-૨૫ બુધવારના દેવલોક પામેલ છે. બેસણું તા. ૨૧-૩-૨૫ના શુક્રવારે ૪થી ૬. ઠે. સોમનાથ મહાદેવ મંદિર, શિવાલય સાનિધ્યની સામે, તપસી હોટલની સામે, ૬૬ ફૂટ રોડ, કોઠારિયા રિંગ રોડ, રાજકોટ, ખાતે રાખેલ છે.

**કપોળ**

પીઠવડીવાળા સ્વ. નાગરદાસ ભગવાનદાસ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. અનસુયાબેન (ઉં. વ. ૯૩) તા. ૧૯-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રાજેન્દ્ર-સ્મિતા, ભાવના-યશ, તૃપ્તિ-સતીશના માતુશ્રી. જે સ્વ. મુકતાબેન ચુનીલાલ મહેતાના દેરાણી. રજની, ભારતી, ગીતા, અર્ચનાના કાકી. પિયર પક્ષે નાગરદાસ ભીમજી કરવતના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

કરાચીવાલા હાલ સાયન જશવંતભાઇ મેઘજી રાજાણી (ઉં. વ. ૭૮) તા. ૨૦-૩-૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. મંજુલાબેનના પતિ. પૂજા, ખુશ્બુ અને પ્રાચીના પિતાશ્રી. પરીક્ષિત માઇ, કે. પી. સિંઘના સસરા. તે સ્વ. પ્રેમજીભાઇ પરુષોતમ ચંદારાણા (રાજકોટ)ના જમાઇ. તે સ્વ. પ્રમોદભાઇ, સ્વ. જયંતીભાઇ, સ્વ. પુષ્પાબેન કાંતિલાલ ચંદારાણા અને અ. સૌ. સ્મિતા ચંદ્રકાંત જોબનપુત્રાના ભાઇ. સમરના નાનાજી. પ્રાર્થનાસભા-લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

દેવરાજિયાવાળા હાલ ગોરેગાંવ, સ્વ.દિવાળીબેન શાંતિલાલ સાદરાણીના પુત્ર વિનોદરાય સાદરાણી (ઉં. વ. ૬૯) તા.૧૯-૩-૨૫ બુધવારે શ્રીજીચરણ પામેલ છે. ઉર્મિલાબેનના પતિ. રાજકોટ નિવાસી સ્વ. કાંતિલાલ પ્રેમજી ઉનડકટના જમાઈ. સ્વ.ચંદ્રકાંતભાઈ, ગુણવંતભાઈ, વિજયાબેન લક્ષ્મીદાસ રૂપારેલીયાના ભાઈ. રીટા, આરતી, જલ્પા, ભરતના પિતા. સુરેશકુમાર, હર્ષલકુમાર, રાજેશકુમાર તથા સખીના સસરા. પ્રાર્થના સભા તા. ૨૧-૩-૨૦૨૫ના શુક્રવાર ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, એસ વી રોડ, શંકરમંદિર પાસે, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

વેરાવળ નિવાસી હાલ બોરીવલી, મધુસુદન દોશી (ઉં. વ. ૮૨) સ્વ.મથુરાબેન ભગવાનદાસ દોશીના સુપુત્ર. સરલાબેના પતિ. સ્વ.નંદકિશોર ગોપાલદાસ કોઠીના જમાઈ. અમરીશના પિતા. ડિમ્પલના સસરા. મથુરાદાસ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. કંચનબેન, સ્વ. ભાનુબેન, સ્વ. વસુબેન, સ્વ. વિમળાબેનના ભાઈ. તા.૧૮/૦૩/૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૨૨/૦૩/૨૫ શનિવારના ૪ થી ૬. કોરા કેન્દ્ર હોલ, ગ્રેનવિલે હોટલની બાજુમાં, આર. એમ. ભટ્ટડ રોડ, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

સાવરકુંડલા નિવાસી હાલ દહિસર, મહેશભાઈ ગંભીરદાસ વણઝારા (ઉં. વ. ૫૨) તે મનીષાના પતિ. વ્યોમના પિતા. જયેશભાઇ તથા અનુપમા (રાઘુ) રમેશકુમાર ચોલેરાના ભાઈ. નીપાના દિયર. ગં.સ્વ.વાસંતીબેન રજનીકાંત ભટ્ટના જમાઈ ૧૯/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૧/૩/૨૫ના ૪ થી ૬. સમાજ કલ્યાણ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, દહિસર સ્પોર્ટ્સ ફાઉન્ડેશન પાસે, સી એસ રોડ, દહિસર ઈસ્ટ.

**ગોડ બ્રાહ્મણ**

ગુલનશેર નિવાસી હાલ બોરીવલી, સ્વ.યોગેશભાઈ જગદીશપ્રસાદ શર્માના ધર્મપત્ની હેમલતાબેન શર્મા (ઉં. વ. ૬૧) ૧૬/૩/૨૫ના કૈલાશવાસી થયેલ છે. તે રિચા ગૌરવ પારેખના માતુશ્રી, પિયરપક્ષે સ્વ.આત્મારામ શર્મા તથા સ્વ. ક્રિષ્નાદેવી શર્માના દીકરી.

**દશગામ પંચાલ**

ગામ પલસાણા નિવાસી હાલ કાંદિવલી, સ્વ.ગુણવંતભાઈ ડાહ્યાભાઈ પંચાલના ધર્મપત્ની ગં. સ્વ. ચંદનબેન (ઉં. વ. ૮૫) ૧૬/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હિતેશ, અમિતા, સ્વ. હરેશના માતુશ્રી. ગાયત્રી, નરેશ, નિલાના સાસુ. સ્વ. જેલાબેન નરોત્તમભાઈ પંચાલ ગામ પરીયાના દીકરી. પ્રવીણભાઈ, સ્વ.લીલાવતીબેન, નિર્મળાબેન, રમાબેનના બેન. પ્રાર્થનાસભા ૨૨/૩/૨૫ના ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, એલ ટી રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**ખંભાતી દશા પોરવાડ**

ખંભાત નિવાસી હાલ બોરીવલી, પ્રવિણસાગર મણિલાલ શાહ (ઉં. વ. ૯૬) ૧૮/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.હંસાબેનના પતિ. સ્વ.મયંક, ભાવેશ, જયેશ, પ્રતિમા, નીતા, મનીષા, દિપાલીના પિતાશ્રી. વર્ષા, મીનાક્ષી, મુકેશભાઈ શાહ, ચેતનભાઈ મોરે, કેયુરભાઈ વોરા, સ્વ.સમીરભાઈ મોદીના સસરા. સ્વ.બંસીલાલ, સ્વ.જેઠાલાલ, સ્વ.ચિનસુખલાલ, સ્વ. ગુણીબેન જશવંતલાલ પરીખના ભાઈ. સાસરાપક્ષે ખંભાત નિવાસી સ્વ.પુષ્પાબેન છોટાલાલ ગાંધીના જમાઈ. પ્રાર્થનાસભા ૨૧/૩/૨૫ના ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકરમંદિર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**કંઠી ભાટિયા**

હેમંતભાઈ મધુસૂદન ગાંધી (ઉં. વ. ૬૨) પનવેલ, તા:૧૭-૩-૨૫ના ગોલોકવાસ પામેલ છે. તે ગં.સ્વ.કાંતાબેન ગાંધીના પુત્ર. જ્યોતિ ગાંધીના પતિ. અ.સૌ. દ્રષ્ટિ નિકુંજ વેદના પિતા. નિકુંજ અજય વેદના સસરા. સ્વ.ચંદ્રકાંતભાઈ વેદના જમાઈ. અ.સૌ. હીના મહેતા અને હિતેન્દ્ર ગાંધીના ભાઇ, પ્રાર્થનાસભા અને લૌકિક પ્રથા બંધ છે. સી-૪૦૪, નીલકંઠ ગાર્ડન,૫૨ બંગલો એરિયા, ઓલ્ડ થાણા નાકા રોડ, ઓલ્ડ પનવેલ, નવી મુંબઈ.

**ઉત્તર ગુજરાત બ્રહ્મક્ષત્રિય**

પેથાપુર નિવાસી હાલ વિરાર, કુમારી મમતા નરેન્દ્રભાઈ વારડે (ઉં. વ. ૫૫) તા.૧૯/૦૩/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.નરેન્દ્રભાઈ જગજીવનદાસ વારડે અને ગં.સ્વ. ઇંદિરાબેનના સુપુત્રી. માધવીબેન વિનોદકુમાર માધુ, ધર્મેશ અને ગૌરાંગના બહેન. રશ્મિબેન ધર્મેશ વારડે, રિદ્ધિબેન ગૌરાંગ વારડેના નણંદ, ઉપેન્દ્રભાઈ, શૈલેશભાઈ, વિણાબેન, ઈંદુબેન, રમિલાબેનના ભત્રીજી. પ્રાર્થનાસભા શુક્રવાર તા.૨૧/૦૩/૨૦૨૫ના ૪ થી ૬, રાજેશ્રી બેન્ક્વેટ હોલ, એસ.વી. રોડ, મૂવી ટાઈમ થિયેટર કમ્પાઉન્ડ, મરાઠા કોલોની, રવિન્દ્ર હોટલની પાસે, દહિસર ઈસ્ટ.

**મોઢ ચાતુર્વેદિય ચૂંથા સમવાય બ્રાહ્મણ**

વાળુકડવાળા હાલ મુંબઈ, મુકુન્દરાય જટાશંકર ત્રિવેદી (ઉં. વ. ૮૨) તા.૧૮-૩-૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. તે મધુકાંતાબેનના પતિ. હિતેષા મિલનકુમાર દવે, મોના જતીનકુમાર ઠાકર, સ્વ. રીના ભાવેશ ત્રિવેદી, પ્રાચી પ્રણયકુમાર દીક્ષિતના પિતા. તૃષા યશ ત્રિવેદી, ગીત-કોમલ, પર્વ તથા જન્મયના નાનાજી. સ્વ.વિનોદરાય ત્રિવેદી, સ્વ.ચંપાબેન બટુકરાય ત્રિવેદી, સ્વ.શારદાબેન શૂલપાણિ શાસ્ત્રી, સ્વ.તારાબેન પ્રાણશંકર દવેના ભાઈ. સ્વ.અરવિંદભાઇ, સ્વ. હસુમતીબેન શશીકાંત ત્રિવેદી, હીનાબેન ભરતભાઈ ત્રિવેદીના બનેવી. ૪૦૩/અવિઘના રેસીડેન્સી, ૬૫, હાજી બાપુ રોડ, મલાડ ઇસ્ટ.

**લુહાર સુથાર**

સુરેન્દ્રનગર નિવાસી હાલ કાંદિવલીના અશ્વિનભાઇ ભાનુભાઇ પરમાર (ઉં. વ. ૬૧) તે ૧૮/૩/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. કંચનબેન ભાનુભાઇ પરમારના પુત્ર. નીતાના પતિ, પ્રફુલભાઇ, હર્ષદભાઈ, નયનાબેન, દક્ષાબેનના ભાઈ, વરૂણ તથા શેફાલી યશ ઝવેરીના પિતા. સ્વ કાનજીભાઈ કેશવજીભાઈ પરમાર ના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૨૧/૩/૨૫ના ૫ થી ૭. કલાકે લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી (ઈસ્ટ).

**હાલાઈ લોહાણા**

ઓખા-કલ્યાણપુર નિવાસી હાલ ડોમ્બિવલી, સ્વ.પુષ્પાબેન શામજીભાઈ પંચમતિયાના સુપુત્ર ભરતભાઈ ઠક્કર (પંચમતિયા) તે જાગૃતિબેનના પતિ. દર્પણ, દર્શિકા હિતેશ વસાણી અને મેઘના આનંદ બુદ્ધદેવના પિતા. કાંતાબેન ભાનુચંદ્ર રાયચુરા, જયશ્રીબેન રમેશચંદ્ર દત્તાની, પદમાબેન હરીશકુમાર કનાણી, નલિનીબેન કિશોરભાઈ મોરજરિયા અને સ્વ. પ્રદીપના ભાઈ. રમેશચંદ્ર માવજીભાઈ રાયચા (જામનગર)ના જમાઈ તા.૧૯ માર્ચ ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે, પ્રાર્થનાસભા તા.૨૧ માર્ચ ૨૦૨૫, શુક્રવારના ૪ થી ૬. જલારામ મંદિર હોલ, ઠાકુરલી સ્ટેશન રોડ, ઠાકુરલી, ડોમ્બિવલી પૂર્વ.

**સાબરકાંઠા નાયક બ્રાહ્મણ સમાજ**

કાનપુર ઈડર હાલ કાંદિવલી, સ્વ.કાંતિલાલ ચંપકલાલ નાયકના પત્ની શ્રીમતી જયાબેન સોમવાર તા.૧૭/૦૩/૨૫ના પ્રભુ શરણ પામેલ છે. પ્રફુલ, સુધીર, મનીષના માતુશ્રી. અનિતા, બીના, શર્મિલાના સાસુ. સુકેન, પાર્થ, કરણ, જાનવી,રીષભ, શિવમના દાદી. ચૈતાલી, ભૂમિકા, મિતાલીના દાદીસાસુ. પ્રાર્થનાસભા શુક્રવાર તા.૨૧/૦૩/૨૦૨૫ના ૪ થી ૬. શ્રી સઈ સુતાર વાડી, સ્વયંભૂ ગણેશ મંદિર સામે, અશોકનગર, કાંદિવલી ઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

બગસરા નિવાસી હાલ મુંબઇ (મલાડ) સ્વ. મનહરભાઇ પ્રભુદાસ ગગલાણી (ઉં. વ. ૭૬) તે સ્વ. સવિતાબહેન અને પ્રભુદાસ છગનલાલ ગગલાણીના પુત્ર. તે ગં. સ્વ. આશાબહેનના પતિ. તે અ. સૌ. હિનાબેન અને જીજ્ઞેશભાઇના પિતા. ચિ. પિનાકીનભાઇના સસરાજી. તે ગં.સ્વ. ચંદ્રિકાબેન પ્રવીણચંદ્ર પારેખ અને સ્વ. ઇંદિરાબેન કાંતિલાલ વિભાકર અને સ્વ. કાંતિલાલ, સ્વ. ચંદ્રકાંતભાઇ, સ્વ. મધુકાંતભાઇના ભાઇ. તા. ૧૯-૩-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

સાઇરસ રૂસ્તમ મહેતા તે મરહુમો જરુ રૂસ્તમ મહેતાના દીકરા. તે પરસી રૂસ્તમ મહેતા ને નાજુ પઉરશપર એદર બેહમનના ભાઇ. તે પઉરશપર અરદેશર એદરબેહમન ના બનેવી. તે પલશ પી. એદરબેહમનના મામા. (ઉં. વ. ૬૮) રે. ઠે. સમર બ્રિજ, ફ્લેટ નં.૭. ૧૫મો રસ્તો, સેન થ્રીસા સ્કૂલ આગળ, બાંદ્રા (વેસ્ટ). મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૨-૩-૨૫ને દીને ૩.૪૫વાગે, બાંદ્રા તાતા અગિયારીમાં.

## જૈન મરણ

રાધનપુર તીર્થ નિવાસી મૃદુલાબેન હર્ષદરાય શાહ (ઉં. વ. ૮૩) ગુરુવાર તા. ૧૩-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ચંદ્રવદનભાઇના ભાભી. અંસુલાબેનના જેઠાણી. હસુમતીબેન, નીમુબેન, કુસુમબેનના બહેન. જીજ્ઞાબેનના માતા. અજયકુમારના સાસુ. સંદીપભાઇ, સમીરભાઇના કાકી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભોરારાના શ્રી નરેન્દ્ર કાનજી દેઢીયા (ઉં. વ. ૬૮) તા. ૧૯-૩-૨૫નાં અવસાન પામેલ છે. મંજુલાના પતિ. અંકિત, પાયલના પિતા. કેસરબેન કાનજીના પુત્ર. સ્વ. નવિન, સરલા, હસમુખ, જયેશના ભાઇ. વિમળાબેન ઉમરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન, ચક્ષુદાન કરેલ છે. નિ. મંજુલા દેઢીયા, ૪/૧૭, પ્રયાગરાજ એપાર્ટ નં. ૨, સી.દાસ રોડ, રામનગર, ડોંબીવલી (ઇ.)

બદડા (એમપી.એ.)ના મણીબેન હરખચંદ દેઢીયા (ઉં. વ. ૬૮) તા. ૧૯-૩-૨૫ દેશમાં અવસાન પામેલ છે. સ્વ. ગંગાબાઇ તલકશીના પુત્રવધૂ. હરખચંદ તલકશીના ધર્મપત્ની. સોહીલ, જીનેશના માતુશ્રી. કોડાય ભાનુમતી વીરજીના પુત્રી. રાયચંદ, હેમચંદ, હિંમત, લાખાપર ચંદન વિનયના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જીનેશ દેઢીયા, ધવલપાર્ક, બિદડા (કચ્છ).

**સત્યાવીસ દશા પોરવાડ જૈન**

શેરીસા નિવાસી હાલ થાણા, ઇન્દિરાબેન (ઉં. વ. ૭૪) તા.૨૦.૦૩.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.પોપટલાલ જેચંદ શાહના પુત્રવધૂ. તે સ્વ.ચંદ્રકાંતભાઈના ધર્મપત્ની. અપર્ણા, ડો.જીજ્ઞા, ડો.પ્રશાંતના માતૃશ્રી. ધર્મેન્દ્રભાઈ કાંતિલાલ શાહ (બોટાદ)ના સાસુ. તે ડો.મહેન્દ્રભાઈ, સ્વ.મનુભાઈ અને ઇન્દિરાબેન દાણીના ભાભી. નંદીનીબેન અને રશ્મિબેનના જેઠાણી. તેઓ સ્વ. હિંમતલાલ નાગરદાસ શાહના સુપુત્રી. પ્રાર્થનાસભા તા.૨૧.૦૩.૨૫ના ૩.૦૦ થી ૪.૩૦. ઋષભદેવ જૈન ટેમ્પલ, ટેંભી નાકા, થાણા વેસ્ટ. ચક્ષુદાન કરે છે.

**ઝા. દશા. સ્થા. જૈન**

મુળી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. સવિતાબેન મણીલાલ ભાયચંદ શાહના સુપુત્ર મહેન્દ્રભાઇ (ઉં. વ. ૭૪) તે અ. સૌ. વર્ષાબેનનાં પતિ. મેઘના, કૌશલ, રિષભના પિતાશ્રી. અ. સૌ. કિંજલના સસરા. સ્વ. રંજનાબેન-ગીરીશભાઇ, જીતેન્દ્ર-અરુણા, પૂર્ણિમા-ભુપેન્દ્રભાઇ તથા યતિન-ભાવનાના ભાઇ. રાણપુર નિવાસી સ્વ. મધુબેન ઇન્દુલાલ જગજીવનદાસ ખાટડિયાના જમાઇ તા.૧૯-૩-૨૫ના દેહપરિવર્તન કરેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

આંબા નિવાસી હાલ મલાડ પ્રાણલાલ પરસોતમ શાહ (ઉં. વ. ૮૭) તા. ૧૯-૩-૨૫ના બુધવારે અરિહંતશરણ પામેલ છે. તે આશિત, જયેશ, સ્વ. હેમલના પિતાશ્રી. સૌ. પિયુષા, સૌ. જલ્પાના સસરા. શિવાની-જૈનમ (જમાઇ), મૌલીના દાદા. ઉમરાળા નિવાસી સ્વ. પ્રતાપરાય પરમાણંદદાસ મહેતાના જમાઇ. સ્વ. નિરંજનાબેનના પતિ. ભાવયાત્રા શનિવાર, તા. ૨૨-૩-૨૫ના ૧૦થી ૧૨. ઠે. કપોળ બેન્કવેટ હોલ, રામચંદ્ર લેન, એક્ષટેન્શન રોડ, મલાડ (વેસ્ટ).

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

## રશ્મિકા મંદાનાઃ પેન ઈન્ડિયા સ્ટાર

### ચાર વર્ષ પહેલાં ભોજિયો ભાઈ પણ નહોતો ઓળખતો, પણ આજે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ભલભલા ભોજરાજા એની સાથે કામ કરવા ઉત્સુક છે એવી રશ્મિકાનો ક્લોઝ-અપ



રશ્મિકા મંદાના...

પાંચ વર્ષ પહેલાં ઉત્તર કે દક્ષિણમાં ભાગ્યે જ કોઈ જાણતું-પહેચાનતું હતું આ અભિનેત્રીને.

૨૦૨૧માં રિલીઝ થયેલી 'પુષ્પા': ધ રાઈઝ'ના શ્રીવલ્લીના પાત્રથી અને ફિલ્મના અફાટ લોકપ્રિયતાને વરેલા ગીતની 'તેરી ઝલક અશરફી' જેવી પંક્તિથી ૨૯ વર્ષની રશ્મિકા મંદાના ૨૦૨૫ સુધીમાં તો 'પેન ઈન્ડિયા સ્ટાર' (ભારતભરમાં ડંકા વાગવા) બની ગઈ છે.

ફિલ્મના બૉક્સ ઑફિસ કલેક્શનનો આંકડો કલાકારની સફળતાનો મહત્ત્વનો માપદંડ ગણાય છે એવા માહોલમાં રશ્મિકાની છેલ્લી ત્રણ ફિલ્મ અસાધારણ આર્થિક સફળતાને વરી છે. રણબીર કપૂર સાથેની 'એનિમલ', અલ્લુ અર્જુન સાથેની 'પુષ્પા-૨ઃ ધ રૂલ' અને વિકી કૌશલ સાથેની 'છાવા' ૫૦૦ કરોડના કલેક્શનને વટાવી ગઈ છે. લાગલગાટ ત્રણ ફિલ્મમાં ૫૦૦ કરોડથી વધુ કલેક્શન મેળવનારી રશ્મિકા મંદાના પ્રથમ અભિનેત્રી સાબિત થઈ છે. સફળતાની આ હેટ ટ્રિક સાથે રશ્મિકાએ દીપિકા પાદુકોણ અને આલિયા ભટ્ટ સાથે પ્રથમ હરોળમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે.

ફૂટડી-નજાકતભરી દક્ષિણની આ સ્વપ્નસુંદરી અભિનયમાં પણ એટલી પારંગત છે કે સાઉથ ઉપરાંત હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અવ્વલ નંબરના ફિલ્મ મેકર્સ સુદ્ધાં આ શ્રીવલ્લી સાથે કામ કરવા ઉત્સુકતા દેખાડી રહ્યા છે.

જબરદસ્ત સફળતાને વરેલી રશ્મિકાની ત્રણ ફિલ્મ વિશે એવી દલીલ કરવામાં આવી છે કે આ ત્રણેય ફિલ્મમાં એનું પાત્ર હીરોની સરખામણીએ ઓછું દમદાર હતું. 'એનિમલ'માં રણબીર કપૂર, 'પુષ્પા-૨ઃ ધ રૂલ'માં અલ્લુ અર્જુન અને 'છાવા'માં વિકી કૌશલની સ્ટાર વેલ્યુ અને એમનાં પાત્ર વધુ વજનદાર હતાં. દલીલમાં વજૂદ છે, પણ એવું તો દીપિકાની 'પઠાન' અને 'જવાન' વિશે પણ કહી શકાય. ૫૦૦ કરોડની ત્રણેય ફિલ્મમાં રશ્મિકાનું પાત્ર સરખામણીમાં નાનું હોવા છતાં શોભાના ગાંઠિયા જેવું નથી. 'એનિમલ'માં રણબીર સાથે એક સિક્વન્સમાં, 'પુષ્પા-૨ઃ ધ રૂલ'માં અલ્લુ અર્જુન સાથે નાનકડા રોલમાંય એ પોતાનો આગવો ઠસો ઊમટાવી શકી છે. જોકે, વિકી કૌશલ સાથેની 'છાવા'માં મહારાણી યેશુબાઈની ભૂમિકામાં નવવારી સાડીમાં રશ્મિકાના એક્ટિંગ અને એક્સપ્રેશન્સની વાહ વાહ થઈ છે, પણ ડાયલોગ ડિલિવરીમાં સાઉથની છાંટ ધરાવતાં એનાં હિન્દી ઉચ્ચારણ વિશે મોં મચકોડવામાં આવ્યું છે.

આ દોષની અભિનેત્રીએ જરૂર નોંધ લીધી હશે અને દિલીપ કુમારે ઉર્દૂ ઉચ્ચારણની ટીકા કર્યા બાદ લતાજીએ ઉર્દૂ શીખવા કેવી કમર કસી હતી એ પ્રકારની કોશિશ રશ્મિકાએ શરૂ કરી દીધી હશે એ સંભાવના અસ્થાને નથી.

અત્યારે ટોપ ગિયરમાં આવી ગયેલી કારકિર્દીની ગતિ રશ્મિકા કેવી રીતે સંભાળે છે એ જાણવું રસપ્રદ રહેશે. આવતા અઠવાડિયે એ. આર. મુરુગાદોસની હિન્દી ફિલ્મ 'સિકંદર' રિલીઝ થઈ રહી છે. ફિલ્મમાં સલમાનનો ડબલ રોલ છે એટલે રશ્મિકાના હિસ્સામાં શું અને કેટલું આવશે એની અટકળ કરવી અઘરી નથી. આમ છતાં, 'નાનો પણ રાઈનો દાણો' સાબિત થવાની ક્ષમતા રશ્મિકા પાસે છે.

આ વર્ષે રિલીઝ થનારી રશ્મિકાની બીજી મહત્ત્વની ફિલ્મ છે 'કુબેરા'. સાઉથની બે ભાષા તેલુગુ અને તમિલ ઉપરાંત હિન્દીમાં પણ તૈયાર કરવામાં આવેલી આ ફિલ્મમાં સાઉથનાં બે મોટાં માથાં ગણાતા એક્ટર ધનુષ અને નાગાર્જુન પણ છે. તેમ છતાં રશ્મિકાનું પર્ફોર્મન્સ દર્શકોને એની હાજરી યાદ રહી જાય એવી આશા જરૂર રાખી શકાય. હોરર કૉમેડી યુનિવર્સની 'થમા' પણ રશ્મિકાની મહત્ત્વની ફિલ્મ ગણવી જોઈએ. દિનેશ વિજનની નિર્માણ કંપની 'મેડોક ફિલ્મ્સ'ના બેનર હેઠળ તૈયાર થઈ રહેલી દિવાળીમાં રિલીઝ થનારી આ ફિલ્મ મોટો ધડાકો કરે છે કે સુરસુરિયું સાબિત થાય છે એ જોવું રહ્યું. આ ઉપરાંત, રશ્મિકાની 'ધ ગર્લફ્રેન્ડ' તેલુગુમાં બની રહી છે, પણ એ સાઉથની અન્ય ત્રણ ભાષા (તમિલ, મલયાલમ અને કન્નડ) ઉપરાંત હિન્દીમાં પણ ડબ કરવામાં આવશે. ટૂંકમાં ઊંચાઈ સર કરવા રશ્મિકા પાસે ઘણી તક રહેલી છે.

'છાવા'ની ધૂંઆધાર સફળતા પછી સાઉથની ફિલ્મોના અગ્રણી નિર્માતા લગદાપતિ શ્રીધરે એક મહત્ત્વની વાત પ્રત્યે ધ્યાન દોર્યું છેઃ 'રશ્મિકા હવે માત્ર સાઉથની સ્ટાર નથી.' શ્રીધરનું કહેવું છે, હવે એ પેન ઈન્ડિયા સ્ટાર બની ગઈ છે. આજની તારીખમાં નંબર વનના સ્થાન પર પહોંચી ગઈ છે. વિવિધ પાત્રોમાં એ આસાનીથી ગોઠવાઈ જાય છે. અગાઉ દિગ્દર્શકો પત્નીના રોલ કરતી અભિનેત્રીઓને વજન વધારવા (હૃષ્ટપુષ્ટ દેખાવા)નો આગ્રહ કરતા હતા. રશ્મિકાએ એ દૃષ્ટિકોણ બદલી નાખ્યો છે. મિનિ સ્કર્ટમાં ગ્લેમરસ દેખાતી રશ્મિકા સાડી પહેરેલી પત્નીના રોલમાં પણ ગ્રેસફૂલ દેખાય છે. પરંપરાગત ભૂમિકાને રશ્મિકા સ્ટાઈલિશ અને દર્શકોની નજરમાં વસી જાય એ રીતે પેશ કરવામાં સફળ રહી છે. મારું તો માનવું છે કે રશ્મિકા આપણા દેશની સૌથી વ્યસ્ત બહુભાષી અભિનેત્રી (મલ્ટીલિંગ્વલ એક્ટ્રેસ) સાબિત થશે. એક ટેલેન્ટેડ એક્ટ્રેસ હોવા ઉપરાંત રશ્મિકા એક કુશળ ડાન્સર પણ છે. આ સમીકરણ એને ઊંચાઈએ લઈ જવામાં મદદરૂપ થશે. ૨૮ વર્ષની ઉંમરે સ્ટાર બની ગયેલી અભિનેત્રીનો ચાહક વર્ગ વધી રહ્યો છે અને 'નેશનલ ક્રશ' (દેશભરના દર્શકોની લાડકી) બની ગઈ છે.'


લોકપ્રિયતાના મોજા પર સવાર થવા રશ્મિકાએ હવે ચેન્નઈ ઉપરાંત મુંબઈમાં પણ રહેવાનું નક્કી કરી લીધું છે. બોલિવૂડ, ટોલિવૂડ. કોલિવૂડ, મોલિવૂડ વગેરે ફિલ્મ ઈન્ડસ્ટ્રી વચ્ચે રહેલી ભેદરેખા ભૂંસાઈ રહી છે એ પરિસ્થિતિનો પૂરતો લાભ ઉઠાવવા રશ્મિકાએ એની (પતલી!) કમર કસી લીધી છે. ■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

## નાટકનો પડદો પડે-ઊપડે

### ૨૭ માર્ચે 'વર્લ્ડ થિયેટર- ડે' અવસરે ગુજરાતી રંગભૂમિના ભવ્ય વારસાની એક ઝલક





મુંબઈમાં ભાંગવાડી થિયેટરનું પ્રવેશદ્વાર... એક જમાનામાં આપણી જૂની રંગભૂમિનાં અહીં અનેક યાદગાર નાટકો સર્જાયા – ભજવાયાં અને દર્શકોએ વધાવ્યાં...

વરસો પહેલાં જૂની રંગભૂમિનું મક્કા એવા મુંબઈનું ભાંગવાડી થિયેટર ૧૯૭૮માં બંધ થયું ને ત્યાં આજે શોપિંગ સેન્ટર છે. એ સ્થળે નાટકનાં રિહર્સલ્સ કરતી વખતે કોઇ યુવાન દિગ્દર્શકને અડધી નાશ પામેલી કેટલીક સ્ક્રિપ્ટ જોવા મળેલી એવું સાંભળેલું. ક્યારેક થાય છે કે ગુજરાતી પ્રજા, એ બધાં લખાણો કેમ ન સાચવી શકી? જર્મનીમાં વિશ્વયુદ્ધ પછી નાશ પામેલાં શહેરોમાં, સરકાર ને સમાજે સૌપ્રથમ થિયેટરો પુનઃ બંધાવવાનાં શરૂ કરેલાં!

આપણે ત્યાં આવું થાય? ના. આપણે પરંપરા કરતાં પૈસાને વધુ મહત્ત્વ આપીએ છીએ. આપણે માત્ર 'આજ'માં જીવીએ છીએ, ઇતિહાસને ના સંભાળવા કે સંભારવાની આપણી આદત નથી. એક જમાનાનાં સુપરસ્ટાર નાટ્યઅભિનેતા નિર્દેશક સ્વ. પ્રવીણ જોશીજીનાં અનેક યાદગાર નાટકોનાં તવારીખવાર ફોટાંઓ, ટીવીફિલ્મ પર એમની લાંબી મુલાકાત કે પ્રવીણભાઇ વિશે કોઇ સારું સચિત્ર પુસ્તક પણ આપણી પાસે નથી. ગુજરાતી નાટકોમાંથી બોલિવૂડમાં છવાઇ જનારા ગુજરાતીના મહારથી એવા કલાકાર સ્વ. સંજીવકુમારનો પણ એકેય ઇન્ટરવ્યુ ગુજરાતી ભાષામાં આપણી પાસે નથીને આમ તો ગુજરાતી 'સમૃદ્ધ પ્રજા' છે!

હવે આપણે સૌ પરેશ રાવલ, સિદ્ધાર્થ રાંદેરિયા, મનોજ જોશી, સંજય ગોરડિયા કે શર્મન જોષી કે પછી પ્રતીક ગાંધી જેવાં ગુજરાતી કલાકારોને હિંદીગુજરાતી નાટકો ફિલ્મો વેબસિરીઝોમાં જોઈને ખુશ છીએ, પણ એ કલાકારોની સફળતા પાછળ ગુજરાતી નાટકોનો ૧૭૨ વરસ જૂનો ભવ્ય ઐતિહાસિક વારસો છે.

'અહો આર્યો, ભરથરી ખેલ ચાલો આજ રે ભજવીએ... નર-નારદ દુર્ગુણ નખશિખ દર્શાવીએ' આવું ગાઈને એક જમાનામાં કલાકારો, પ્રેક્ષકો સામે હાથ જોડીને નાટકનો પ્રારંભ કરતા. ગુજરાતમાં ભોજકો કે નાયકો, રાત પડે ગામને ઓટલે ખેલ શરૂ કરતાં. સરસ્વતીજી અને ગણેશ વંદનાથી ભજવણી આરંભ પામતી, નાટકની સજાવટમાં રંગબેરંગી પછેડીઓ વપરાતી. દિવેલની મશાલોનાં પ્રકાશમાં કલાકારો ભજવતા. ભૂંગળ, ઝાંઝ, પખવાજ ને તબલા સાથે કલાકારો માથે બેડું ને પગમાં ઝાંઝર પહેરી સ્ટેજ પર છવાઈ જતા.

એકબાજુ સૌરાષ્ટ્રના બ્રાહ્મણોએ નાટકો ભજવવા શરૂ કર્યાં તો મુંબઈમાં એનાથીયે પહેલાં પારસી નાટકો શરૂ થઇ ચૂકેલા. ૨૯ ઓક્ટોબર -૧૮૫૩ના રોજ 'રુસ્તમ, જાબુલી અને સોહરાબ' નાટક રાત્રે ૮વાગ્યે, ગ્રાન્ટ રોડ થિયેટરમાં પહેલીવાર રજૂ થયું. શરૂઆતમાં ખાનદાન સ્ત્રીઓ નાટકો જોતી નહીં, પછી ખૂબ માગણીને લીધે ખાસ 'જનાના શો' યોજાયા. 'રાસ્ત ગોફતાર' સાપ્તાહિકે ૨૫ ડિસેમ્બર ૧૮૫૫નાં તંત્રીલેખમાં ત્યારની મૂળ પારસીમાં લખેલુંઃ

'લોકોને નીરપરાધી ગમત આપવા સારું, એ નાટક મંડળીએ નાટકનું માન માથે લીધું ચ, એવાં નાટકથી લોકોને ગમ્મત સાથે ડહાપણ આવે એવી ગોઠવનો કરવાને મંડલી ચુકતી નથી. નાટકનો દરજજો શું છે તે એવન સમજેચ. તેઓ સંભાલ રાખેચ કે નાટકથી લોકોમાં બીગાડો પેદા ના થાએ.'

– તો આ હતો ગુજરાતી નાટકોનો પ્રથમ રિવ્યુ! ત્યારે પણ નાટકો આપણાં 'સમાજને ડિસ્ટર્બ ન કરે પણ માત્ર મનોરંજન જ આપે' ને 'સારી સારી વાતો જ કહે' એ શરત હતી. આજે પણ 'મા-બાપને ભૂલશો નહીં ને સંતાનોને નડશો નહીં' કે માત્ર કોમેડી જેવાં નાટકો જ પ્રજાપ્રિય છે.

ખેર, ધીમે ધીમે મુંબઈના ભણેલા પારસીઓમાં અને ગુજરાતીઓમાં નાટકની રૂચિ વધવા માંડી. શેરબજારનાં દલાલો, ડોકટરો, વકીલો અને વેપારીઓ ફાજલ સમયમાં રિહર્સલ્સ કરવા માંડ્યા. એલ્ફિન્સ્ટોનિયન ક્લબ, ધ ઝોરાસ્ટ્રિયન થિયેટ્રિકલ ક્લબ, અમરચંદ વાડીકર નાટક મંડળી વગેરે સંસ્થાઓ ફંડફાળાં ઉઘરાવીને શરૂ થઈ. એ સમયે, ૧૦૦ રૂ.ની સિઝન ટિકિટ રાખવામાં આવતી! જમશેદજી જીજીભાઈ જેવા ધનાઢ્યો નાટકને પોષવા મદદ કરતા. શરૂઆતમાં માત્ર ગ્રાન્ટરોડ થિયેટર હતું, જેમાં 'મોસમી' ખેલ થતા એટલે કે ચોમાસા પછી ને પહેલાં, મોસમ મુજબ! ધીમેધીમે વિક્ટોરિયા, એલ્ફિન્સ્ટન, હિંદી, એસ્પ્લેનેડ વગેરે થિયેટરો બંધાયાં. ત્યારે મુખ્યત્વે શેક્સપિયરનાં નાટકોમાં અનુવાદો ભજવાતાં ને એમાં 'ગાએણ' કે ગાયનગીતો લાઈવ ગવાતાં. 'મોંઘવારીનું ગાએણ' વગેરે ગીતોમાં સામાજિક જાગરૂકતા પણ જોવા મળતી. પત્રકાર કેખશરૂ કાબરાજીએ શેક્સપિયરના 'કોમેડી ઓફ એરર્સ' પરથી ગુજરાતી નાટક 'ભૂલચૂકની હસાહસ' સુપરહિટ કરી દેખાડેલું. પછી તો એમણે સમાજનાં વહેમો કે સ્ત્રીઓની કેળવણી વિશે પણ નાટકો રચીને ક્રાંતિકારી વલણ દાખવેલું.

સમય વહેતો ગયો, નવી નાટક મંડળીઓ બનતી ગઈ, જૂની તૂટતી ગઈ. એ જમાનામાં 'તમાસગીર' એટલે કલાકારને રૂપિયા ૧૦ રૂ.થી ૩૦ રૂ. જેટલું વેતન મળતું. ભાંગીતૂટી ગુજરાતી ભાષામાં કલાકારો ૪૮ ફૂટ લાંબા ને ૩૦ ફૂટ પહોળા સ્ટેજ પર રાત્રે 'હાઉસફુલ' નાટકો ભજવતાં. એ પછી એદલજી ખોરી નામના નિર્માતાને ગુજરાતી લેખકની જરૂર પડી. એમણે 'રુસ્તમ અને સોહરાબ' નાટક માટે યુરોપિયન ચિત્રકાર પાસે સેટિંગ્સ તો બનાવડાવ્યાં, પણ નવાં ગુજરાતી ગીતો ક્યાંથી કાઢે? એટલે કવિ દલપતરામની એંટ્રી થઈ!

એ વખતે એદલજી ખોરીએ નાટકની પ્રસ્તાવનામાં લખેલું કે 'ગુજરાતનાં જાણીતા કવિ દલપતરામ ડાહ્યાભાઈ પાસે હમે આ ખેલમાં અમુક ગીતો જોડાવ્યાં છે કેમ કે હમો ધારિયે છીએ એવા કાબેલ પુરુષનાં ગીતો લોકોને પસંદ પડશે.' શરૂશરૂમાં આપણાં સુગાળવાં કવિઓ નાટકચેટકથી શરમાતાં પણ પૈસા માટે કમને ગીતો લખતા ખરાં! પછી તો મ્યુઝિકલ નાટકો ચાલવા માંડ્યાં. આમ ગુજરાતી નાટકો જોવા લોકો આવવા માંડ્યા, સુપરહિટ નાટકો ભજવાતાં રહ્યા, જે આજે ૨૦૨૫માં ૧૭૨ વર્ષ પછી પણ લોકો મુંબઇગુજરાતનાં રસિકો માણે છે. આ બધું આજે એટલે કે આવતા ગુરુવારે, ૨૭ માર્ચે 'વર્લ્ડ થિએટર- ડે' છે. તો બાકીનો ભવ્ય ભૂતકાળ, આજનો વર્તમાનકાળ ને આવનારા ભવિષ્ય વિશે ફિર કભી ચલો, હમણાં તો પડદો પાડીએ. ■

---

## ...અઘરું છે કોઈની આંગળી પકડી ઉઠાવવો!



સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા



ઇચ્છા તો ઘણી હતી કે સારા અને ચાલતા કલાકારોને લઈ ઈમ્તિયાઝનું નાટક બનાવું, પણ 'બોલ્ડ' વિષયને લઈ બધા નનૈયો ભણતાં. ભલેને પછી મનમાં ખાવું ને મુંડી હલાવતાં હોય, કારણ એ વખતે આવાં નાટક તખ્તા પર ચાલતાં, પણ કલાકારો સંકોચાતા. હવે સારા કલાકારોને લેવાની ઇચ્છા જયારે બર આવવાની નહોતી ત્યારે એ ભાર વેંઢારવો અર્થહીન હતો. થયું કે ઈચ્છાઓનો ભાર ઓછો કરી નાખો તો જીવન હલકું થઈ જાય. આ માત્ર યુવાન દંપતીની વાત નથી કરતો. એ માટે સ્ક્રિપ્ટમાં ફેરફાર કરવાનું ઈમ્તિયાઝે શરૂ પણ કરી દીધેલું. બાકીનાં પાત્રો માટે પણ એટલી જ વિટંબણા હતી. મેં વિચાર્યું કે અન્ય પાત્રો પર નાટકનો ભાર નથી તો મન પર ભાર રાખ્યાં વગર એ વરણી પછી કરીશું. જે 'મોડલ' માટે કલાકાર જોઈતી હતી એની શોધ પહેલાં શરૂ કરી દીધી. ખૂબ શોધ કરી પણ નક્કર પરિણામ આવતું નહોતું. ઘણાં કહેવાતાં 'શુભચિંતકો'એ સલાહ આપી કે આ વિષય જ પડતો મૂક. આ દુનિયામાં સૌને તિરાડોમાંથી ડોકું કાઢવાની ટેવ છે, દરવાજા ખુલ્લા મૂકી દો તો કોઈ નહીં ફરકે.

ડોલર અને ઈમ્તિયાઝનાં પહેલાં જ નાટક માટે મને વિષય બદલવાની મુદ્દલ ઇચ્છા નહોતી. ઈમ્તિયાઝ ખરાં દિલથી મહેનત કરી રહ્યો હતો એટલે એની અપેક્ષાઓ પર પાણી નહોતું ફેરવવું. શક્ય છે એક ઉગતો લેખક ઊગે એ પહેલાં અસ્ત પામે. મારી લાઈનના 'હિતેચ્છુઓ'થી હું પરિચિત હતો. એમને એ ખબર નથી કે કોઈના પર આંગળી ઉઠાવવી બહુ સહેલું છે, અઘરું છે કોઈની આંગળી પકડી ઉભો કરવો. આ ચેલેન્જ સમજી મારે સ્વીકારી લેવાની વાત હતી. અમારાં નાટકનો એક સ્ટીલ-ફોટોગ્રાફર હતો, ઉમેશ મહેતા. લગભગ ઘણાં નિર્માતાનાં નાટકોના ફોટા પાડતો. અજિત વાચ્છાનીનાં ઘરે આવી મારા નાટક 'હરણફાળ' માટે ફોટા પાડેલાં. જયારે 'ટોમબોય' ટાઈપના રોલ માટે 'હું છોકરી છાકમછોળ' માટે એણે જ દીપ્તિ તલસાણીયાની ભલામણ કરેલી.

મેં આ નાટકનાં 'મોડલ'નાં પાત્ર માટે એને વાત કરેલી પણ એનો કોઈ જવાબ નહોતો. મને ઈશ્વર પર વિશ્વાસ હતો. માણસ કરતાં ઈશ્વરને આધારે રહેજો, ઈશ્વર 'સંભાળી' લેશે જયારે માણસ 'સંભળાવી' દેશે. ઈશ્વરે જાણે મારી સહાય કરી હોય એમ ઉમેશનો ફોન આવ્યો. 'દાદુ, એક છોકરી મળી છે, પણ એણે ક્યારેય નાટકમાં કામ નથી કર્યું પણ ધગશ છે. તું મને મળ તો ફોટા બતાવું'.

અમે મળ્યાં. ફોટામાં તો સારી દેખાતી હતી. એના મમ્મી પણ એને આગળ કરવામાં રસ લેતાં હતાં. બે દિવસ પછી એને મળવાનું નક્કી કર્યું. મેં આ વાત ડોલર અને ઈમ્તિયાઝને પણ કરી દીધી. બંનેનું મંતવ્ય એમ હતું કે આ 'મોડલ'નું નક્કી થઈ જાય પછી બાકીનાં કાસ્ટિંગનું વિચારશું.

પાર્લાની એક હોટલમાં હું અને ડોલર સાથે ઉમેશ, મોડલ અને એનાં મમ્મી મળ્યાં. નાટક થોડું 'ઉઘાડું' છે એ વાત મેં ખુલ્લમખુલ્લાં કહી દીધી. નવાઈની વાત કે એ લોકોને એનો વાંધો નહોતો. એની મમ્મીએ પણ ચોખ્ખું કહી દીધું કે ' મારી દીકરીએ સ્ટેજ પર પગ નથી મુક્યો એ તમને માન્ય હોય તો અમને એ રોલ કરવામાં કોઈ વાંધો નથી પણ તમને મહેનત તો પડશે.'

મેં કહ્યું 'મને નવા કલાકારોને તૈયાર કરવામાં કોઈ વાંધો નથી. તમે 'બોલ્ડ' વિષયની વાત કઈ પણ જાણ્યાં વગર સ્વીકારી એ મને ગમ્યું.' એની મમ્મીએ તરત કહ્યું, 'છાસ લેવા જવું અને દોણી સંતાડવામાં હું માનતી નથી. ખોટા 'હિપોક્રેટ' શું કામ બનવું?.

ખરેખર સુખી જીવન જીવવા માટે માણસે 'સાધુ' બનવા કરતાં 'સીધું' થવાની જરૂર છે.

છોકરીનું નામ હતું 'અંજલિ પરમાર'. જાહેરખબરમાં માત્ર 'અંજલિ' આવે એ એક માત્ર એમની શરત હતી.વાત 'કવર'ની આવી.થોડી રકઝક થઈ, પણ નિર્માતા તરીકે ડોલરે એ કબૂલી લીધી. મોડલના રોલ માટે અંજલિ પર ફાઈનલ સિક્કો મારી અમે છૂટા પડ્યાં. બીજા દિવસે બાકીનાં કાસ્ટિંગ માટે મળવાનું નક્કી કર્યું. મને હાશકારો થયો કે 'અઘરા' 'મોડલ'નાં પાત્ર માટે કલાકાર મળી ગઈ. મેં હિંમત હારી જઈ વિષય બદલી નાખ્યો હોત તો? હિંમત ક્યાંય ભાડે નથી મળતી અને ભલે કોશિશનાં કારખાનાં ન હોય પણ અમે બનતી કોશિશ કરી તો ચેલેન્જ સફળ થઈ. ઉમેશ મહેતાનો સંબંધ કામ કરી ગયો..સંબંધ હિંમત વધારે એવા રાખવા, બ્લડપ્રેશર વધારે એવાં નહી.

બીજે દિવસે હું, ઈમ્તિયાઝ અને ડોલર પટેલ- ડોલરના ઘરે જ મળ્યાં. હવે પ્રૌઢ દંપતી શોધવાનાં હતાં. ઘણાં ફોન ઘુમેડ્યા. ધીમેધીમે કરતા નરહરી જાનીને ફિક્સ કર્યો. જાની મારો પરમ મિત્ર. લાલુ શાહનાં ઘણાં નાટકોમાં અમે સાથે કામ કરેલું. એના પ્રથમ ડિરેક્ટ કરેલા નાટક 'પપ્પાની સેક્રેટરી'માં મેં કામ કરેલું. એ કારણે એને નક્કી કરવામાં વધુ સમય ન લાગ્યો. બોલ્ડ વિષય સામે એને વાંધો નહોતો. શિરીષ પટેલના 'પપ્પાની સેક્રેટરી'ની ટ્રીટમેન્ટ પણ થોડી એ રીતે જ અપાયેલી. એની પત્નીના રોલમાં નક્કી કરી સુનિતા કિશન. હતી મહારાષ્ટ્રીયન, પણ નટવર પંડ્યા સાથે ઘણાં ગુજરાતી નાટકો કરેલાં. (સુનિતા હવે હયાત નથી) ઓફિસની રિશેપ્શાનીસ્ટનાં રોલમાં 'આજે ધંધો બંધ છે' નાટકમાં કામ કરનાર પારસી લેડી આશિયાનાને નક્કી કરી. ઉમેશ પારેખે ફિરોઝ ભગતનાં ઘણાં નાટકોમાં સહાયક-દિગ્દર્શક તરીકે કામ કરેલું એને જાનીનાં નાના ભાઈ અને મારા સહાયક દિગ્દર્શક તરીકે ફાઈનલ કર્યો.

જોકે ડોલરે પ્રૌઢના રોલ માટે મને ઘણું કહ્યું. તારા અને ઈમ્તિયાઝનું આ પહેલું નાટક છે એટલે મારે પુરતું ધ્યાન આપવું છે એમ કહી પ્રેમથી 'નાં' પાડી દીધી. જોયું ! ઈશ્વરની આસ્થા કામ કરી ગઈ. ઈશ્વરનો આભાર માનવાની ટેવ પાડજો, જિંદગીનો ઘણો ભાર ઓછો થઈ જશે.... ■

**ડબલ રિચાર્જ**

*રમેશઃ પત્નીના મેક-અપનો ખર્ચ નથી પોષાતો..*

*મહેશઃ તો મેક-અપનાં પૈસા આપવાના બંધ કરી દે..*


*રમેશઃ તો પછી પત્ની જોવી નથી ગમતી..*

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# લતાજીને ઘરમાંથી ઠપકો કેમ મળ્યો?

## ૭૫ વર્ષ પહેલાંની ફિલ્મ 'સમાધિ'ના સૉંગ માટે દીદીને 'આવું નઠારું ગીત કેમ ગાયું' એવું સાંભળવું પડ્યું હતું..!






'ગોરે ગોરે ઓ બાંકે છોરે' અને લતા મંગેશકર

**સ્વતંત્રતા,** આઝાદી, ગુલામીમાંથી મુક્તિ... ૧૯૪૭ પછી ભારતીય નાગરિકો ખુલ્લી હવામાં શ્વાસ લેવાના આનંદ અને ગર્વથી ટેવાઈ રહ્યા હતા. બોલપટના પ્રારંભિક દોરમાં ધાર્મિક અને પૌરાણિક ફિલ્મોને પ્રાધાન્ય આપતી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નવા વિષય સાથે ફિલ્મો બનવાની શરૂઆત થઈ ગઈ હતી.

૧૯૫૦માં એટલે કે આજથી ૭૫ વર્ષ પહેલાં સોશિયલ તરીકે ઓળખાતી સામાજિક ફિલ્મો સારી સંખ્યામાં (૩૬) બની હતી. એ સિવાય એક્શન અને રોમેન્ટિક ફિલ્મોનું પણ નિર્માણ થયું હતું. જાણવા જેવી વાતએ છે કે ધાર્મિક, ભક્તિ કે પૌરાણિક ફિલ્મોની કુલ સંખ્યા ૧૫ જ હતી. દર્શકોની બદલાતી રુચિનું આ પ્રતિબિંબ હતું.

૧૯૫૦ની ટોપ ટેન સફળ ફિલ્મોની યાદીમાં પ્રથમ ક્રમાંક પર હતી 'સમાધિ'. એક કરોડનું કલેક્શન મેળવનારી પ્રથમ હિન્દી ફિલ્મ તરીકે પંકાયેલા આ ચિત્રપટના દિગ્દર્શક હતા રમેશ સેહગલ. ફિલ્મના મુખ્ય કલાકાર હતા અશોક કુમાર, નલિની જયવંત અને હિન્દી ફિલ્મની પ્રથમ નામાંકિત વેમ્પ તરીકે નામના મેળવનારી કુલદીપ કૌર પણ હતી.

દેશભક્તિનું રસાયણ ધરાવતી આ સોશિયલ ફિલ્મમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજનું વાતાવરણ પણ સામેલ કરવામાં આવ્યું છે. ફિલ્મના ગીતકાર હતા રાજીન્દર કૃષ્ણ અને સંગીતકાર હતા સી. રામચંદ્ર. ફિલ્મમાં કુલ છ ગીત હતાં, જેમાંથી એક ગીત આજે પણ સંગીતરસિયાઓની સ્મૃતિમાં સચવાઈ રહ્યું છે. અમીરબાઈ કર્ણાટકી અને લતા મંગેશકરના સ્વરમાં રેકોર્ડ થયેલું યુગલ ગીત છે:

***'ગોરે ગોરે ઓ બાંકે છોરે, કભી મેરી ગલી આયા કરો.'***

લતાદીદીએ આ ગીત સાથે એમના અનુભવના એક કિસ્સાનું વર્ણન ૧૯૯૭માં 'અંધેરી સ્પોર્ટ્સ ક્લબ'માં આયોજિત એક વિશિષ્ટ કૉન્સર્ટમાં કર્યું હતું. આ કિસ્સો સાંભળી હાજર શ્રોતાગણોને મોજ પડી ગઈ હતી. એ કિસ્સો એમના જ શબ્દોમાં પ્રસ્તુત છે.

(સ્મૃતિના આધારે લખ્યું હોવાના કારણે કદાચ શબ્દોમાં ફેરફાર હોઈ શકે છે, પણ એ કિસ્સાનું હાર્દ જાળવી રાખ્યું છે.)

'સી. રામચંદ્રએ જ્યારે મને આ ગીત ગાવાની ઑફર કરી ત્યારે હું રોમાંચિત થઈ ગઈ હતી. કારણ એવું હતું કે એ સમયે આ પ્રકારનાં ગીત મારા ફાળે ઓછાં આવતાં હતાં. બીજી મહત્ત્વની વાત એ હતી કે અમીરબાઈ કર્ણાટકી જેવાં સિદ્ધહસ્ત ગાયિકા સાથે ગાવાનો મોકો મળી રહ્યો હતો.

આ ગીત રેકોર્ડ કર્યું ત્યારે મને મજા પડી હતી. અલબત્ત, ત્યારે સ્વપ્નેય ખ્યાલ નહોતો કે ગીત જબરજસ્ત સફળતાને વરશે અને સાથોસાથ એ ગીત ગાવા માટે મારે ઠપકો ખાવો પડશે. ફિલ્મ રિલીઝ થઈ, ખૂબ ચાલી અને યુગલગીતે રીતસરની ધૂમ મચાવી. એક દિવસ આ ગીત મારા ઘરના સભ્યોના સાંભળવામાં આવ્યું અને ગજબ થઈ ગયો. શાબાશી મળવાની કે અમીરબાઈ સાથેનો અનુભવ કેવો રહ્યો વગેરે જાણવાની વાત તો દૂર રહી, પણ ઘરના લોકો મને વઢ્યા, રીતસરના ખિજાયા: 'આવું નઠારું ગીત કેમ ગાયું' એવો સવાલ મને કરવામાં આવ્યો. સામો જવાબ આપવાની મારામાં કોઈ જ હિંમત નહોતી અને 'ફરી આવું નહીં થાય' એની ખાતરી આપી આંખમાં આંસુ સાથે હું ત્યાંથી ચાલી નીકળી.

'આજે તમને બધાને સવાલ થશે કે આ ગીતમાં નઠારું શું હતું? વાત એમ છે કે ૧૯૫૦માં યુવક-યુવતી એકલતામાં મળે એ અભદ્ર માનવામાં આવતું હતું. એમાં પાછું મેં ગાયેલી પંક્તિના શબ્દો ***'ગોરે ગોરે ઓ બાંકે છોરે, કભી મેરી ગલી આયા કરો'***ના જવાબમાં અમીરબાઈની પંક્તિના શબ્દો:

***'ગોરી ગોરી ઓ બાંકી છોરી, ચાહે રોઝ બુલાયા કરો'*** ને કારણે વધુ આપત્તિ સર્જાઈ ગઈ હતી.'

આટલું કહીને લતાજી હસી પડ્યાં હતાં અને આ ગીત ગાયું હતું.

લતાદીદીની આ રજૂઆતમાં આજથી ૬૫ વર્ષ પહેલાંના સમાજની વિચારધારા કેવી સંકુચિત હતી એ સ્પષ્ટ થાય છે. યુવક-યુવતી એકલતામાં મળે એ વાત સમાજમાં અશિષ્ટ ગણાતી હતી. આજે તો સમાજનો એ દૃષ્ટિકોણ પૂર્ણપણે બદલાઈ ગયો છે અને આજે તો બે જણ એકાંતમાં મળે એ વધુ સ્વાભાવિક ગણાય છે અને હવે તો ***'ભીગે હોંઠ તેરે, પ્યાસા દિલ મેરા'*** અને ***'આકે તેરી બાહોં મેં હર શામ લગે સિંદુરી'*** મસ્તીથી ગવાય છે અને એન્જોય કરાય છે.

'સમાધિ'ના પેલા ગીત માટે વઢામણ ખાધાં પછી લતા મંગેશકર ગીત સ્વીકારવા અંગે એકદમ સાવધ રહેવા લાગ્યાં હતાં. ત્રણ વર્ષ પછી, ૧૯૫૪માં આવેલી ફિલ્મ 'બૂટ પૉલિશ'ની આ ઘટના પરથી આ વાત વધુ સ્પષ્ટ થાય છે. હસરત જયપુરી લિખિત એક ગીતની પહેલી કડી આ પ્રમાણે હતી:

***તારોં કો દિલ કી બાત સુનાઈ રાત તમામ***
***તુજસે બિછડ કે નીંદ ન આઈ રાત તમામ***
***મૈં બાઝારોં કી નટખટ રાની***
***સારી દુનિયા હૈ મુજ પે દીવાની***
***હાય મેરી બાઝારોં કી નટખટ રાની.***

આ ગીતની ઑફર આવી ત્યારે લતાજીના દિલોદિમાગમાં 'સમાધિ'નો અનુભવ હજુ તાજો હતો અને એટલે 'બાઝારોં કી' શબ્દો સામે તેમણે વાંધો દર્શાવી આ ગીત પોતે નહીં ગાય એમ જણાવી દીધું. ફિલ્મના નિર્માતા રાજ કપૂરનો લતાજી માટે પક્ષપાત જાણીતો હતો અને ફિલ્મના સંગીતકાર શંકર-જયકિશનની અદમ્ય ઇચ્છા હતી કે આ ગીત લતાજી જ ગાય. હસરત જયપુરીને બોલાવી ***'મૈં બાઝારોં કી નટખટ રાની'*** બદલાવી ***'મૈં બહારોં કી નટખટ રાની'*** કરવામાં આવ્યું, તેમ છતાં લતાજી ન માન્યાં તે ન જ માન્યાં. અંતે નાછૂટકે શંકર-જયકિશને એ ગીત આશા ભોસલેના સ્વરમાં રેકોર્ડ કરાવ્યું હતું. ■




મહેશ નાણાવટી

# ફિલ્મ સ્ટારોની સાચી- જૂઠ્ઠી જોક્સ

**પોતાની** અનોખી સ્ટાઈલ અને સાવ અતરંગી સ્વભાવ માટે જાણીતા અભિનેતા રાજકુમારનો એક કિસ્સો એ જમાનાના 'સ્ટારડસ્ટ' નામના મેગેઝિનમાં છપાયો હતો. જો કે એ 'નીતા'ઝ નેટર' નામની કોલમ મૂળ તો ફિલ્મી લોકોની ગોસિપ માટેની જ કોલમ હતી.

કિસ્સો એવો હતો કે એક ફિલ્મી પાર્ટીમાં રાજકુમારને ઝિન્નત અમાનનો ભેટો થઈ ગયો. થોડી વાતચીત પછી રાજકુમારે ઝિન્નતનાં વખાણ કરવા માંડ્યાં: 'આપ બડી ખૂબસૂરત હૈં... આવાઝ ભી અચ્છી હૈ... આપ સ્ટાઇલિશ ભી હો... આપ કી મુસ્કાન ભી બડી પ્યારી હૈ...'

ઝિન્નત પોતાનાં વખાણ સાંભળીને 'થેન્ક્યુ થેન્ક્યુ' કરતી રહી ત્યાં રાજકુમારે કટ મારી 'તુમ ફિલ્મોં મેં ક્યું ટ્રાય નહીં કરતી?'

હજી ઝિન્નત અમાન કહેવા જાય કે હું ઓલરેડી હીરોઈન છું ત્યાં તો ઝિન્નતને ઇગ્નોર કરીને રાજકુમાર આગળ સરકી ગયા!

આવી બીજી એક જોક રાજકુમાર માટે પ્રચલિત હતી. જે પાછળથી શત્રુઘ્ન સિંહાને નામે ફરતી થઈ ગઈ હતી.

જોક એવી છે કે શત્રુઘ્ન સિંહા એક વાર મુંબઈની પ્રખ્યાત તાજ હોટલમાં ગયા, જઈને વેઈટરને કહે છે: 'ગરમ મેં ક્યા હૈ?'

વેઇટર કહે છે 'સબ ગરમ હૈ, સબ્જી ગરમ મિલેગી, રોટી ગરમ મિલેગી, પરાંઠા ગરમ મિલેગા, દાલ ગરમ મિલેગી...'

શત્રુઘ્નજી કહે છે 'નહીં, ઉસ સે ભી ગરમ ક્યા હૈ?'

વેઇટર કહે છે 'સર, બાર્બેક્યુ હૈ! યહાં આપ કે સામને જલતી હુઈ આગ સે ડીશ કે ઉપર ફ્રાય કિયા જાતા હૈ...'

શત્રુજી કહે : 'અરે, વો તો બાદ મેં ઠંડા પડ જાતા હૈ... ઉસ સે ભી ગરમ ક્યાં હૈ?'

વેઇટર કહે : 'સર, ગરમ મેં હોટ ડ્રીંક્સ હૈં... ચાય હૈ, કોફી હૈ... ગરમ દૂધ ભી મિલ જાયેગા...'

શત્રુજી કહે છે: 'બસ? ઈસ સે ગરમ તુમ્હારે કિચન મેં કુછ હૈ હી નહીં? '

વેઇટર હવે જરા અકળાયો. એણે જવાબ આપ્યો : 'સર, કિચન મેં તવા બહોત ગરમ હૈ!'

શત્રુજી હજી છાલ છોડતા નથી. 'ઉસ સે ભી ગરમ ક્યા હૈ?'

'ઉસ સે ગરમ તો સા'બ, જલતા હુઆ કોયલા હૈ!' વેઇટર બોલી ઉઠ્યો.

શત્રુજીએ તરત કહ્યું : 'વેરી ગુડ! વો એક ડિશ લે આઓ!' અને ખરેખર વેઇટર એક ડિશમાં સળગતા કોલસા લઈને આવી પહોંચ્યો! હવે તો સૌની નજર શત્રુઘ્ન સિંહા ઉપર હતી કે એ શું કરશે? પણ શત્રુજી પોતાની સ્ટાઇલ માટે કંઈ એમ ને એમ થોડા મશહૂર હતા? એમણે ખિસ્સામાંથી સિગારેટ કાઢી સળગતા કોલસા વડે સળગાવી અને ચાલતા થયા!

જતાં જતાં કહેતાં ગયા : 'બિલ મેરે એકાઉન્ટ મેં ડાલ દેના!'

આવી એક જોક અમિતાભજી માટે પણ ચાલતી હતી. એ સમયે બચ્ચનજી ફિલ્મોમાં એન્ટ્રી લેવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. એક તો છ ફૂટની હાઈટ અને ઉપરથી પાતળી સરખી કાયા... એટલે એમનું નામ 'લંબૂજી' પડી ગયું હતું.

કહે છે કે સંઘર્ષના દિવસોમાં થોડા સમય માટે એ મહેમૂદના ઘરે રહેતા હતા. જોક એવી છે કે અમિતાભ ચોપાટી પર જઈને એ સરસ મજાના શણગારેલા ઊંટ ઉપર બેસીને ફોટો પડાવ્યો.

એ ફોટો જોઈને મહેમૂદ કહે :

'અરે વાહ! તુમ તો બહુત શાનદાર દિખ રહે હો...'

બચ્ચન કહે છે : 'જી. શુક્રિયા.'

મહેમૂદ વધારે વખાણ કરતાં કહે છે : 'બડે સજધજ કે ફોટો ખિંચવાયા હૈ...! પોઝ ભી અચ્છા દિયા હૈ... સ્ટાઈલ ભી અનોખી હૈ, મગર...'

'મગર?'

'મગર યે તુમ્હારી પીઠ કે ઉપર કૌન બૈઠા હૈ?'

કહેવાય છે કે ખુદ અમિતાભ આ જોક બધાને સંભળાવતા હતા!

જોકે અમુક સાચુકલી જોક્સ પણ ફેમસ થઈ જતી હતી જેમ કે, એક ફિલ્મના શૂટિંગ વખતે પરેશ રાવલે મલ્લિકા શેરાવતનો ટૂંકો ડ્રેસ જોઈને કહ્યું હતું કે 'ઈન કે જૈસી લડકિયાં હી ગ્લોબલ વોર્મિંગ કે લિયે જિમ્મેદાર હૈં.'

પરેશભાઈ જ્યારે હિન્દી ફિલ્મોમાં જાણીતા નહોતા થયા ત્યારે 'નસીબની બલિહારી' નામની એક ગુજરાતી ફિલ્મમાં મુખ્ય ભૂમિકા કરી હતી. એ ફિલ્મના દિગ્દર્શક નિમેષ દેસાઈએ આ અગાઉ કેતન મહેતાની જાણીતી ફિલ્મ 'ભવની ભવાઈ'માં કામ કર્યું હતું. એના શૂટિંગ દરમિયાન એમને નસીરુદ્દીન શાહ અને સ્મિતા પાટિલ સાથે સારી દોસ્તી થઈ ગઈ હતી. જ્યારે 'નસીબની બલિહારી' બની રહી હતી ત્યારે નિમેષ દેસાઈનો આગ્રહ હતો કે કોઈ રીતે નસીરુદ્દીન શાહ અને સ્મિતા પાટિલની આ ફિલ્મમાં 'ખાસ એન્ટ્રી' થવી જોઈએ. આમ તો મૂળ વાર્તામાં કોઈ જગ્યા ન હોવાથી, ગામમાં નાટક મંડળી આવી છે અને એમાં એક ગીત નસીર અને સ્મિતા ઉપર પિક્ચરાઈઝ થાય એવું નક્કી થયું.

ગીત રેકોર્ડ પણ થયું અને તેનું શૂટિંગ પણ થયું. બધું પત્યા પછી નિમેષ દેસાઈએ આખી ટીમને ભેગી કરીને ખાસ એ ગીતનું સ્ક્રીનિંગ રાખ્યું. ગીત જોઈને સૌએ વાહવાહ કરી. પણ પરેશ રાવલ બોલ્યા: 'નિમેષ, હવે તું ફિલ્મમાં ઈન્ટરવલ ના પાડીશ.' 'કેમ?' એના જવાબમાં પરેશભાઈએ કહ્યું 'આ ગીત આવશે ત્યારે આમેય લોકો એકી-પાણી કરવા માટે સ્વેચ્છાએ બહાર જતા રહેશે!'

મશહૂર કોમેડિયન આઈ.એસ. જોહર માટે એક જોક એવી ચાલી રહી હતી કે જ્યારે 'જોહર મહેમૂદ ઇન ગોવા' ફિલ્મ બની ગઈ ત્યારે એને 'ટેક્સ-ફ્રી' કરાવવા માટે જોહરે એ ફિલ્મ એક મિનિસ્ટરને બતાડી. મિનિસ્ટર એ ફિલ્મ જોઈને ત્રાસી ગયા. 'આમાં નથી કોઈ વાર્તાનાં ઠેકાણાં, નથી એક્ટિંગમાં ભલીવાર, નથી કોઈ એવો બોધ... તો શા માટે એને ટેક્સ-ફ્રી કરું?'

જોહર કહે છે 'સાહેબ, તમારું મનોરંજન તો થયું ને?'


મંત્રી કહે છે : 'શેનું મનોરંજન? આમાં મનોરંજન થાય એવું કશું છે જ નહીં !'

એ જ ક્ષણે જોહરે તક ઝડપી લેતાં કહ્યું : 'સર, જહાં મનોરંજન હી નહીં હૈ, તો ઉસ કે ઉપર મનોરંજન ટેક્સ કૈસા?'

આ જ જોક્સ પાછળથી ગુજરાત સરકારના એક વરિષ્ઠ મંત્રી અને નરેશ કાનોડિયાના નામે પણ બહુ ફેમસ થઈ હતી ! ■



નરેશ કનોડિયા



પરેશ રાવલ



શત્રુઘ્ન સિંહ

ઝિન્નત અમાન

રાજ કુમાર

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા


### ડાકુ રાણી જેવાં ગુસ્સે કેમ થયા શેખર કપૂર?




વર્ષ ૧૯૯૪માં ડાકુ રાણી ફૂલન દેવીના જીવન પર આધારિત ફિલ્મ 'બેન્ડિટ ક્વીન' બનાવીને શેખર કપૂરે ધમાકો કરી દીધો હતો. એ ફિલ્મ-એની કથાવસ્તુ એની માવજાત, ઈત્યાદિમાં ખરેખર તો પોતાના સમયથી ઘણી આગળ હતી આમ છતાં ફિલ્મ સમીક્ષકો અને દર્શકોએ એને વધાવી હતી.


હવે જ્યારે ઓટીટી પર આ ફિલ્મ આવી છે ત્યારે વિવાદ ઊભો થઇ ગયો છે. શેખર કપૂરે જ્યારે ઓટીટી પર આ ફિલ્મ જોઈ ત્યારે એમને રીતસરનો આઘાત લાગ્યો હતો. કારણ કે એ ઓટીટી પ્લેટફોર્મના કર્તાધર્તાઓએ મૂળ ડાયરેક્ટર કે નિર્માતાની પરવાનગી વગર 'બેન્ડિટ ક્વીન' ને પોતાની રીતે આડેધડ એડિટ કરી નાખી હતી, જેને કારણે કદાચ ફિલ્મનો આત્મા જ મરી ગયો છે એવું શેખર કપૂરને લાગ્યું. સોશિયલ મીડિયા પર સખ્ત શબ્દોમાં પોતાનો વિરોધ નોંધાવતા શેખર કપૂરે આ ઘટનાને 'બેદરકારીપૂર્વક કરેલો હિંસાચાર' ગણાવ્યો છે. શેખર કપૂરની સાથે અન્ય ફિલ્મ મેકર્સ હંસલ મહેતા અને સુધીર મિશ્રા પણ આ વિરોધમાં જોડાયા છે. જોકે, આ ઘટનાના ઊંડાણમાં જઈએ તો, રણવીર અલ્હાબાદીયા એપિસોડ બાદ એવું જોવા મળ્યું છે કે ઓટીટી પ્લેટફોર્મ્સવાળા અમુક કામુક દશ્યો, હિંસા અને અપશબ્દોને લઈને વધુ પડતા જાગૃત થઇ ગયા છે. જે ઓટીટી ઉપર છે એવી ઘણી જૂની હોલિવૂડ ફિલ્મનાંય અમુક દશ્યો અને સંવાદો પર પણ ઓટીટીના એડિટરોની કાતર નિર્મમ રીતે ફરી હોવાની ફરિયાદ આવી રહી છે. આથી, આ પ્રકારની તકલીફ માત્ર 'બેન્ડિટ ક્વીન' ને જ નથી થઇ, બીજી ઘણી મુવીઝ એ જ રીતે અત્યારે ઘાયલ હાલતમાં જોવા મળી રહી છે.

### કિસકા દિલ (નહીં) ચાહતા હૈ ?!




રિ-રિલીઝના ઘોડાપૂરમાં આમિર ખાનના સાઈઠ વર્ષથી ઉજવણીના ભાગ રૂપે એની અનેક હીટ ફિલ્મો રિ-રિલીઝ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આમાંથી આમિરના ફેન્સ માટે સહુથી વધુ ઉત્કંઠા 'દિલ ચાહતા હૈ' માટે હતી. આ ફિલ્મને 'મોડર્ન ક્લાસિક' તરીકે ક્રિટીક્સ દ્વારા નવાજવામાં આવી હતી અને તે આજે પણ યુવાનોમાં એટલી જ લોકપ્રિય છે. આથી આમિરની ફિલ્મોના રસાલામાંથી 'દિલ ચાહતા હૈ' ને જ સહુથી વધુ ફૂટફોલ્સ મળશે એવી આશા તમામને હતી, પરંતુ આ ફિલ્મને જોવા માટે ચાહકો પહોંચ્યા ત્યારે એમને આંચકો લાગ્યો કે દેશના અસંખ્ય મલ્ટીપ્લેક્સમાં આ ફિલ્મનો કેડીએમ (કી ડિલીવરી મેસેજ-એક પ્રકારનો પાસવર્ડ) પહોંચ્યો ન હોવાથી તેના શોઝ છેલ્લી ઘડીએ કેન્સલ કરવા પડ્યા હતા. દરેક થિયેટરમાં દરેક ફિલ્મને શરૂ કરવા પહેલા થિયેટર માલિકોને દરેક શો માટે આ 'કેડીએમ' આપવામાં આવે છે અને એનો ઉપયોગ થાય પછી જ દર્શકો ફિલ્મ જોઈ શકે છે. પરંતુ 'દિલ ચાહતા હૈ'ના કેસમાં આ 'કેડીએમ' થિયેટર્સ સુધી પહોંચ્યા નહીં એમાં શોઝ કેન્સલ કરવા પડ્યા. આ કારણે આમિરના અસંખ્ય ચાહકો નારાજ થયા,. કુદરત કા હી 'જબ દિલ ન ચાહે' તો કોઈ ક્યા કરે ?

### એક અધૂરું સપનું 'ક્રિશ ફોર'



આપણે આ કોલમ 'કટ એન્ડ ક્લેપ' માં થોડા દિવસ પહેલાં જ જણાવ્યું હતું કે 'ક્રિશ ફોર' ક્યારેય રિલીઝ નહીં થઇ શકે, કારણ તેનું અધધધ બજેટ... થોડા સમય પહેલાં જ્યારે 'કહો ના પ્યાર હૈ' રિ-રિલીઝ થઇ ત્યારે એક ઇન્ટરવ્યુમાં ખુદ રાકેશ રોશને કહ્યું હતું કે 'ક્રિશ ફોર'ને તેનું પહોંચી ન વળાય એવું બજેટ નડી રહ્યું છે ઉપરાંત આજકાલનાં બાળકો માર્વેલની ફિલ્મો જોઇને વધુ સ્માર્ટ થઇ ગયા છે એટલે આ હિંદી ફિલ્મને યોગ્ય રિસ્પોન્સ મળશે કે કેમ એ પણ શંકા છે.

હવે તાજા સમાચાર અનુસાર એક અંદાજ પ્રમાણે જો 'ક્રિશ ફોર' ને બનાવવી હોય તો ૭૦૦ કરોડ રૂપિયાનું બજેટ જોઇશે અને આ બજેટથી જ ફિલ્મ તેના ખાસ પ્રકારના દર્શકને ખુશ કરી શકશે...

હવે આટલું મોટુંમસ બજેટ છૂટું કરવા દેશનો કોઈ પ્રોડ્યુસર કે કોઈ સ્ટુડિયો તૈયાર નથી. બીજું, હિતિક રોશનના ખાસ મિત્ર સિદ્ધાર્થ આનંદ જેમણે આ પ્રોજેક્ટમાં સહ-નિર્માતા બનવાનું સ્વીકાર્યું હતું એમણે પણ બજેટની રકમ સાંભળીને પીછેહઠ કરી લીધી છે અને પ્રોજેક્ટમાંથી આઉટ થઈ ગયા છે. દેશભરના જંગી સ્ટુડિયોઝ પણ સમજે છે કે ભારતનો દર્શક માર્વલની અસંખ્ય સુપર હીરોઝની ફિલ્મો જોઇને હવે એ જ લેવલની ભારતીય ફિલ્મ માગતો થઇ ગયો છે. આથી 'ક્રિશ ફોર' જેની છેલ્લી સિક્વલના દસ વર્ષ વીતી ગયા છે તેમાં રોકાણ કરવું એ ખતરાથી ખાલી નથી. હવે કદાચ 'ક્રિશ ફોર' હિતિક માટે એક સ્વપ્ન બનીને રહી જશે. ■

**કટ એન્ડ ઓકે..**

***'એમનો નકામો ઓસ્કર્સ એમને રાખવા દો, આપણા માટે નેશનલ એવોર્ડ જ સારો!' પોતાની ફિલ્મ 'ઈમરજન્સીને' ઓસ્કર્સમાં મોકલવાની અગાઉ ચર્ચા થઈ પછી કંગના રનૌતનો અભિપ્રાય.***

'આ પ્રયોગને તમે નિષ્ફળ કહો છો?.'

'ચોક્કસ. આ તમારો અલખઆનંદ ફક્ત શબ્દભ્રમ ઊભો કરે છે. અમે જેને 'વેન્ટ્રિલોકવિસ્ટ' કહીએ છીએ. જાણે કોઈ બીજો બોલતો હોય એવી યુક્તિ. એને 'ગારુડ વાણી પણ લોકો કહે છે. એમાં વેન્ટ્રીલોકવિસ્ટ પોતાના હાથની કરામતથી પૂતળાના ચહેરાના અને હોઠના હાવભાવ હલનચલન કરાવતા હોય છે. આ તમારો અઘોરી એ હલનચલન પોતાની માનસિક શક્તિથી કરે છે.'

આ વાતોમાં અમને અમારી આસપાસનું ધ્યાન પણ રહ્યું નહોતું. અચાનક પાંદડા ખખડવાના અવાજથી મેં અને નિકુંભઆનંદે પાછળ ફરી જોયું અને નિકુંભે ચીસ પાડી.

અમારી પાછળ જ અલખઆનંદ અદબ ભીડીને દૃઢતાથી ઊભા હતા. એમના ત્રિશૂળ પરથી સૂર્યના કિરણો પરિવાર્તિત થઈને મારી આંખમાં ભોંકાવા લાગ્યાં.

મારું હૃદય એકાદ ધબકારો ચૂકીને જોરજોરથી ધડકવા લાગી ગયું હતું. અલખઆનંદની ઉપસ્થિતીથી નિકુંભઆનંદે પણ પ્રક્ષોભ અનુભવ્યો. અમે ત્રણેય કેટલીય પળો સુધી એકબીજાને તકતા એમ જ ઊભા રહ્યા. આખરે અલખઆનંદે જ ખામોશીનો અંત આણ્યો :

'હું તને કેટલાક પ્રશ્નો પૂછવા ઈચ્છું છું', એણે મારી સામે જોઈ કહ્યું.

કંઈક સ્વસ્થતા પ્રાપ્ત થતાં જ મેં કહ્યું:

'મારા વર્તનથી આપને કોઈ દુઃખ થયું હોય તો માફ કરશો...પણ એ પરિસ્થિતિમાં...'

'મારા પ્રશ્નોના જવાબ આપશો?' એમણે વચ્ચે જ પૂછ્યું.

'જરૂર..મને આનંદ થશે.'

'માંડલામાં પેલા બ્રાહ્મણે જ તમારા વિશે વાત કરી હતી. એ તમારા વિચારોથી તમારા સ્વામી મિત્રના કારણે પરિચિત હતો. આત્મા વિશેના તમારા વિચારોથી મને ક્રોધ ઊપજ્યો હતો. આમ છતાં હું તમને એક વાત કહેવા ઈચ્છું છું. તમે મારું છળ જાણી ગયા. આમ ક્યારેય બન્યું નથી એટલે જ હું તમારા મોઢે આત્મા વિષેના તમારા વિચારો જાણવા ઈચ્છું છું.'

અલખઆનંદ દેખાતા હતા એનાથી વધારે નિખાલસ નીકળ્યા. મેં એમની પાસેથી આવા સ્પષ્ટ એકરારની આશા રાખી નહોતી. એ આશાથી પ્રેરાઈને મેં એને કહ્યું:

'હું તમને એ વિશે કહીશ, પણ તમારે પણ મારા પ્રશ્નોના ઉત્તર આપવા પડશે.' એમણે સંમતિમાં ડોકું હલાવ્યું. આ સંવાદના કારણે નિકુંભઆનંદે નિરાંતનો શ્વાસ લીધો.

અમે ત્રણેય કુંડાળું વાળી એક વૃક્ષની છાયામાં બેઠા,

'તમે કયો પ્રશ્ન પૂછવા ઈચ્છો છો?' મેં પૂછ્યું.


'તમે આત્માના અસ્તિત્વને શા આધારે નકારો છો?'

'એક સ્પષ્ટતા કરી દઉં. હું આત્માના અસ્તિત્વને નકારતો નથી, પણ એ આત્માના આપણે કલ્પી લીધેલા ગુણોનો અસ્વીકાર કરું છું, જેમકે આત્માનો ફરી ફરી જન્મવાનો ગુણ. આવા ગુણનો હું અસ્વીકાર કરું છું.'

'કારણ કહો'- અલખઆનંદે સ્વાભાવિક જ આજ્ઞા કરી.

'હું આત્માને કોઈ અલગ એકમ-યુનિટ માનતો નથી. આત્મા બે તત્ત્વનો બન્યો છે. અત્યાર પૂરતા તો એ બે ફક્ત બે જ તત્ત્વને સ્વીકારીને મારે આ વાત કહેવી પડશે. એક ચેતના, બીજી ભાવના. હજારો વર્ષ પહેલાં જ્યારે માનવીએ પોતામાં શક્તિનો અને એક અમર તત્ત્વનો અનુભવ કર્યો ત્યારે એને એણે આત્મા તરીકે સ્વીકારી લીધો. જો જોતો હતો, અનુભવતો હતો કે કોઈ શક્તિ- કોઈ ચેતના એને જીવતો રાખે છે. એ શક્તિ - એ ચેતના જતી રહે છે અને એ મૃત્યુ પામે છે. આમ છતાં એને જીવનના સાતત્વનો પણ અનુભવ થતો હતો. એમ જોયું કે માનવી- વ્યક્તિ છે છતાં યાદરૂપે ક્યારેક જ્ઞાન- ક્યારેક પ્રેમ કે વાસના રૂપે કે એ જીવિત રહે છે. આ અનુભવે એણે આત્માની શોધ કરી. આ શોધમાં એણે ચેતના અને ભાવનાને અલગ તારવ્યાં ન હતાં- મર્યાદિત જ્ઞાનની એ સીમા હતી, જેમ ત્યારે પાણી-પાણી હતું. આજે એ બે હાઈડ્રોજન અને એક ઓક્સિજન છે. આત્મા ત્યારે આત્મા હતો. આજે એ ચેતના અને ભાવના છે.

'ચેતના અને ભાવના એ સતત વહેતા પ્રવાહ છે. એ કોઈ ટુકડા કે એકમ નથી. વીજળીના સતત વહેતા પ્રવાહમાંથી વીજળીનો ગોળો શક્તિ-




પ્રકાશવાની શક્તિ પ્રાપ્ત કરે છે. કાળક્રમે વીજળીનું પ્રકાશમાં રૂપાંતર કરવાની ગોળાની ક્ષમતા નાશ પામે છે ત્યારે વીજળીનો પ્રવાહ કે પ્રકાશનું વિસ્તરવું નાશ પામતા નથી.

એ જ રીતે ચેતના-શક્તિ ક્ષીણ થાય છે વપરાય છે- ઘસાય છે, જ્યારે ભાવના હંમેશાં વૃદ્ધિ પામે છે- ફેલાય છે- વિસ્તરે છે. એમ પણ કહી શકાય કે ચેતનાનું જ ભાવનામાં પરિવર્તન થાય છે- જેમ કે ઊર્જાનું પ્રકાશમાં રૂપાંતર થવું. '

હું સહેજ થોભ્યો પછી મારી વાત આગળ વધારી :

'સ્ત્રી-પુરુષ સમાગમથી જ આ ચેતના સતત વહેતી રહે છે, જીવંત ઘટકો જ જીવની ઉત્પત્તિ કરે છે. ચેતનાનો પ્રવાહ કાળની સાથે સાથે જ પેઢી દર પેઢી વહ્યા કરે છે.

ઊર્જા બાળીને જેમ પ્રકાશ મેળવવામાં આવે છે એ જ ચેતનાના ક્ષયથી- વપરાશથી ભાવનાની વૃદ્ધિ કરવામાં આવે છે. માનવીનાં બુદ્ધિસંસ્કાર અનુસાર એ ચેતનાનું ભાવનામાં રૂપાંતર થાય છે '

'આત્માને આત્મા ન સમજતાં ચેતના અને ભાવના સમજવાથી શો ફરક પડે છે?' અલખઆનંદે પૂછ્યું.

'આત્મા સાથે જ આપણે પૂર્વજન્મ-પુનર્જન્મ અને પરમાત્માને સાંકળ્યા છે. આ ભ્રમણા નાશ પામે છે. આત્માને ચેતનાનો પ્રવાહ સમજવાથી એની શક્તિનો કેવી રીતે નાશ થાય છે, એ તરત સમજાય છે. એ શક્તિ પાછી મળવાની નથી. દીપકમાં બળેલું તેલુ પાછું આવી શકતું નથી. એ સાથે જ ભાવનાની અમરતા સમજાતાં એમાં વૃદ્ધિ કરવાની ઈચ્છા જન્મે છે. માનવી ભાવના દ્વારા જ સતત જીવતો રહી શકે. સારાં કર્મથી, સારા વિચારોથી સારી ભાવના જન્મે છે. અનેક આત્માની ઉપર કોઈ પરમાત્મા છે એ ભ્રમણા પણ નાશ પામતાં એ પોતાને પરમ ચેતનાના મૂળ પ્રવાહનો જ અંશ સમજે છે. આથી એવી વ્યક્તિનું સ્વાભિમાન જાગૃત થાય છે. પુનર્જન્મ નથી એમ જ્ઞાન થતાં એ આ જન્મમાં જ આ જડ શરીરનું ચેતના દ્વારા ભાવનામાં રૂપાંતર કરે છે.'

'તમારી વાત સત્ય છે એમ કેમ માની શકાય?' અલખઆનંદે આશંકા વ્યક્ત કરી.

'અનુભવ્યા વગર કશાને સત્ય ન માનવું જોઈએ. કલ્પનાયોગ દ્વારા જ સત્યનો અનુભવ થઈ શકે.'

'આ કલ્પના યોગ શું છે?' અલખઆનંદે ફરી પૂછ્યું.

'મનના શક્તિવાન ઘોડાને સંયમની લગામ નાખી સ્નેહના માર્ગે સત્ય તરફ લઈ જવાનો પ્રયાસ એટલે કલ્પનાયોગ.'

આ પછી મેં એમને વિસ્તારથી કલ્પનાયોગ સમજાવ્યો. મનની શક્તિ વિશે એ અજાણ તો નહોતા જ.

'અલખઆનંદજી, તમને ખબર છે કે કઈ શક્તિ વડે તમે આકાશમાં ઊડતાં પક્ષીઓને પાડી શકો છો?'

'ત્રાટક વિદ્યાથી મેં એ શક્તિ પ્રાપ્ત કરી છે.'

'અને ત્રાટક વિદ્યા તમે મંત્રો દ્વારા મનની શક્તિને એકાગ્ર કરી મેળવી છે. તમે કોઈ ઊડતા નિર્દોષ પક્ષી પર તમારા મનની શક્તિઓ એકત્ર કરી એને ચેતનાના પ્રવાહનો ફ્યુઝ ઊડાડી દ્યો છો અને એ પક્ષી મૃત્યુ પામે છે. હકીકતમાં આ મનની શક્તિ પર બુદ્ધિ-સંસ્કારે ચડાવેલી વિકૃતિ છે. તમે મનને ઓળખતા નથી. મંત્રને ઓળખો છો. તમે તમને ઓળખતા નથી અને તંત્રને ઓળખો છો. ત્રાટકની કે એવા જ કોઈ ચમત્કારની પ્રાપ્તિ એ તમારા જીવનની અંતિમ સિદ્ધિ છે. તમારા બુદ્ધિ-સંસ્કાર તમને એનાથી આગળ લઈ જઈ શકતા નથી. જેમ કોઈ કૃપણ ફક્ત ધનપ્રાપ્તિને જ પોતાનું જીવનધ્યેય બતાવે તેમ. તમારામાં અને પેલા કૃપણ- ગરીબમાં કોઈ ફરક નથી.એકાદ પક્ષીને નિષ્પ્રાણ કરવાથી તમને કઈ સિદ્ધિ પ્રાપ્ત થાય છે? ફક્ત અબુધો- અજ્ઞાનીઓ- અંધશ્રદ્ધાળુઓ તમારી વાહવાહ કરે છે. આનાથી નથી તમારું કલ્યાણ થતું, નથી એ મૂર્ખોનું. તમે તમારી શક્તિની ભ્રમણામાં અટવાયા કરો છો. મનની સાચી શક્તિને ઓળખી શકતા નથી અને મનની વિકૃતીના મૃગજળ પાછળ દોડ્યા કરો છો.'

મારું આ લાંબું સંભાષણ જે રીતે અલખઆનંદ ચૂપચાપ સાંભળી રહ્યા હતા એ જોઈ નિકુંભઆનંદ આશ્ચર્ય અનુભવતો હતો. સવારે લાલચોળ આંખે પક્ષીઓ પાડતા અલખઆનંદની આંખોમાં આ વખતે ફક્ત જિજ્ઞાસા હતી.

'તમારા મન પર છવાયેલી આ વિકૃતિને ખંખેરી-ફગાવી એ મનની શક્તિઓને પ્રકૃતિ તરફ વાળવી. અત્યારે ફક્ત એટલું જ કરવાનું અને કલ્પનાયોગ તમને એમાં મદદ કરશે.'

થોડી વાર પછી મેં કહ્યું:

'મેં તમારા પ્રશ્નોનો જવાબ આપ્યો છે. હવે હું તમારા વિશે જાણવા ઈચ્છું છું.'

અલખઆનંદની કઠોરતા - ભયાનકતા હવે અલોપ થઈ ગઈ હતી. નજીક આવતાં જ માનવી એકબીજાને ઓળખવા લાગે અને આશંકાઓ નાબૂદ થાય એમ અમે વધુ નજીક આવ્યા હોઈએ એમ મેં અનુભવ્યું.

'હું યાદ કરું છું- કરી શકું છું ત્યારથી જ મને ખબર છે કે હું આ અઘોરીઓ સાથે છું. ખૂબ નાનો હતો ત્યારથી. તમને ખબર છે, આ અઘોરીઓ ક્યાંથી આવે છે? એમની જમાત કેવી રીતે વિસ્તારે

**આજે પણ તાંત્રિક સાયુજયનો પ્રયોગ થશે? એક સ્ત્રી એક પુરુષને એ પ્રયોગ પછી મારે મળવું છે... એ પ્રયોગ દરમિયાન એ કેવો અનુભવ કરે છે એ મારે જાણવું જરૂરી છે.**

છે? અઘોરોઓ મરે પછી નવા અઘોરીઓ ક્યાંથી આવે છે?'

મેં હસીને ડોકું હલાવી 'ના' પાડી.

'અઘોરીઓની જમાત વિશિષ્ટ માનસિક શક્તિ ધરાવતા બાળકોનું ક્યારેક અપહરણ કરે છે. ક્યારેક કોઈ સંસારીની વિશિષ્ટ સેવા બદલ એમને એકાદ બાળક દાનમાં પણ મળે છે. ભાગ્યે જ આ નિકુંભઆનંદ જેવા ભણેલાઓ સ્વેચ્છાએ આ જમાતમાં ભળે છે. બીજાને ભળવા દેવામાં આવતાં ય નથી, કારણ કે બહારના મોટી ઉંમરે જમાતમાં ભરતી થનારાઓ પર શંકાની નજર રખાય છે. નિકુંભ એનો વૃત્તાંત તમને જ કહેશે. અઘોરીઓને પોતાનું બાળક હોતું નથી. અઘોરી ક્યારેય સ્ખલન કરતો નથી.'

'તાંત્રિક સંભોગ કરવા છતાંય?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'સ્ખલન કરનારો અઘોરી ધર્મથી પણ સ્ખલિત થઈ જાય છે. એને ભયાનક સજા કરવામાં આવે છે.' વાત આડે પાટે ચડી ગઈ, પણ રસપ્રદ હોવાથી મેં એમને ટોક્યા નહીં એ જાતે જ ફરી પોતાનાં વૃતાંત પર આવ્યા.

'મેં મારી આસપાસ હંમેશાં આ અઘોરીઓને જ જોયા છે. ગામેગામ ભટકતાં અમે શિક્ષા પ્રાપ્ત કરીએ છીએ. મને અહીં જ દીક્ષા આપવામાં આવી. મંત્રસિદ્ધિના પ્રયોગો શીખવવામાં આવ્યા અને હું મારી શક્તિઓમાં વૃદ્ધિ અનુભવવા લાગ્યો. મારી દૃષ્ટિ પડતી અને વૃક્ષ સૂકાવાં લાગતાં. મારી આંખો ફરતી અને પશુઓ તરફડવાં લાગતાં. પક્ષીઓ પ્રાણ ત્યજી દેતા. હું મારી જાતને જૈવીક શક્તિઓથી વિભૂષિત માનવા લાગ્યો. મહાશક્તિ ચામુંડાની અસીમ કૃપાનો હું અનુભવ કરવા લાગ્યો. જીવંત મનુષ્યો તો ઠીક પશુઓ અને પક્ષીઓ ઉપરાંત મૃતાત્માઓ પર પણ જોતજોતામાં કાબૂ મેળવી લીધો હતો. હું આજ્ઞા કરતો અને ભલભલા આત્મા મારી સામે આવી પ્રત્યક્ષ થતા. હું એમને જોઈ શકતો, અનુભવી શકતો અને એક દિવસ એકાએક મને લાગ્યું કે આ બધી ભ્રમણા છે, પણ એ ભ્રમણાને હું સમજી શકતો નહોતો. આત્માઓ જાણે મને છળતા હોય એવો ભાસ થવા લાગ્યો. જે જીવાત્માઓ પર મેં અધિકાર જમાવ્યો હતો એ જ આત્માઓ હવે મારી પાછળ લાગ્યા હતા. આ છલનાના કારણે હું વ્યગ્ર બન્યો હતો. '

અલખઆનંદ આટલું કહી મારી સામે જોવા લાગ્યા. એમની આંખોમાં પ્રશ્નો હતા. મેં કહ્યું:

'મનની ભ્રમણા ઉત્પન્ન કરવાની શક્તિનો આ પ્રભાવ છે. યોગીઓ, જ્ઞાનીઓ આને 'માયા' કહે છે. આ શક્તિને ન સમજી શકવાના કારણે જ મનને મારવાની દાબવાની નકામું બનાવી દેવાની ચેષ્ટાઓનો પ્રારંભ થયો. બંધનમાંથી છૂટવા મથતા માનવીને આ મન, છલના કરી નવાં બંધનોમાં બાંધે છે. કામ, ક્રોધ, લોભ, મોહમાંથી છૂટવા મથતા માનવીને માયા પુનર્જન્મની કામના, આ જન્મ પર ક્રોધ, મોક્ષનો લોભ અને સ્વર્ગનો મોહ આપે છે. સત્યને પામવાની કલ્પનાશક્તિ નષ્ટ થઈ હોવાના કારણે ઈશ્વરપ્રાપ્તિથી ભ્રમણા થતાં જ એ સિદ્ધિ પ્રાપ્ત થયાનું માની લે છે જેમ તમે કોઈ શક્તિ પ્રાપ્ત થતાં જ દૈવી કૃપા થઈ એમ માનો છો તેમ... કલ્પનાશક્તિ ગુમાવી બેઠેલો માનવી કાલ્પનિક ભ્રમણાને સત્ય માને છે. જેમ તમે આત્માને એની છલનાને સત્ય માની લ્યો છો તેમ.'

'આ ભ્રમણામાં પણ સત્યાંશ અનુભવાય છે.' અલખઆનંદે પૂછ્યું:

'ક્યારેક આ ભ્રમણા પણ સત્યનો અનુભવ કરાવે છે, એમ શા માટે બને છે?'

'દાખલા તરીકે?' મેં પૂછ્યું.

'કેટલીક વ્યક્તિ એમના મૃત સ્વજનોના આત્માને ખરેખર જ પ્રત્યક્ષ આવેલો અનુભવે છે, એમની સાથે વાતચીત કરે છે. એ પ્રયોગ સંતોષતકારક પણ હોય છે. આમ કેવી રીતે બની શકે?'

'અચેતન મનમાં સચવાયેલી સ્મૃતિઓ જ આ છલના કરે છે. હું મારા કોઈ સ્વજનના આત્માને પ્લેન્ચેટ અથવા માધ્યમ દ્વારા બોલાવું છું ત્યારે સ્મૃતિમાં મેં કલ્પી લીધેલા સવાલો-પ્રસંગો વગેરે સામે આવે છે ત્યારે મને આત્મનો ભ્રમ થાય છે.'

થોડી વાર રહી મેં ઉમેર્યું :

'આત્મા જો અનેક શરીર બદલતો હોય તો એ કોઈ એક વ્યક્તિનો આત્મા છે એમ કહી શકાય?' અલખઆનંદ પાસે આનો જવાબ નહોતો. એમણે કહ્યું :

'તમારી વાતો કંઈક પ્રતીતિકર લાગે છે, છતાં ય...'

'અનુભવ્યા વગર એને માની લેશો નહીં'

મેં તરત જ ઉમેર્યું :

'વાતો માની લેવાથી જ જ્ઞાનને અને માનવીને, કલ્પનાશક્તિને ભયાનક નુકસાન થાય છે- થયું છે.'

'પરકાયા પ્રવેશનો પ્રયોગ તમે જોયો છે?' અલખઆનંદે પૂછ્યું.

'સાંભળ્યો છે, જોયો નથી.' મેં કહ્યું.

'વામદેવ એ પ્રયોગ કરે છે. પરાત્પર પણ કરી શકે છે,' નિકુંભ બોલ્યો.

'જોવા મળે?' મારી જિજ્ઞાસા સળવળી.

'એ પ્રયોગ જોયા પછી તમે આત્મા છે એમ માનશો?' અલખઆનંદે પૂછ્યું.

'પ્રયોગથી પ્રતીતિ થશે તો અવશ્ય. મારી માન્યતાઓ જડ નથી.'

સાંજ સુધીનો સમય તો ચાલ્યો ગયો. બીજા એક પાડાનું બલિદાન. પેલી બાલિકાને બોલાવી વામદેવે ફરી પૂતલિકા પ્રયોગ કર્યો. માટીના પૂતળામાં એ ધારદાર હથિયાર ભોંકતા અને પેલી માસૂમ છોકરી વેદનાની ચીસ પાડી ઊઠતી.

નિકુંભે પૂછ્યું : 'આ કેમ થાય છે. તમારી રીતે આનો કોઈ જવાબ તમારી પાસે છે? તમે કાલે કહ્યું તેમ શાણ્ડિલ્યનાથે પૂતળાની ડોક તોડી અને તમારો જગજીત મૃત્યુ પામ્યો. આ પૂતળા અને વ્યક્તિ વચ્ચે શા સંબંધ છે?'

જવાબ ન આપતાં હું એને વામદેવની નજીક ખેંચી ગયો. યજ્ઞકુંડની સામે જ એક ઊંચી પાટ પર છોકરીને સુવાડવામાં આવી હતી. મોઢા અને શરીર પર ચોપડેલા અને હવે સૂકાઈ ગયેલા માટી જેવા લેપને કારણે એ પણ જાણે માટીની પૂતળી હોય એ લાગતી હતી. એનાથી થોડે દૂર વામદેવ પદ્માસન વાળી બેઠો હતો. એની સામે જ ગઈ કાલે બનાવેલું માટીનું પૂતળું હતું. અઘોરીઓનું ટોળું એમને ઘેરીને ઊભું હતું. આગલા દિવસ જેવી જ ઉત્તેજના અને ઉશ્કેરાટ ત્યારે પણ હતાં. તીક્ષ્ણ હથિયાર અધ્ધર ઝાલી રાખ્યું હતું. એના હોઠ ફફડતા હતા અને એ મંત્રોચ્ચાર કરતા હોય એમ લાગતું હતું. થોડી થોડી વારે એ પેલા પૂતળામાં હથિયાર ભોંકતો અને છોકરી વેદનાથી ચીસ પાડી ઊઠતી. સાથે જ અઘોરીઓ હર્ષનાદ કરતા હતા. અદિતી અને પરાત્પર પણ એક બાજુ ઊભાં ઊભાં આ વિધિ જોઈ રહ્યાં હતાં.

હું નિકુંભને લઈ ફરી બહાર આવ્યો. ઓટલા પર એકાંત જગ્યા જોઈ અમે બેઠા. મેં એને મારી રીતે સમજાવ્યો :

'વામદેવના આ પ્રયોગમાં પૂતળાનું કશું મહત્ત્વ નથી. એમનું સબળ મન છોકરીને વેદના દર્દ પહોંચાડવાનો સંકલ્પ કરે છે અને છોકરીને વેદના થાય છે. માટીના પૂતળા સાથે એમની સાધના જોડાઈ ગઈ છે એ કારણે એમના મનને કેન્દ્રિત કરવા એનો ઉપયોગ થાય છે એ ખરું પણ એની આવશ્યકતા નથી. પૂતળા અને પેલી માસૂમ છોકરી જો કોઈ સંબંધ હોય તો અન્ય કોઈએ પૂતળાને વેદના પહોંચાડે તો છોકરીને વેદના થવી જોઈએ પણ એમ થશે નહીં એની મને ખાતરી છે. ફક્ત વામદેવ જ એ કરી શકે. કારણ કે છોકરીનું અજ્ઞાત મન વામદેવની સબળ માનસશક્તિના કબજામાં છે. ઈચ્છો તો તમે પૂતળાને વેદના પહોંચાડી ખાતરી કરી જુઓ.'

નિકુંભઆનંદ ચૂપ રહ્યો.

'આજે પણ તાંત્રિક સંભોગનો પ્રયોગ થશે?' મેં પૂછ્યું.

'સાધના ચાલશે તે દરમિયાન રોજ થશે.' નિકુંભે કહ્યું.

'એક સ્ત્રી એક પુરુષને એ પ્રયોગ પછી મારે મળવું છે..એ પ્રયોગ દરમિયાન એ કેવો અનુભવ કરે છે એ મારે જાણવું છે. આ શક્ય છે ?'

'માતા અદિતી અને પરાત્પરની આજ્ઞા મેળવવી પડશે. આશા છે, મળી જાશે.'

'આટલું કામ અવશ્ય કરજો.' મેં વિનંતી કરી:

'પ્રત્યક્ષ ભાગ લેનારની પ્રતિક્રિયાઓ જાણ્યા સિવાય તમારા આ પ્રયોગને જાણવાનો મારી પાસે કોઈ અન્ય માર્ગ નથી.'

નિકુંભઆનંદ માત્ર હસ્યો.

સૂર્યાસ્ત થયા પછી યજ્ઞ પાસેથી ટોળું વિખરાયું. અઘોરીઓ એમનું ભોજન કરવા લાગ્યા. એ દરમિયાન મેં પણ પેટપૂજા કરી લીધી. થોડી વાર પછી ચોગાન મશાલના અજવાળામાં ઝગમગી રહ્યું હતું. કાળા આકાશમાં તારાઓ સ્પષ્ટ દેખાતા હતા અને તમારાંઓનો એકધારો અવાજ રાત તરડાતી હોય એવો આભાસ ઉત્પન્ન કરતો હતો. નિકુંભ આવ્યો. બોલ્યો:

'વામદેવજી તમને પરકાયા પ્રવેશનો પ્રયોગ બતાવવા તૈયાર થયા છે. અત્યારે જ ચાલો.'

મારે બીજું કામે ય શું હતું?

એક પછી એક ઓરડા પસાર કરતાં અમે જેનું બલિદાન આપવાનું હતું અને જેની પર થોડા સમય પહેલાં જ પૂતલિકા પ્રયોગ કરવામાં આવી રહ્યો હતો એ છોકરીને જ્યાં રાખવામાં આવી હતી એ ઓરડા પાસે પહોંચ્યા, ઓરડામાંથી વિચિત્ર સુગંધ આવી રહી હતી. એ સુગંધ સાથે મશાલમાં બળતા તેલની વાસ ભળવાથી વિચિત્ર અનુભૂતિ થતી હતી.

વામદેવ એક ઊંચા આસન પર છોકરીની બાજુમાં જ બેઠો હતો. બાબા ભૈરવનાથ પણ તે સમયે ત્યાં હાજર હતા. એમણે મારી તરફ સ્મિત કર્યું. મેં બંનેને અભિવાદન કરી એક આસન પર જગ્યા લીધી. કેટલીક સાવ ઔપચારિક વાતો પછી વામદેવે કહ્યું:

'મૃત અને જીવંત શરીર વચ્ચેનો ભેદ તમે પારખી શકો છો ખરા? '

'કોઈ ડોક્ટર જેટલી ચોકસાઈથી નહીં, પણ સામાન્ય રીતે ભેદ ખબર પડે.' મેં કહ્યું.

'આગળ આવી જુઓ, આ છોકરી જીવે છે કે મૃત્યુ પામી છે?'

વામદેવની આ વિચિત્ર વાતથી હું હેબતાઈ જ ગયો.

'આવો, તપાસી જુઓ. તમે જે પરકાયા પ્રવેશનો પ્રયોગ ઈચ્છો છો તેનો આ એક ભાગ જ છે.' બાબા ભૈરવનાથે કહ્યું.

હું પેલી છોકરી પાસે ગયો. જરા પણ હલનચલન ક્યાંય દેખાતું નહોતું. મેં એની છાતી પર, હૃદય પાસે મારો કાન મૂક્યો કોઈ અવાજ ત્યાં સંભળાતો નહોતો. એના નાક પાસે મેં મારો હાથ મૂક્યો. શ્વાસોચ્છવાસની ક્રિયા સાવ બંધ હતી.

'આ તો મરી ગઈ છે!' મેં ચોંકી કહ્યું.

'તમને ખાતરી છે?' વામદેવને પૂછ્યું.

મેં નિકુંભ સામે જોયું : 'આ ડોક્ટર રહ્યા હતા- એમને તપાસવા કહો.'

'એમના નિર્ણય ઉપર તમે શંકા તો નહીં કરોને?'

મેં ડોકું ધુણાવી ના પાડી. નિકુંભઆનંદે એ છોકરીની નાડ તપાસી, એ જરા પણ ચાલતી નહોતી.

'એ મૃત્યુ પામી છે.' નિકુંભે કહ્યું.

અચાનક મારા મનમાં વિચાર આવ્યો. એ છોકરીના મૃત્યુની ખાતરી અપૂરતી હતી. મેં વામદેવને કહ્યું :

'એ છોકરીના પગને અગ્નિનો સ્પર્શ કરાવીએ. એ જીવતી હશે તો વેદનાની ચીસ પાડી ઊઠશે.'

'ત્યાંથી મશાલ ઊંચકી તમે જ એ પ્રયોગ કરો.' વામદેવે કહ્યું.

દીવાલ પાસે જઈ મેં મશાલ લીધી. ધીરે ધીરે પેલી યુવતી પાસે પહોંચ્યો. ઘડીભર એના માસૂમ ચહેરાને તાકી રહ્યો. નજર એના શરીર પર ફરી વળી. એ મડદાની જેમ સ્થિર પડી હતી. એના બંને હાથ શરીરની સાવ સમાંતર ગોઠવાયા હતા. બંને પગ અક્કડ અને સીધા હતા. મેં એના પગના નાજુક અંગૂઠા પર મારું ધ્યાન કેન્દ્રિત કર્યું. એ અંગૂઠાને જ મશાલનો સ્પર્શ કરાવવાનું નક્કી કરી મેં મશાલને એ પગ પાસે લીધી.

મારા હાથ ધ્રૂજતા હતા. કપાળ પરથી પરસેવો ટપકવા લાગ્યો. આંખોમાં બળતરા થવા લાગી અને હોઠ સૂકાવા લાગ્યા. એકાદ ક્ષણ માંડ એના અંગૂઠાને મેં મશાલનો સ્પર્શ કરાવ્યો હશે, ત્યાં જ મારા હાથમાંથી મશાલ છટકી ગઈ.

એ છોકરી કશી પણ વેદનાનો અહેસાસ કર્યા વગર નિશ્ચેષ્ટ - નિષ્પ્રાણ પડી હતી.

(ક્રમશઃ) ■

---

ફિલ્મનામા

નરેશ શાહ

# અખિયોં કે ઝરોખોં સે મળીએ... હેમલતાને!

## 'બેબી લતા'નું બિરુદ પામનારાં હેમલતાજી પર લતા મંગેશકરને અપાર પ્રેમ હતો!

**સ્મૃતિને** તાજી કરવા માટે જ હેમલતાજીએ ગાયેલાં આ ગીતોને જરા તાજાં કરી લો

*તું જો મેરે સૂરસેં, સૂર મીલા લે.. જબ દીપ જલે આના, જબ શામ ઢલે આના... તું ઈસ તરહ સે મેરી જિંદગી મેં શામિલ હૈ...* અને *અખિયોં કે ઝરોખોં સે..*નાં તમામ ગીત તેમ જ 'બાલિકા વધૂ'નું ઓ'લું કાન પ્રસિદ્ધ ગીતઃ

*બડે અચ્છે લગતે હૈ, યે ધરતી, યે નદિયા, યે રૈના ઔર તુમ!*

અત્યારે એકોતેર વરસની ઉંમરે મુંબઈના જુહુ વિસ્તારમાં રહેતાં હેમલતાએ એમની કેરિયરમાં એકસો દશથી વધુ હિન્દી ફિલ્મો માટે ગાયું હતું. નોંધવા જેવી વાત એ છે કે ૧૯૯૫ પછી હેમલતાજીએ ગાયું હોય તેવી એક પણ ફિલ્મ રિલીઝ થઈ નથી, છતાં એય મુદ્દા નીચે લાઈન દોરવી રહી કે દૃષ્ટિહીન સંગીતકાર-ગીતકાર રવિન્દ્ર જૈનની મોટા ભાગની લોકપ્રિય ફિલ્મો (ચોર મચાયે શોર, ફકિરા, ગીત ગાતા ચલ, દો જાસૂસ, તપસ્યા, દુલ્હન વહી જો પીયા મન ભાએ, અખિયોં કે..., પતિ-પત્ની ઔર વો, સુનયના વગેરે)માં મુખ્ય સ્વર હેમલતાજીનો જ રહ્યો છે.





સંગીતકાર રવિન્દ્ર જૈન સાથે ગાયિકા હેમલતાએ અનેક યાદગાર ગીતો આપ્યા

સંગીતકાર રવિન્દ્ર જૈન અને હેમલતાજી વચ્ચે ગજબનાક ટ્યૂનિંગ હતું. એ રવિન્દ્ર જૈનને મોટાભાઈ જેવો આદર આપતાં (અને એટલે અમુક ફિલ્મી ગોસીપથી એક સમયે બહુ ડિસ્ટર્બ પણ થઈ ગયાં હતાં!) રવિન્દ્ર જૈન સાથે હેમલતાજીના બોન્ડિંગનું એક કારણ એ પણ હોઈ શકે છે કે, ખુદ હેમલતાજીના પિતા જયચંદ ભટ્ટે મોતિયાની સારવાર પછી અકસ્માતે બન્ને આંખોની દૃષ્ટિ ગુમાવી દેવી પડી હતી.

આ હેમલતાજી થોડી ઈન્ટરેસ્ટિંગ અને અ-જાણી પણ જાણી લેવા જેવી વાતો પેશ કરીએ છીએ.

માત્ર સાત વરસની ઉંમરે હેમલતાજીએ કલકતાના રણજિત સ્ટેડિયમમાં સ્ટેજ પરથી પર્ફોર્મ કર્યું ત્યારે એમની આગળ-પાછળ ગાનારા ગાયકોમાં હેંમતકુમાર, લતા મંગેશકર, ઉષા મંગેશકર અને સંધ્યા મુખર્જી હતાં છતાં 'બેબી લતા'ના નામે સ્ટેજ પર બોલાવાયેલા હેમલતાએ પ્રથમ બાંગ્લા ગીત ગાયું તો વન્સ મોરનો એવો પડઘો પડ્યો કે લાગલગાટ અગિયાર બંગાળી અને એક હિન્દી ગીત એમણે પબ્લિક ડિમાન્ડ પર ગાવાં પડ્યાં! હિન્દી ગીત હતુંઃ *જ્યોતિ કલશ છલકે*

હેમલતાજીના પિતા જયચંદ ભટ્ટ સ્વયં શાસ્ત્રીય સંગીતના જ્ઞાતા અને ગુરુ હતા. હેમલતા એમનું પ્રથમ સંતાન. એ પછી ત્રણ પુત્રઃ વિનોદ, રાજેશ અને ગોપાલ. વિનોદ અને રાજેશ સંગીતના ક્ષેત્રમાં જ આવ્યા, પણ ખાસ કશું ઉકાળી શક્યા નહીં. વ્યસનોએ બન્ને ભાઈઓને આગળ વધવા દીધા નહીં અને માતા અંબિકા-પિતા જયચંદ ભટ્ટની જેમ ત્રણેય ભાઈએ પણ એક પછી એક દુનિયામાંથી વિદાય લઈ લીધી. પોતાના પરિવારના એકમાત્ર વારસદાર હેમલતાજી બન્યાં.

'બેબી લતા' તરીકે ખ્યાતિ પામેલી પુત્રી હેમલતાને લઈને પિતા જયચંદ ભટ્ટ મુંબઈ આવ્યા ત્યારે એક ગજબનાક ઘટના બની. કવ્વાલ અઝીઝ નાઝાએ એમને (પિતા-પુત્રીને) નૌશાદને મળવા મોકલ્યાં. એ સમયે સંગીતકાર નૌશાદ હિન્દી સંગીત-જગતના સુપરસ્ટાર ગણાતા. હેમલતાજીને સાંભળ્યાં પછી નૌશાદજી અત્યંત પ્રભાવિત થયા અને હેમલતાજી સાથે પાંચ વરસ માટેનો એક્સક્લુઝિવ કરાર કર્યો. હેમલતાજીએ પાંચ વરસ માટે માત્ર નૌશાદજી માટે જ ગાવાનું હતું.

આમ જુઓ તો 'યશરાજ ફિલ્મ્સ'વાળા નવોદિત કલાકારની સાથે કૉન્ટ્રાક્ટ કરે એવી આ વાત થઈ. નવોદિત માટે ગોળનું ગાડું મળ્યા જેવું ગણાય, પણ પાંચ વરસના કરારની વાત ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં વહેતી થઈ એ સાથે જયચંદજીને સલાહ મળી કે, (કરાર કરીને) તમે દીકરી હેમલતાની કેરિયરને બ્રેક મારી દીધી છે. પાંચ વરસમાં નૌશાદ ત્રણ ફિલ્મોમાં મ્યુઝિક આપે તો વધીને હેમલતાના ભાગે ચાર પાંચ ગીત આવે, પણ... હેમલતા કરારને કારણે બીજા સંગીતકાર માટે ગાઈ શકશે નહીં!

આખરે જયચંદજીએ નૌશાદજી અને હેમલતા વચ્ચે થયેલો કરાર રદ કર્યો અને હેમલતાજી માટે સ્ટ્રગલ શરૂ થઈ.

કોઈની ભલામણથી જયચંદજી પુત્રી હેમલતાને લઈને સંગીતકાર ઉષા ખન્નાને મળવા ગયાં. ઉષા ખન્નાએ ઘરમાં જ હેમલતાજીને સાંભળીને બીજે દિવસે સ્ટુડિયો પર બોલાવ્યાં. જયચંદજીએ માન્યું કે સ્ટુડિયો પર હેમલતાના વૉઈસનો ટેસ્ટ લેવામાં આવશે, પણ ઉષાજીએ તો બીજી દિવસે પોતાની ફિલ્મ 'એક ફૂલ, એક ભૂલ' માટેનું ગીત હેમલતા પાસે રેકોર્ડ કરાવ્યું. પ્રથમ ટેકમાં જ રેકોર્ડિંગ થઈ ગયું. આખા સ્ટુડિયોમાં તેની ચર્ચા ચાલતી હતી ત્યાં (બપોરની શિફટ માટે આવનારા) કલ્યાણજી-આણંદજીએ મેસેજ મોકલ્યો કે હેમલતાને કહેજો સ્ટુડિયો પર જ રહે... અને કલ્યાણજી-આણંદજીએ એ જ બપોરે 'વિશ્વાસ' ફિલ્મનું યુગલ ગીત મુકેશ અને હેમલતાજીના અવાજમાં રેકોર્ડ કર્યું.

સુપરહિટ નીવડેલું એ ગીત હતુંઃ

*લે ચલ, લે ચલ મેરે જીવનસાથી*
*લે ચલ મુજે ઉસ દુનિયા મેં*
*પ્યાર હી પ્યાર હૈ જહાં!*


■

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# શું ફિલ્મ સેલિબ્રિટીઝનું સોશિયલ મીડિયા પર હોવું જરૂરી છે?

અતિજાણીતી ફિલ્મ ફ્રેન્ચાઈઝ 'જુરાસિક પાર્ક'ની વધુ એક સિક્વલ આવી રહી છે દર્શકોને મનોરંજન આપવા માટે. એ ફ્રેન્ચાઇઝની લોકપ્રિયતાનો લાભ લેવા માટે તેને રિબૂટ કર્યા કરીને નવા-નવા ભાગ આવતા જ રહે છે. આ વર્ષના જુલાઈ મહિનામાં આ ફ્રેન્ચાઈઝની લેટેસ્ટ ફિલ્મ 'જુરાસિક વર્લ્ડ રિ-બર્થ' રિલીઝ થઈ રહી છે. હમણાં જ ફિલ્મના પ્રમોશનને લઈને એક રસપ્રદ સમાચાર એ આવ્યા કે ફિલ્મની અભિનેત્રી સ્કારલેટ જોહાન્સને 'ઇન્સ્ટાગ્રામ' પર પોતાનું એકાઉન્ટ બનાવવું પડશે. હા, વાત એમ છે કે સ્કારલેટ જોહાન્સન સોશિયલ મીડિયા પર છે જ નહીં, પણ આજના ડિજિટલ યુગમાં કે જ્યારે ફિલ્મ્સનું પ્રમોશન અવનવી તરકીબોથી દરેક પ્લૅટફૉર્મ્સ પર થતું હોય છે ત્યારે ફિલ્મની મુખ્ય અભિનેત્રી થકી જ જો 'ઇન્સ્ટાગ્રામ' પર ફિલ્મને લાભ ન મળે તો એ કેમ ચાલે!


બ્રાડ પીટ


એલિઝાબેથ ઓલ્સન


સ્કારલેટ જોહાન્સન


ક્રિસ પાઈન


એડી મર્ફી

હમણાં એક ઇન્ટરવ્યૂમાં સ્કારલેટે કહ્યું કે 'મને આજે જ યુનિવર્સલ સ્ટુડિયો તરફથી કહેવામાં આવ્યું કે તમે ફિલ્મની રિલીઝ પહેલાં 'ઇન્સ્ટાગ્રામ' જોઈન કરશો? હું એના પર નથી, પણ મને વારંવાર એ જોઈન કરવા માટે કહેવામાં આવે છે, પણ મને એ સવાલ છે કે એવો કોઈ રસ્તો છે કે હું 'ઇન્સ્ટાગ્રામ' જોઈન કરું અને એ પછી પણ મારું ખરું વ્યક્તિત્વ જાળવી શકું? મને નથી લાગતું એ શક્ય છે.'

સ્કારલેટની જેમ જ અનેક સેલિબ્રિટીસ એવી છે કે જે સોશિયલ મીડિયા સાથે આવા કે અન્ય વિચારના કારણે જોડાયેલી નથી.

વાત હોલિવૂડની થઈ રહી છે એટલે આવાં વધુ ઉદાહરણો જોઈએ. હોલિવૂડ સ્ટાર બ્રાડ પીટ પણ કોઈ જ સોશિયલ મીડિયા પર નથી. જોકે પોતે સોશિયલ મીડિયાનો ઉપયોગ નથી કરતો છતાં તેનો ફાયદો ગણાવતા બ્રાડનું કહેવું છે કે 'પોતાના વિશે ફેલાતી ખોટી માહિતીઓનો જો તરત જ વિરોધ કરવો હોય તો તેના માટે સોશિયલ મીડિયા બહુ જ યોગ્ય વસ્તુ છે. હું યુવાન હતો ત્યારે જો સોશિયલ મીડિયા અને તેનો આટલો પ્રભાવ હોત તો મેં તેનો ઉપયોગ ચોક્કસ કર્યો હોત, પણ આ ઉંમરે હવે મને સોશિયલ મીડિયા મારાં માટે કોઈ જ કામનું નથી લાગતું.'

આજના સમયમાં સોશિયલ મીડિયા અને એમાં પણ ખાસ કરીને 'ઇન્સ્ટાગ્રામ'નો પ્રભાવ ફિલ્મ ઇન્ડસ્ટ્રી પર ખૂબ જ છે. (આ જ કૉલમમાં આ વિશે અલગ લેખ પણ કરેલો) જેમ ફિલ્મ ઇન્ડસ્ટ્રી ગ્લેમર વર્લ્ડ છે એમ જ 'ઇન્સ્ટાગ્રામ' સોશિયલ મીડિયાનું ગ્લેમર વર્લ્ડ છે.

ફિલ્મ્સના કાસ્ટિંગમાં આજકાલ રીતસર એક્ટર્સની પ્રોફાઈલમાં 'ઇન્સ્ટાગ્રામ' ફોલોઅર્સની સંખ્યા લખવામાં આવે છે.

એક્ટિંગ ઉપરાંત જેમ એક્ટર્સની જિમ ફિટનેસ ધરાવતી બોડીનું મહત્ત્વ છે એમ જ એક્ટિંગ પહેલાં જ જે-તે એક્ટર કેટલા લોકોને ઇન્ફ્લ્યુઅન્સ કરી શકે છે એ જોવામાં આવે છે. ઇન્ડસ્ટ્રીમાં એક કક્ષાએ પહોંચી ચૂકેલી સ્કારલેટ જોહાન્સનને પણ એટલે જ 'ઇન્સ્ટાગ્રામ' પર જોડાવા માટે કહેવામાં આવે છે, પણ સદ્‌નસીબે સ્ટાર્સની ફેસ વેલ્યૂ પહેલેથી જ એટલી મોટી હોય છે કે એ 'ઈન્સ્ટા' વગર પણ દર્શકો લાવી શકવા સક્ષમ હોય છે એટલે આવા સ્ટાર્સ પર દબાણ કરી શકાતું નથી.

માર્વેલ સ્ટુડિયોઝની 'એવેન્જર્સ' સિરીઝની એક્ટ્રેસ એલિઝાબેથ ઓલ્સનની પણ સોશિયલ મીડિયા પર હાજરી નથી. જોકે એનો મતલબ એ નથી કે એ ક્યારેય સોશિયલ મીડિયા પર નહોતી. એલિઝાબેથનું સોશિયલ મીડિયાના વપરાશ વિશે કહેવું છે કે 'હું હવે ફરી ક્યારેય સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાની નથી. એવું નથી કે મને તેનો કોઈ જ ખરાબ અનુભવ થયો છે, પણ મેં તેનો ઉપયોગ કર્યો અને મને એ ન ગમ્યું. મને એવું લાગે છે કે હું શા માટે દુનિયાની સામે મારું એક નવું કેરેક્ટર રજૂ કરું? મને સોશિયલ મીડિયા પર કંઈ ખાસ ન લાગ્યું, બસ.'

'ટ્વાઇલાઇટ' સિરીઝની સ્ટાર ક્રિસ્ટન સ્ટીવર્ટ પણ કોઈ જ સોશિયલ મીડિયા પર નથી. ક્રિસ્ટનને તો સોશિયલ મીડિયા જરા પણ નથી પસંદ. એનું કહેવું છે કે 'મને એવું લાગે છે કે સોશિયલ મીડિયા એટલે તમે કોઈ બીજાની જિંદગીમાં કારણ વિના દખલગીરી કરો છો. મને સોશિયલ મીડિયા ખૂબ જ ત્રાસજનક લાગે. આજના સમયમાં કોઈ પણ વ્યક્તિ ફોનમાં સોશિયલ મીડિયાના જોરે પાપારાઝી બની જાય છે. મને આ બધું નથી પસંદ.'

અમુક એક્ટર્સને પોતાની નિજી જિંદગીની હરવા-ફરવાની અને ખાવા-પીવાની માહિતી સોશિયલ મીડિયા પર મૂકવી પસંદ હોય છે તો અમુકને એ બધું બહુ જ વધુપડતું લાગે છે. એક્ટર ક્રિસ પાઈનનું પણ એમ જ કહેવું છે કે 'મેં હમણાં જ એક ફ્લિપ ફોન માંડ ખરીદ્યો. હું એમાં જ ખુશ છું. મારે સિમ્પલ રહેવું છે. હું બહુ બધા લોકો સાથે જોડાઈ શકું એવી વ્યક્તિ નથી.'

ખેર, એક્ટર્સની સોશિયલ મીડિયા પરની હાજરી હોવી ન હોવી એ એમની પસંદની વાત છે. તેના પ્રભાવમાં આવીને કે સ્ટુડિયોઝના દબાણમાં આવ્યા વગર સિનેમામાં એમનું યોગ્ય પ્રદાન થતું રહે, જે વધુ મહત્ત્વનું છે. ■

**લાસ્ટ શોટ**
*'મને મારા ફેન્સ સાથે જોડાવા માટે સોશિયલ મીડિયા પર આવીને મેં આજે સ્ટ્રોબેરી ખાધી કે નહીં એ કહેવું જરૂરી નથી લાગતું - એડી મર્ફી*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ હોળીનાં ગીત કઈ ફિલ્મનાં છે અને એના ગીતકાર કોણ છે?**

૧) નીલા પીલા હરા ગુલાબી કચ્ચા પક્કા રંગ, રંગડાલા..
૨) હોલી રે હોલી રંગો કી ટોલી આયી તેરે ઘર પે...
૩) આજ ના છોડેંગે બસ હમજોલી ખેલેંગે હમ..
૪) અંગ સે અંગ લગાના સજન હમે ઐસે રંગ...
૫) ભાગી રે ભાગી બ્રિજ બાલા કાન્હા ને પકડા રંગ..
૬) હોલી કે દિન દિલ ખીલ જાતે હૈ રંગો મેં રંગ મિલ...
૭) સંગ બસંતી અંગ બસંતી રંગ બસંતી છા ગયા...

## ક્વિઝ (બ)

**એક હસિના દો દીવાને**
**આ ફિલ્મમાં એક હીરોઈન અને બે હીરો છે - એમનાં નામ જાણો છો?**

૧) યેહ દિલ્લગી
૨) સાગર
૩) તાલ
૪) રંગીલા
૫) મૈં પ્રેમ કી દીવાની
૬) સંગમ
૭) સાજન




**જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'**

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| ओस | પગલાંનો અવાજ |
| एवज | ચશ્મા |
| ऐनक | ઝાકળ |
| आहट | ઘાયલ |
| आहत | બદલો |

## ઓળખાણ પડી?

મસાલા ફિલ્મમેકરનું લેબલ મેળવનાર મનમોહન દેસાઈએ રાજ કપૂર અને નૂતનને લઈ એક ફિલ્મ બનાવી હતી એની ઓળખાણ પડી?



અ) ધરમવીર  બ) બ્લફ માસ્ટર  ક) છલિયા  ડ) કનૈયા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ મા | ૩ વિ | ષ્ઠ | ■ | ૪ ગું | ૫ જા | ઈ | ૬ શ | ■ |
| ૭ મ | ગ | ર | ■ | ૮ અ | જ | ર | ■ | ૯ રા | ૧૦ જ |
| ૧૧ જા | ણી | ■ | ૧૨ શ | ક | ■ | ■ | ૧૩ ફ | ર | વા |
| વ | ■ | ૧૪ અ | બ | ળા | ■ | ૧૫ ક | ર | ત | બ |
| ૧૬ ટ | પ | કુ | ■ | ૧૭ મ | જ | લિ | સ | ■ | દા |
| ■ | ■ | ૧૮ પા | ટ | ણ | ■ | ગ | ■ | ૧૯ ઘ | ર |
| ૨૦ વિ | ■ | ર | ■ | ■ | ૨૧ સા | ■ | ૨૨ પ | ટ | ■ |
| ૨૩ શ્લે | ષ | ■ | ૨૪ ભા | ૨૫ દ | ર | ૨૬ વા | ■ | ■ | ૨૭ સં |
| ૨૮ ષ | ટ | ૨૯ ક | ■ | ર | ■ | ૩૦ વ | ૩૧ દ | ■ | નિ |
| ણ | ■ | ૩૨ બુ | દ્ધિ | જી | વી | ■ | ૩૩ વ | રિ | ષ્ઠ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | | ■ |
| | ■ | | ■ | ૫ | | | ■ | ■ | ૬ |
| ૭ | | | ■ | | ■ | ૮ | | ૯ | |
| | ■ | ૧૦ | ૧૧ | | ■ | | ■ | ૧૨ | |
| ■ | ૧૩ | ■ | | ■ | ૧૪ | | ૧૫ | ■ | |
| ૧૬ | | | | ■ | | ■ | ૧૭ | ૧૮ | ■ |
| ૧૯ | | ■ | ■ | ૨૦ | | ૨૧ | | | ૨૨ |
| | ■ | ૨૩ | | | ■ | ૨૪ | | ■ | |
| ■ | ૨૫ | | ■ | ૨૬ | ૨૭ | | ■ | ૨૮ | |
| ૨૯ | | | ■ | ૩૦ | | | | | |

### આડી ચાવી

૧. સર્વવ્યાપી (૪)
૩. સ્પષ્ટતા, આત્મનિવેદન (૪)
૫. નિઃશબ્દ, સ્તબ્ધ (૩)
૭. 'મનાવવું'નું આજ્ઞાર્થ (૩)
૮. બધું જ તમામ (૪)
૧૦. ના પાડવી તે (૩)
૧૨. નાહવા માટે જોઇએ (૨)
૧૪. ક્યારેક (૩)
૧૬. સિકંદરે --- રાજ પાછું આપ્યું (૪)
૧૭. અભિમાન, અહંકાર (૨)
૧૯. ખબર, પ્રતીતિ, સમજ (૨)
૨૦. અવરજવર (૬)
૨૩. ગુંજન, ગીતની શરૂઆતમાં ગવાતી તાન (૩)
૨૪. શબ --- એટલે મડદાની જેમ (૨)
૨૫. સાહેબ (અં) (૨)
૨૬. માહિતી, બીના, બાબત (૩)
૨૮. જૂની નથી તેવી (૨)
૨૯. ઉત્તર (૩)
૩૦. વેરણછેરણ, અસ્તવ્યસ્ત (૬) (જો. છૂ.)

### ઊભી ચાવી

૧. એક સાથે (૪)
૨. ત્રણ લોક (૪)
૩. --- રે મળેલા મનના મેળ (૨)
૪. કાળજી (૫)
૫. જેનો પાર નથી તે (૩)
૬. દૃઢ, સબળું, સજ્જડ (જો. છૂ.) (૪)
૯. --- વાળાં મુઠિયાં સારાં લાગે (૨)
૧૧. વજન, વસાણું, (૩)
૧૩. ચંદરવો, છત (૩)
૧૪. એક છંદ (૩)
૧૫. નીચી જાત (૪)
૧૬. જાણવાની ઇચ્છા (૩)
૧૮. આગ (૨)
૨૦. પોતાને થયેલો અનુભવ (૪)
૨૧. એકદમ નવું (૪)
૨૨. પુરુષોમાં વીર (૪)
૨૩. અરબસ્તાનનો રહીવાસી (૩)
૨૫. એક અને પા (૨)
૨૭. ગયેલું (૨)
૨૮. નમેલું (૨)

## ગુજરાત મોરી મોરી રે

ટીવી સિરિયલો, વેબ સિરીઝ અને ગુજરાતી ફિલ્મોની અભિનેત્રી કોણ જેણે થોડા સમય પહેલા ગુજરાતી ફિલ્મોના ટોચના કલાકાર સાથે લગ્ન કર્યાં?

અ) ખુશી શાહ  બ) પૂજા જોશી
ક) જીનલ બેલાણી  ડ) આરોહી પટેલ

## જાણવા જેવું

૯૭મા એકેડેમી એવોર્ડ્સ - ઓસ્કર એવોર્ડ્સમાં 'અનોરા' ફિલ્મ પાંચ એવોર્ડ લઈને મેદાન મારી ગઈ છે. શ્રેષ્ઠ અભિનેત્રી સિવાય અન્ય ચાર એવોર્ડમાં ફિલ્મના લેખક, ડિરેક્ટર અને એડિટર શોન બેકરની હાજરી ઊડીને આંખે વળગી છે. ૧૯૫૪માં આ સિદ્ધિ વોલ્ટ ડિઝનીએ મેળવી હતી.

## સુડોકુ-૮૦૪૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | | | | ૭ |
| | ૫ | ૨ | ૭ | | ૧ | ૮ | ૬ | |
| | | ૭ | ૮ | | ૩ | ૪ | | |
| ૧ | | ૮ | ૫ | | ૨ | ૯ | | ૬ |
| | | | | | | | | |
| ૯ | | ૩ | ૬ | | ૪ | ૫ | | ૧ |
| | | ૬ | ૩ | | ૮ | ૭ | | |
| | ૭ | ૪ | ૯ | | ૬ | ૩ | ૮ | |
| ૮ | | | | | | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૮૦૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૬ | ૧ | ૮ | ૪ | ૩ | ૯ | ૨ |
| ૧ | ૪ | ૯ | ૩ | ૨ | ૭ | ૫ | ૬ | ૮ |
| ૩ | ૮ | ૨ | ૬ | ૫ | ૯ | ૭ | ૪ | ૧ |
| ૫ | ૧ | ૭ | ૮ | ૬ | ૩ | ૪ | ૨ | ૯ |
| ૨ | ૬ | ૪ | ૯ | ૭ | ૧ | ૮ | ૩ | ૫ |
| ૯ | ૩ | ૮ | ૫ | ૪ | ૨ | ૧ | ૭ | ૬ |
| ૬ | ૯ | ૩ | ૭ | ૧ | ૮ | ૨ | ૫ | ૪ |
| ૪ | ૭ | ૧ | ૨ | ૯ | ૫ | ૬ | ૮ | ૩ |
| ૮ | ૨ | ૫ | ૪ | ૩ | ૬ | ૯ | ૧ | ૭ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'પ્રેમ નામ હૈ મેરા, પ્રેમ ચોપડા' ડાયલોગ ખૂબ જાણીતો થયો ને પ્રેમ ચોપડાની ઓળખ બની ગયો. કઈ ફિલ્મમાં આ સંવાદ હતો?

અ) સૌતન  બ) આગ કા ગોલા  ક) દો રાસ્તે  ડ) બોબી

## નોંધી રાખો

નિરાશાને કદી જોવી નહીં અને આશાને કદી ખોવી નહીં, પ્રયત્નો કરવામાં માનતી વ્યક્તિ ક્યારેય નસીબ પર રોતી નથી.

## માઈન્ડ ગેમ

ગુજરાતી નવલકથા પરથી ગુજરાતી દિગ્દર્શકે બનાવેલી હિન્દી ફિલ્મનું નામ જણાવો જેના સંગીતકાર પણ ગુજરાતી હતા.

અ) દેવદાસ  બ) ૧૦૨ નોટ આઉટ
ક) સરસ્વતીચંદ્ર  ડ) રેવા

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| मेहताब | ચંદ્ર |
| मेहबूब | પ્રિય |
| मयकदा | દારૂનું પીઠું |
| मरहूम | સ્વર્ગસ્થ |
| मसीहा | જીવનદાતા |

ઓળખાણ પડી? — આરતી

માઈન્ડ ગેમ — ભક્ત વિદુર

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — યુવા

ગુજરાત મોરી મોરી રે — માનવીની ભવાઈ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) ધીરેન ઉદેશી (૭) ગીતા ઉદેશી (૮) પ્રતિમા પમાણી (૯) શ્રદ્ધા આશર (૧૦) ભારતી બુચ (૧૧) હર્ષા મહેતા (૧૨) લજિતા ખોના (૧૩) પુષ્પા પટેલ (૧૪) મહેન્દ્ર લોઢાવિયા (૧૫) મહેશ દોશી (૧૬) મીનળ કાપડિયા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) ભારતી પ્રકાશ કટકિયા (૨૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૭) ભાવના કર્વે (૨૮) નીતા દેસાઈ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) વિણા સંપટ (૩૧) અંજુ ટોલિયા (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) અલકા વાણી (૩૪) નુતન વિપીન (૩૫) પુષ્પા ખોના (૩૬) જગદીશ ઠક્કર (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશ દલાલ (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧) મહેશ સંઘવી (૪૨) નિતિન બજરિયા (૪૩) અરવિંદ કામદાર

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** આ બધાં જ ગીતોના ગીતકાર છે આનંદ બક્ષી!
ફિલ્મોનાં નામ : ૧) આપ બીતિ ૨) પરાયા ધન ૩) કટી પતંગ ૪) ડર ૫) રાજપૂત ૬) શોલે ૭) રાજા ઔર રંક

**ક્વિઝ (બ)** ૧) અક્ષય કુમાર+સૈફ અલી ખાન - કાજોલ ૨) રિશી કપૂર + કમલ હસન - ડિમ્પલ કાપડિયા ૩) અક્ષય ખન્ના + અનિલ કપૂર - ઐશ્વર્યા રાય ૪) આમિર ખાન + જેકી શ્રોફ - ઊર્મિલા માતોંડકર ૫) હૃતિક રોશન + અભિષેક બચ્ચન - કરિના કપૂર ૬) રાજ કપૂર + રાજેન્દ્ર કુમાર - વૈજયંતી માલા ૭) સંજય દત્ત + સલમાન ખાન - માધુરી દીક્ષિત

# શાહ જમશેદજી પાસેથી શીખીએ લીડરશિપના બોધપાઠ

નોશીર એચ. દાદરાવાલા

**નવરોઝ મુબારક!**

નવરોઝ એટલે કે નવા દિવસની શુભ શરૂઆત. મહાન રાજા જમશેદજીએ નવરોઝ મનાવવાની પરંપરાની શરૂઆત કરાવી હતી. ભાગ્યે જ એવું જોવા મળે છે જ્યારે કોઈ સત્તા પર રહીને સમાજમાં સકારાત્મક અભિગમ લાવે છે. એવામાં સકારાત્મક પરિવર્તન લાવવામાં અગત્યની ભૂમિકા ભજવનારા જમશેદજી શાહ કરતાં અન્ય કોણ હોઈ શકે જેમની પાસેથી પ્રેરણા મળી શકે. પેશદાદ રાજાઓમાં પેશ એટલે કે પહેલા એવા રાજા હતા જેમણે દાદ એટલે કે સમાજનાં હિતમાં નિયમો ઘડ્યા હતા. જમશેદને રાયો-મંડ અને ખોરે-મંડ (એટલે કે તેજસ્વી અને ભવ્ય તરીકે ઓળખવામાં આવતા હતા.) સાથે જ તેમને એક દૈવિ શક્તિ પણ માનવામાં આવે છે કે જેમને વિશ્વને રહેવા યોગ્ય સારું સ્થાન બનાવવા માટેના તેમના મિશનમાં મદદ કરી હતી.જમશેદજી આસ્થામાં માનનારાની સાથે પ્રગતિ અને સમૃદ્ધિ બન્ને માટે સમર્પિત હતા.

સવાલ એ પણ થતાં હતાં કે શું તેમણે કરેલાં કલ્યાણકારી અને વિકાસનાં કામોમાં જમશેદ શાહને કોઈ દૈવિ શક્તિ મદદ કરતી હતી? કે પછી તેમણે હાથ ધરેલાં વિકાસ કાર્યો તેમને દૈવિ શક્તિ પ્રાપ્ત કરવામાં મદદ કરતી હતી? લીડરશિપમાં આ એક અગત્યનું સત્ય અને પાઠ છે. શું શક્તિ પ્રગતિ અને સમૃદ્ધિમાં મદદ કરે છે કે પછી પ્રગતિ અને સમૃદ્ધિ શક્તિ મેળવવામાં સહાય કરે છે?

### શક્તિની તાકાત

સત્તા એ બે-ધારી તલવાર છે. એનો ઉપયોગ સકારાત્મક કાં તો નકારાત્મક રીતે પણ કરી શકાય છે. અબ્રાહમ લિન્કને કહેલું કે, 'જો તમારે વ્યક્તિનું ચરિત્ર ચકાસવું હોય તો એને પાવર આપો.' કોઈપણ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તમને કહેશે કે, જો કોઈ લીડર્સ સામૂહિક ધ્યેય કરતાં સ્વ-હિતને મહત્ત્વ આપે તો તેમના હાથમાંથી સત્તા જવી નક્કી જ છે. સત્તા ટકાવી રાખવાની સૌથી અગત્યની ચાવી એ છે કે વિનમ્રતાથી અને ન્યાયપૂર્ણઢબે તમામ હિસ્સેદારોના હિતને જાળવી રાખવામાં આવે. શાહ જમશેદજીએ જ્યાં સુધી લોકોની ભલાઈ માટે અને તેમને મહત્ત્વ આપીને સત્તાનો ઉપયોગ વિનમ્રતાથી કર્યો ત્યાં સુધી તેમને લોકોનો અપાર પ્રેમ અને સન્માન મળ્યું હતું. સાથે તેમની દૈવિ શક્તિ પણ ટકી રહી હતી. જોકે જ્યારે તેમની અંદર ઘમંડનો છાંટો આવ્યો તો તેમને લોકોના પ્રેમની સાથે જ માન અને દૈવિ શક્તિ પણ ગુમાવવી પડી હતી. તેમને સત્તા અને પદ પરથી પણ વંચિત થવું પડ્યુ હતું.

### વિરોધી તરીકે અહંકાર

લીડરશિપ અને અહંકાર હંમેશાં સાથે રહે છે. એ બન્ને એક બીજાને પ્રેમ કરે છે, પરંતુ સાથે જ એકમેકના કટ્ટર વિરોધી પણ છે. વ્યક્તિને પોતાના વિચાર અથવા અભિપ્રાય પર અહંકાર તરીકે જોઈ શકાય છે. જેને તે સર્વોપરિ માને છે. જોકે અહમ આંખમાં પડેલી ધૂળ સમાન છે. એ ધૂળ સાફ કર્યા વગર વ્યક્તિ સ્પષ્ટ જોઈ શકતી નથી.

### શાહ જમશેદજીની સકારાત્મક લીડરશિપ

એક નેતા તરીકે શાહ જમશેદજી એક ઉત્તમ વિઝનરી અને શ્રેષ્ઠ શાસક હતા. શાહ નામેહમાં ટાંકવામાં આવ્યું છે કે તેમના શાસનકાળ દરમ્યાન કોઈ બીમારી નહોતી. જેનો અર્થ એ થાય છે કે લોકોના સ્વાસ્થ્ય અને સ્વચ્છતા પર ખૂબ ધ્યાન અપાતું હતું. એ વખતે અપાર સમૃદ્ધિ હતી અને વિકાસ પણ એટલો હતો કે રાજાએ ત્રણ વખત પોતાના રાજ્યની સીમાઓ વિસ્તારવી પડી હતી. કળા અને હસ્તકળા ખીલી હતી. આટલું જ નહીં વાઈનની શોધ પણ તેમના સમયમાં જ થઈ હતી. એવી માન્યતા છે કે શાહ જમશેદજી પાસે એક એવો જામ-એ-જમશીદ (પ્યાલો) હતો, જેના માધ્યમથી તેઓ ભૂતકાળ અને ભવિષ્ય જોઈ શકતાં હતાં. બની શકે કે એ કદાચ પ્રાચીન વૈજ્ઞાનિક સાધન હતું. અથવા તો તારાઓ અને ગ્રહોનું નિરીક્ષણ કરવાનું એક સાધન હતું કે જેનાથી ભૂતકાળ અને ભવિષ્ય ભાખી શકાતું હતું. એ તેમની જિજ્ઞાસુ અને અવલોકન કરવાની દૃષ્ટિ પર પ્રકાશ પાડે છે. તેઓ રાજા અને પૂજારી બન્ને હતા. તેમનાં લાંબા શાસનકાળ દરમ્યાન તેમણે દૈવિ માર્ગદર્શન પણ મેળવ્યું હતું. જ્યારે હિમ યુગ આવ્યો ત્યારે પર્વત પર ઘેરો બનાવવા તેમની અંદરની દૈવિ શક્તિએ તેમને માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ અહૂરા મઝદાની શ્રેષ્ઠ રચનાઓને વિનાશથી બચાવી હતી. આ વાર્તા નોહાની આર્કમાં ઘણી સામ્યતા ધરાવે છે.

### લીડરશિપના પાઠ

લીડરશિપ એક માનસિકતા અને જીવન જીવવાનો માર્ગ છે. દરેક વ્યક્તિ લીડર ન બની શકે. જોકે દરેક વ્યક્તિ સમાજમાં લીડરની ભૂમિકા ભજવી શકે છે. લીડરશિપ એક પ્રક્રિયા છે ના કે કોઈ રેન્ક કે પદ છે. કોઈ સાધારણ નાગરિક અન્યાય વિરુદ્ધ બોલે કે લખે તો એ પણ લીડરશિપ જ છે. સાથે જ જો કોઈ એક વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીને અઘરા વિષયમાં મદદ કરે તો એને પણ એક લીડરશિપ ગણી શકાય. લીડરશિપના અનેક બોધપાઠ આપણે શાહ જમશેદજીના જીવન પરથી શીખી શકીએ છીએ. નેતાઓ પરિવર્તન અને નવીનતાની દિવાદાંડી સમાન છે. જોકે છેવટે આપણે તો માનવી છીએ અને ભૂલો માણસથી જ થાય છે. આ માત્ર સત્તા પર હોવા વિશે નથી. એ તો પરિવર્તનને સશક્ત બનાવવા, ન્યાયપૂર્ણ અને સમાનઢબે કામ કરવા વિશે છે. આ બધાની સાથે લીડરશિપ સમજવા અને ઓળખવા વિશે છે, કે જેમાં નેતા એક પરિવર્તનનું સાધન અને માધ્યમ છે. નેતાને આ દુનિયાને રહેવા માટે સારું સ્થાન બનાવવા માટે મળેલી તકો માટે આભાર વ્યક્ત કરવાની જરૂર છે. સાથે જ તેને એ પણ સમજવું જોઈએ કે આ દુનિયા તેના કારણે નથી, પરંતુ દુનિયાને કારણે તેનું અસ્તિત્વ છે.

### નેતા તરીકે શાહ જમશેદજીની પડતી

શાહ નામેહ (રાજાઓના પુસ્તક) અનુસાર જ્યારે જમશેદજીએ વર્ચ્યુઅલી કહ્યું ફ્રેશોકેરેટી એટલે કે વિશ્વને સુંદર, ઉત્તમ અને યોગ્ય બનાવવાનો શ્રેય પોતાને આપવાનું શરૂ કર્યું. તેમણે પોતાના દરબારમાં એમ કહ્યું કે 'મારું એવું માનવું છે કે આ જગતમાં મારા જેવું કોઈ નથી. હું શ્રેષ્ઠ છું. મેં આ વિશ્વને શ્રેષ્ઠ બનાવ્યું છે. મેં તમામ દુઃખ દર્દોને દૂર કર્યાં છે. મારા કારણે કૌશલ્ય અને વ્યવસાયો પાંગર્યા છે. જીવન અને જીવન પ્રત્યેની જાગૃતિ મારી દેન છે. આ મારી કૃપા છે કે લોકો સારાં કપડાં પહેરે છે અને સારું ભોજન મેળવે છે. મારા લોકોએ મને ભગવાન ગણવો જોઈએ.' શાહ નામેહમાં ઉલ્લેખ છે કે તેમણે જ્યારે આવા ઘમંડથી ભરેલા શબ્દો ઉચ્ચાર્યા ત્યારે જ તેમના ખોરે તેમને એક પંખીની જેમ છોડીને જતો રહ્યો. શાહ જમશેદજીને ન માત્ર તેમની દૈવિ શક્તિ, પરંતુ તમામ શક્તિઓ પણ ગુમાવવી પડી હતી. શાહ નામેહ મુજબ શાહ જમશેદજીને તેમનાં લોકોએ છોડી દીધા, પરંતુ સાથે જ નવા નેતાની શોધ-ખોળ પણ શરૂ કરી દીધી અને તેમને ઝોહક મળી ગયા. અહંકારનું આ એક ઉત્તમ ઉદાહરણ છે. સાથે જ પોતે કરેલાં તમામ કાર્યો પર અહમ દ્વારા પાણી ફેરવવાનો પણ દાખલો છે. આ બધાની સાથે જ જમશેદજીની સ્ટોરી આપણને એક સત્ય એ પણ સમજાવે છે કે પ્રગતિ અને સમૃદ્ધિ માટે સત્તા પણ જરૂરી છે. જોકે એ શક્તિનો યોગ્ય દિશામાં નમ્રતાથી ઉપયોગ થાય એ પણ અગત્યનું છે. ઘમંડ સાંખી ન લેવાય અને એ નકારાત્મક છે.

### નેતાની પડતી

શાહ જમશેદજીએ જ્યાં સુધી લોકો પર ધ્યાન કેન્દ્રિત કર્યું ત્યાં સુધી દુનિયા માટે તેમનામાં દૈવિ શક્તિ અને તેમની કીર્તિ કાયમ રહી. જે સમયે તેમનું ધ્યાન આહૂરા મઝદાની ઇચ્છા અને લોકો પરથી હટીને પોતાના સ્વાર્થ પર ગયું અને તેઓ એમ વિચારવા લાગ્યા કે તેઓ સર્વશક્તિમાન છે તો તે જ ક્ષણે તેમનું ખોરે એટલે કે દૈવિ શક્તિ છીનવાઈ ગઈ. એને કારણે તેમને સત્તા અને પદ પરથી પણ હાથ ધોવા પડ્યા.

### વિનમ્રતા અને સેવા

ખરો નેતા હંમેશાં વિનમ્ર રહે છે અને તે પોતાના સ્વાર્થનું નહીં, પરંતુ પ્રજાના હિત વિશે વિચારે છે. વિનમ્ર રહેવાથી વ્યક્તિ વધુ સંબંધિત અને સુલભ બને છે. એને કારણે તે વધુ માનવતાવાદી વાતાવરણ બનાવે છે, કે જેમાં લોકો ઘમંડી નહીં, પરંતુ પોતાને વધુ સહજ, મુક્ત અને જવાબદાર માને છે. નેતાએ સહાનુભૂતિ કેળવવી જોઈએ અને અન્ય લોકોને પણ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

### દરેક પરિવર્તન સારા માટે નથી હોતા

માર્ક એન્થોનીએ વિલિયમ શેક્સપિયરના જુલિયસ સિઝરમાં કહ્યું કે, 'માણસ જે પણ અનીતિ કરે છે એ તેમના નિધન બાદ પણ લોકોમાં જીવંત રહે છે. જોકે સારી વસ્તુઓ તો કોઈ યાદ પણ નથી રાખતું.' શાહ જમશેદજીએ જે કાંઈપણ લોકકલ્યાણનાં કાર્યો કર્યાં એ લોકોએ યાદ ન રાખ્યાં અને એટલા બળવાખોર બની ગયા કે નવા નેતાની શોધ શરૂ કરી, જેણે તો તેમનાથી પણ વધુ વિનાશ વેર્યો હતો. એ પણ જીવનની કડવી સચ્ચાઈ છે. એથી એમ કહી શકાય કે તમામ પરિવર્તનો સારાં હોય એ જરૂરી નથી. આજે પણ આપણે જોઈએ છીએ કે લોકશાહીમાં લોકો સારા નેતૃત્ત્વની આશાએ સત્તા પલટો કરી નાખે છે. ■

## મુંબઈ ન્યૂઝ

# દિશા સાલિયાન કેસમાં આદિત્ય ઠાકરે મુશ્કેલીમાં

## વિધાનસભામાં આદિત્ય ઠાકરેની ધરપકડની જોરદાર માગણીઃ કોર્ટમાં જવાબ આપવાનો ઉદ્ધવ-પુત્રનો હુંકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભામાં ગુરુવારે દિશા સાલિયાન મૃત્યુ કેસ ચર્ચામાં રહ્યો હતો. શાસક ભાજપ-શિવસેનાના વિધાનસભ્યોએ ગૃહમાં આ કેસમાં આદિત્ય ઠાકરેની ધરપકડની જોરદાર માગણી કરી હતી અને ગૃહમાં અરાજકતા મચાવી દીધી. આ કારણે શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેની મુશ્કેલીઓ વધી રહી હોવાના સંકેતો મળી રહ્યા છે.

શિવસેના યુબીટીના નેતા આદિત્ય ઠાકરેએ ગુરુવારે કહ્યું હતું કે જૂન, ૨૦૨૦ના દિશા સાલિયાનના આકસ્મિક મૃત્યુના કેસને લઈને તેમની છબી ખરડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને તેઓ કોર્ટમાં પોતાની બાજુ માંડશે.

છેલ્લા પાંચ વર્ષથી મારી છબી ખરડવાના પ્રયાસ થઈ રહ્યા છે. અમે અમારી બાજુ કોર્ટમાં રજૂ કરીશું. અમે અમારા જવાબ કોર્ટમાં આપીશું, એમ પણ તેમણે કહ્યું હતું.

### ગૃહ મુલતવી

દિશા સાલિયાન મૃત્યુ કેસ પર થયેલા હોબાળા બાદ વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે ગૃહને ૧૦ મિનિટ માટે સ્થગિત કરી દીધું. ત્યારબાદ ગૃહ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન યોગેશ કદમે ખાતરી આપી હતી કે આ મામલે દોષી કોઈપણ રાજકીય પક્ષના સભ્ય હશે

તો પણ તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### યુબીટી ગેરહાજર, કોંગ્રેસ-રાષ્ટ્રવાદી ચૂપ

ગૃહમાં કોઈ પણ સભ્યએ આદિત્ય ઠાકરેનું નામ લીધું નહીં, પરંતુ તેમના પર આંગળી ચીંધી હતી, તેમણે તત્કાલીન સરકારના પ્રધાન તરીકે ઉલ્લેખ કર્યો હતો. આ સમયે, શિવસેના (યુબીટી)નો એક પણ સભ્ય ગૃહમાં હાજર નહોતો, જ્યારે ગૃહની બહાર, આદિત્ય ઠાકરેને ટેકો આપનારા કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વિધાનસભ્યોએ ગૃહમાં એક પણ શબ્દ બોલ્યા વિના કાન પર હાથ રાખ્યા હતા.

### તત્કાલીન પ્રધાન અને મેયરની તપાસ

ભાજપના વિધાનસભ્ય અમિત સાટમે ગુરુવાર, ૨૦ માર્ચ, ૨૦૨૫ના રોજ વિધાનસભામાં પોઇન્ટ ઓફ ઓર્ડર દ્વારા દિશા સાલિયન મૃત્યુ કેસ તરફ ગૃહનું ધ્યાન દોર્યું. સાટમે આ બાબતની વિગતવાર માહિતી આપી અને સરકારને પૂછ્યું હતું કે દિશાના મૃત્યુની તપાસ માટે એસઆઈટી ક્યારે નિયુક્ત કરવામાં આવશે અને તેનો રિપોર્ટ ક્યારે જાહેર કરવામાં આવશે. ઉપરાંત, દિશાના પિતા સતીશ સાલિયાને માહિતી આપી છે કે મુંબઈ હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં જે નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં દિશા સલિયાનના ચાર મિત્રો, જે તત્કાલીન સરકારમાં પ્રધાન હતા અને મુંબઈ શહેરના તત્કાલીન મેયર હતા, તેમનો પણ સમાવેશ થાય છે. શું એસઆઈટી આ બધી વ્યક્તિઓની તપાસ કરશે? શું જરૂર પડ્યે આ બધા વ્યક્તિઓની કસ્ટડીમાં પૂછપરછ કરવામાં આવશે? આવા પ્રશ્નો કરવામાં આવ્યા હતા.

### તપાસ ઝડપી બનાવો

શિવસેનાના વિધાનસભ્ય અર્જુન ખોતકરે સાટમના મુદ્દાને ટેકો આપ્યો અને આ મામલાની સંપૂર્ણ તપાસની માગણી કરી હતી. ગૃહ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન યોગેશ કદમે ગૃહમાં માહિતી આપતાં જણાવ્યું હતું કે આ મામલાની તપાસ એસઆઈટી દ્વારા ચાલી રહી છે. રિપોર્ટ હજુ સુધી મળ્યો નથી, પરંતુ તપાસ વધુ ઝડપથી હાથ ધરવામાં આવશે. દિશા સાલિયનના પિતાએ કોર્ટમાં અરજી દાખલ કરી છે. તેથી, અમે કોર્ટના માર્ગદર્શન મુજબ કાર્યવાહી કરીશું.

### આરોપીઓની ધરપકડ કરો

આ મુદ્દા પર બોલતા પ્રધાન નિતેશ રાણેએ કહ્યું, 'સુપ્રીમ કોર્ટનો ચુકાદો છે કે આવા બળાત્કારના કેસોમાં આરોપી વ્યક્તિની તાત્કાલિક ધરપકડ કરવી જોઈએ અને પૂછપરછ કરવી જોઈએ. ગઈકાલે સતીશ સાલિયન દ્વારા જે લોકો પર આરોપ મૂકવામાં આવ્યા હતા તેમની ધરપકડ કરવી જોઈએ. એ અમારી માગણી છે,' એમ રાણેએ કહ્યું હતું.

### શિવસેનાનો ટેકો

'હું નિતેશ રાણેના મંતવ્ય સાથે સંમત છું. જે નિયમો સામાન્ય માણસને લાગુ પડે છે તે જ નિયમો પ્રધાન અને ભૂતપૂર્વ પ્રધાનને પણ લાગુ પડવા જોઈએ. તેથી, આ કેસમાં આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરીને તપાસ કરવી જોઈએ. તે સમયે, કેન્દ્રીય મંત્રીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી,' એમ પ્રધાન શંભુરાજ દેસાઈ (શિવસેના-શિંદે)એ જણાવ્યું હતું.

### 'ન્યાય, ન્યાય'

ત્યારબાદ, ભાજપ અને શિવસેનાના વિધાનસભ્યોએ 'ન્યાય, ન્યાય', 'ધરપકડ, ધરપકડ' જેવા નારા લગાવતા ગૃહનો કબજો લીધો અને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડી. સ્પીકર નાર્વેકરે ગૃહને ૧૦ મિનિટ માટે સ્થગિત કરી દીધું. ૧૦ મિનિટ પછી ગૃહની કાર્યવાહી ફરી શરૂ થતાં જ શાસક પક્ષે તે જ વિષય ફરી શરૂ કર્યો. અંતે, રાષ્ટ્રપતિએ પ્રધાનોને આ અંગે સરકારનું વલણ સ્પષ્ટ કરવા કહ્યું.

### સરકાર પણ અરજીમાં એક પક્ષકાર છે

આનો જવાબ આપતા ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન યોગેશ કદમે કહ્યું, 'હું ગૃહને ખાતરી આપવા માગું છું કે આ કેસમાં, કોઈપણ રાજકીય વ્યક્તિ, કોઈપણ પક્ષ, કાયદો બધા માટે સમાન છે. આમાં કોઈને પણ બક્ષવામાં આવશે નહીં. કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને કડક કાર્યવાહી કરવામાં આવશે. કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં, તેમણે સરકારને પણ પક્ષકાર બનાવી છે, તેથી તેમનું નિવેદન મળ્યા પછી અમે યોગ્ય કાર્યવાહી કરીશું.'

### છેલ્લા બે અધિવેશનમાં આ મુદ્દો કેમ ન આવ્યો એની નવાઈ લાગે છેઃ ઉદ્ધવ ઠાકરે

શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ અને આદિત્ય ઠાકરેના પિતા ઉદ્ધવ ઠાકરેએ વિધાનસભામાં દિશા સાલિયાનને મુદ્દે થયેલી ધમાલ પર જણાવ્યું હતું કે મને નવાઈ લાગે છે કે છેલ્લા બે વિધાનસભાના અધિવેશનમાં આ મુદ્દો કેમ ઉપસ્થિત કરાયો નહોતો. દરેક વખતે અધિવેશન આવે એટલે આ મુદ્દો ઉખેળવામાં આવે છે.

મારું કહેવું એટલું જ છે કે ખેડૂતોની ચિતા સળગી રહી છે, તેને માટે જવાબદાર કોણ છે? તેમની તપાસનું શું? સંતોષ દેશમુખની હત્યા થઈ છે, તેમની હત્યાનું શું? દિશા સાલિયાનના આકસ્મિક મૃત્યુનું પ્રકરણ કોર્ટમાં ચાલુ છે અને આ સંબંધી જે પુરાવા છે તે અદાલતમાં આપો. તમારી પાસે જે છે તે કોર્ટમાં આપો, એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે અમારા ખાનદાનની છથી સાત પેઢી લોકોની સામે છે. આ પ્રકરણ સાથે અમારે સ્નાન-સૂતકનો સંબંધ નથી, પરંતુ રાજકારણ ખોટી દિશામાં જ લઈ જવું હોય તો પછી બધાને તકલીફ પડશે. તમે ખોટી ધમાલ કરતા હશો તો કાલે તમારા પર પણ આવી શકે છે, એવી ચેતવણી પણ તેમણે ઉચ્ચારી હતી. ■

# ગૌહત્યાના અપરાધીઓ સામે એમસીઓસીએ લગાડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે એવી જાહેરાત કરી હતી કે ગૌહત્યા અને ગોધનની તસ્કરીમાં વારંવાર સંડોવાયેલા લોકો સામે મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (એમસીઓસીએ) લાગુ કરવામાં આવશે.

એમસીઓસીએ, ૧૯૯૯ કાયદો મહારાષ્ટ્રમાં સંગઠિત ગુનાઓ, માફિયા પ્રવૃત્તિઓ અને અંડરવર્લ્ડ કામગીરીનો સામનો કરવા માટે ઘડવામાં આવેલ એક ખાસ કાયદો છે. જ્યારે કોઈ જૂથ વારંવાર ખંડણી, હત્યા, અપહરણ, ડ્રગ્સની હેરફેર અથવા નાણાકીય લાભ માટે ગેરકાયદેસર વ્યવસાયો જેવા ગુનાઓમાં સામેલ થાય છે ત્યારે તે કાયદો લાગુ કરવામાં આવે છે. નિયમિત કાયદાઓથી વિપરીત એમસીઓસીએમાં કડક સજા, વિસ્તૃત પોલીસ કસ્ટડી અને કડક જામીન શરતો રાખવામાં આવી છે.

મહારાષ્ટ્ર વિધાનસભામાં બોલતાં ફડણવીસે કહ્યું હતું કે રાજ્ય સરકાર ગાયની તસ્કરીના કેસોમાં બારીકાઈથી નજર રાખી રહી છે અને વારંવાર ગુનામાં સામેલ થનારાઓ સામે કડક પગલાં લેવામાં આવશે.

એનસીપીના વિધાનસભ્ય સંગ્રામ જગતાપ દ્વારા વિધાનસભામાં ધ્યાનાકર્ષક નોટિસ દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, જેમણે ગાયની તસ્કરીમાં વારંવાર સંડોવાયેલા ગુનેગાર અતિક કુરેશીના કેસ તરફ ધ્યાન દોર્યું હતું.

ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન (ગ્રામીણ) પંકજ ભોયરે ગૃહને એવી માહિતી આપી હતી કે કુરેશી સામે અહિલ્યાનગર જિલ્લામાં ગાયની તસ્કરીના ૨૦ કેસ નોંધાયેલા છે.

૨૦ જાન્યુઆરીએ તેમની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ પહેલી માર્ચે તેમને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા.

ગૃહ વિભાગ સંભાળતા ફડણવીસે દરમિયાનગીરી કરી હતી અને ખાતરી આપી હતી કે કુરેશી જેવા રીઢા ગુનેગારો સામે એમસીઓસીએ લાદવા પોલીસને સૂચના આપવામાં આવશે. ■

# થાણેમાં સાતમા માળેથી લિફ્ટ નીચે પટકાઈ ત્રણ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેના મુંબ્રામાં રશીદ કમ્પાઉન્ડમાં ગ્રાઉન્ડ પ્લસ સાત માળની જિક્રા મહલ નામની બિલ્ડિંગમાં ગુરુવારે વહેલી સવારે લિફ્ટનો રોપ વે સાતમા માળ પરથી તૂટીને નીચે પડ્યો હતો, જેમાં લિફ્ટમાં રહેલા પાંચ લોકોમાંથી ત્રણ જખમી થયા હતા, જેમાં એક પાંચ વર્ષની બાળકીનો સમાવેશ થાય છે.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ગુરુવારે વહેલી સવારના ૫.૩૦ વાગે જિક્રા મહલ બિલ્ડિંગમાં સાતમા માળ પરથી લિફ્ટમાં છ લોકો દાખલ થયા હતા. લિફ્ટનો રોપવે અચાનક તૂટતા તે ધડામ દઈને નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર પટકાઈ હતી, તેને કારણે લિફ્ટમાં રહેલા છ લોકોમાંથી ત્રણ જખમી થયા હતા. તેમને તરત કલવામાં આવેલી છત્રપતિ શિવાજી મહારાજ હૉસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા.

જખમીમાં ૩૦ વર્ષના ઈમ્રાન શેખ, નવ વર્ષની બાળકી આયશા શેખ અને પાંચ વર્ષની બાળકી ઈકરા શેખનો સમાવેશ થાય છે. ■

# અંધેરીની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાંની આગમાં મહિલા સહિત ચાર અગ્નિશમનકર્મી દાઝયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી (પૂર્વ)માં મહાકાલી કેવ્સ રોડ પર આવેલ ન્યુ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ગ્રાઉન્ડ પ્લસ બે માળના ગાળામાં ગુરુવારે બપોરના ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ બુઝાવવાની કામગીરી દરમ્યાન ચાર ફાયરમેન જખમી થયા હતા, જેમને સારવાર બાદ હૉસ્પિટમાંથી રજા આપવામાં આવી હતી.



ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ શાંતિ નગરમાં આવેલી ન્યુ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ૫૦૦ બાય ૧૦૦૦ ફૂટના વિસ્તારમાં ગ્રાઉન્ડ પ્લસ બે માળના ગાળામાં ગુરુવાર બપોરના પોણા એક વાગ્યાની આસપાસ અચાનક આગ ફાટી નીકળી હતી. ગાળામાં રહેલા માલા-સામાનને કારણે આગ ઝડપથી ફેલાઈ રહી હોવાથી બપોરના ત્રણ વાગે આગને ત્રણ નંબરની જાહેર કરવામાં આવી હતી. આગ બુઝાવવા માટે ૧૦ ફાયર એન્જિન, આઠ જેટી, એક વોટર ટેન્કર સહિત ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીઓ પહોંચી ગયા હતા.

આગ બુઝાવવાની કામગીરી દરમ્યાન જોકે ચાર ફાયરમેન જખમી થયા હતા, જેમાં ૩૦ વર્ષના દેવેન્દ્ર છોટેલાલ યાદવ, ૨૫ વર્ષના તુષાર ઉમરજી હરાડ, ૩૦ વર્ષના પ્રકાશ લક્ષ્મણ ઈંગોલે અને ૩૪વર્ષની મહિલા ફાયર ફાઈટર સંધ્યા સંજય દાઝયા હતા. તમામ લોકોને હૉસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી. ■

# પવઈના ૨૪ માળના ટાવરના ૧૭મા ફ્લૉરમાં આગઃ ૬૦ રહેવાસીઓને બચાવાયા

મુંબઈઃ પવઈમાં ગ્રાઉન્ડ પ્લસ ૨૪ માળની સાઈ સેફાયર બિલ્ડિંગમાં ગુરુવારે સવારના આગ ફાટી નીકળ્યા બાદ બિલ્ડિંગમાં ફસાઈ ગયેલા ૬૦ રહેવાસીઓને બચાવી લેવામાં સફળતા મળી હતી. સદ્નસીબે આગની દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. પવઈમાં ગોપાલ શર્મા ઈન્ટરનેશનલ સ્કૂલ નજીક ૨૪ માળની રહેણાંક બિલ્ડિંગના ૧૭ માળે આવેલા ડક્ટ વિસ્તારમાં સવારના ૯.૩૪ વાગે આગ ફાટી નીકળી હતી. આગ ડક્ટ વિસ્તારમાથી ઝડપથી ઉપર સુધી ફેલાઈ ગઈ હતી અને તેના ધુમાડા દૂર દૂર સુધી નજરે ચઢી રહ્યા હતા. આગની જાણ થતા જ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગને કારણે નીકળેલા ધુમાડાને કારણે બિલ્ડિંગના ઉપરના માળે રહેવાસીઓ ફસાઈ ગયા હતા. મુંબઈ ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ સવારના ૯.૩૦ વાગ્યાની આસપાસ આગ નવમાં માળથી ૨૧ માળ સુધી ઈલેક્ટ્રિક ડક્ટથી ફેલાઈ હતી અને તેને કારણે આખી બિલ્ડિંગમાં ધુમાડો ફેલાઈ ગયો હતો. દરેક માળ પર ધુમાડો ફેલાઈ જતા રહેવાસીઓને બહાર કાઢવું આવશ્યક થઈ ગયું હતું. તેથી ફાયરબ્રિગેડના જવાનોએ રહેવાસીઓને બિલ્ડિંગના દાદરાથી સલામાત રીતે નીચે ઉતાર્યા હતા.

આસિસ્ટન્ટ ડિવિઝનલ ફાયર ઓફિસર પ્રીતમ મુંઢેના જણાવ્યા મુજબ બિલ્ડિંગની ફાયર સેફ્ટી સિસ્ટમ કામ કરતી હોવાને કારણે ઘણો ફાયદો થયો હતો, તેને કારણે આગ બુઝાવવામાં સારી એવી મદદ મળી હતી. આ દરમ્યાન ધુમાડો આખી બિલ્ડિંગમાં ફેલાઈ ગયો હોવાથી અમારી પ્રાથમિકતા આગ બુઝાવવાની સાથે જ અંદર ફસાઈ ગયેલા નાગરિકોને સુરક્ષિત રીતે દાદરાથી બહાર કાઢવાની હતી. ■



# રોહિત સાથે કોણ કરશે ઓપનિંગ, વિલ જૅક્સ કે રાયન રિકલ્ટન?

મુંબઈ: બાવીસમી માર્ચે શરૂ થનારી ૧૮મી આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની પ્રથમ મૅચ રવિવાર, ૨૩મી માર્ચે ચેન્નઈમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) વચ્ચે રમાશે અને એમાં એમઆઇ વતી કૅપ્ટન હાર્દિક પંડ્યા તથા જસપ્રીત બુમરાહ રમતા નહીં જોવા મળે એ તો નક્કી થઈ ગયું છે, પણ ઓપનિંગમાં રોહિત શર્મા સાથે ઇંગ્લૅન્ડનો વિલ જૅક્સ રમશે કે સાઉથ આફ્રિકાનો રાયન રિકલ્ટન રમશે એના પર હજી પ્રકાશ નથી પાડવામાં આવ્યો.

એમઆઇને સૌથી વધુ પાંચ ટાઇટલ અપાવનાર રોહિત શર્મા સાથે ૨૩મીએ ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાનારી એમઆઇની પ્રથમ મૅચમાં કોણ દાવની શરૂઆત કરશે એ વિશે હજી કંઈ નક્કી નથી કર્યું, એવું મુખ્ય કૅપ્ટન હાર્દિક પંડ્યાએ બુધવારે મુંબઈમાં પત્રકારોને જણાવ્યું હતું.

જોકે ઓપનિંગમાં રોહિતને સાથ આપવા કોના પર પસંદગી ઉતારવી એ નિર્ણય ટીમના સિલેક્ટર્સ તથા ટીમ-મૅનેજમેન્ટ માટે થોડો મુશ્કેલ બની રહેશે.

હાર્દિકે જર્નલિસ્ટોને એવું પણ કહ્યું હતું કે 'રોહિત સાથે ઓપનિંગમાં કોને મોકલવો એ વિશે અમે ટીમની જરૂરિયાત અને પિચ તથા હવામાન સહિતની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નિર્ણય લઈશું.'

ઇંગ્લૅન્ડનો ૨૬ વર્ષીય રાઇટ-હૅન્ડ બૅટર વિલ જૅક્સ બ્રિટિશ ટીમ વતી કુલ ૪૦ મૅચ રમ્યો છે જેમાં તેણે ૩૬ સિક્સર અને ૮૯ ફોરની મદદથી ૯૦૦-પ્લસ રન બનાવ્યા છે. લીગ ટૂર્નામેન્ટો સહિતના સમગ્ર ટી-૨૦ ફૉર્મેટમાં હાડ-હિટર વિલ જૅક્સ કુલ ૨૭૪ સિક્સર અને ૪૭૮ ફોરની મદદથી ૫,૦૯૦ રન બનાવી ચૂક્યો છે.

૨૮ વર્ષીય વિકેટકીપર-બૅટર રાયન રિકલ્ટન સાઉથ આફ્રિકા વતી ૩૨ મૅચ રમ્યો છે જેમાં તેણે ૨૬ સિક્સર તથા ૧૨૩ ફોર સાથે કુલ ૧,૨૦૦ જેટલા રન બનાવી ચૂક્યો છે. સમગ્ર ટી-૨૦ ફૉર્મેટમાં તેણે ૧૧૫ મૅચમાં ૧૪૫ સિક્સર તથા ૨૬૦ ફોરની મદદથી ૩,૦૪૭ રન બનાવ્યા છે.

હાર્દિક પંડ્યા ગઈ સીઝનમાં સ્લો ઓવર-રેટના ત્રીજા અફેન્સ બદલ એક મૅચ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો હોવાથી રવિવારે ચેન્નઈ સામેની મૅચમાં નહીં રમી શકે. જસપ્રીત બુમરાહ પીઠની ઈજામાંથી હજી પૂર્ણપણે મુક્ત ન થયો હોવાથી શરૂઆતની થોડી મૅચ નથી રમવાનો.



**પહેલી વાર આઈપીએલના ૧૦માંથી નવ કૅપ્ટન ભારતીય**

મુંબઈમાં ગઈ કાલે આઈપીએલના કૅપ્ટનો (જમણેથી ડાબે) શ્રેયસ ઐયર (પંજાબ), શુભમન ગિલ (ગુજરાત), સંજુ સૅમસન (રાજસ્થાન), ઋતુરાજ ગાયકવાડ (ચેન્નઈ), રજત પાટીદાર (બેન્ગલૂરુ), અક્ષર પટેલ (દિલ્હી), અજિંક્ય રહાણે (કોલકાતા), રિષભ પંત (લખનઊ), હાર્દિક પંડ્યા (મુંબઈ) અને પૅટ કમિન્સ (હૈદરાબાદ), રાજસ્થાનના સુકાની સૅમસનને આંગળીમાં ફ્રૅક્ચર થયું હતું અને તેણે આંગળીને વધુ આરામ આપવાના હોવાથી બીસીસીઆઇએ સૅમસનને આઇપીએલની ત્રણ મૅચમાં વિકેટકીપિંગ ન કરવાની સલાહ આપી છે. એ ત્રણ મૅચમાં સૅમસનને બદલે રિયાન પરાગ રાજસ્થાનની ટીમનું સુકાન સંભાળશે. એ રીતે ૨૩ વર્ષના પરાગને આઇપીએલના સૌથી યુવાન કૅપ્ટનોમાં નામ નોંધાવવાનો મોકો મળશે. (તસવીર: આઇપીએલ)

# ગુજરાતી ખેલાડી માનવ ઠક્કર ભારતીય ટેબલ ટેનિસમાં બની ગયો નંબર-વન



નવી દિલ્હી: રાજકોટમાં જન્મેલો માનવ વિકાસ ઠક્કર ભારતીય ટેબલ ટેનિસમાં નવો નંબર-વન ખેલાડી બની ગયો છે. પુરુષોની વર્લ્ડ ટેબલ ટેનિસ (ડબ્લ્યૂટીટી)ના ક્રમાંકોમાં માનવે ચાર ક્રમની છલાંગ લગાવી છે જેને પગલે તેણે હવે શરથ કમલને પાછળ રાખી દીધો છે અને ભારતનો નવો નંબર-વન ટી. ટી. પ્લેયર બની ગયો છે. એક સમય હતો જ્યારે ગુજરાતી ખેલાડી કમલેશ મહેતા (૧૯૮૨થી ૧૯૮૯ સુધી) ભારતમાં જ નહીં, પણ સમગ્ર એશિયામાં નંબર-વન ટેબલ ટેનિસ ખેલાડી હતા. ભારતીય મેન્સ ટેબલ ટેનિસમાં માનવ ઠક્કર હવે ટૉપ-રૅન્ક્ડ થઈ ગયો હોવાના સમાચાર ટેબલ ટેનિસ જગતમાં વાઇરલ થઈ ગયા છે.




**દિવ્યાંગોના રમતોત્સવનું શાનદાર ઓપનિંગ:** પાટનગર દિલ્હીમાં દિવ્યાંગ ઍથ્લીટો માટેની ખેલો ઇન્ડિયા પૅરા ગેમ્સના ઓપનિંગ સમારોહ દરમ્યાન સ્ટેજ પર પર્ફોર્મ કરી રહેલા કલાકારો. (પીટીઆઇ)

# શરૂઆતમાં બુમરાહની ગેરહાજરી: મુંબઈ ઇન્ડિયન્સના હેડ-કોચ જયવર્દનેએ કહ્યું કે...

મુંબઈ: ૧૮મી આઇપીએલ બાવીસમી માર્ચે શરૂ થશે અને ૨૩મી માર્ચે મુંબઈ ઇન્ડિયન્સની ચેન્નઈ સુપર કિંગ્સ સામે જે પહેલી મૅચ છે એમાં કૅપ્ટન હાર્દિક પંડ્યા તો નહીં રમે, પણ મુખ્ય બોલર જસપ્રીત બુમરાહ શરૂઆતની થોડી મૅચો નથી રમવાનો અને એ વિશે હેડ-કોચ માહેલા જયવર્દનેએ મહત્ત્વનું નિવેદન આપ્યું છે.

પાંચ વખત ટાઇટલ જીતી ચૂકેલી મુંબઈ ઇન્ડિયન્સની ટીમના મુખ્ય કોચ જયવર્દનેએ કહ્યું છે કે 'બુમરાહની ગેરહાજરી અમારી ટીમ માટે મોટો પડકાર બની રહેશે.'

બુમરાહ જાન્યુઆરીમાં ઑસ્ટ્રેલિયા પ્રવાસની છેલ્લી ટેસ્ટમાં ઈજા પામ્યા બાદ ફરી રમી નથી શક્યો અને તેની ફિટનેસ મુંબઈની ટીમ માટે સતત ચિંતાનો વિષય રહી છે.

મુંબઈના નંબર-વન મૅચ-વિનર બુમરાહે ૨૦૨૩માં પીઠમાં સર્જરી કરાવી હતી જેને લીધે તે એ વર્ષની આઇપીએલમાં નહોતો રમી શક્યો.

જયવર્દનેએ પત્રકારોને બુમરાહ વિશેના સવાલના જવાબમાં કહ્યું, 'હાલમાં તે બેન્ગલૂરુની એનસીએ (નૅશનલ ક્રિકેટ ઍકેડેમી)માં છે. તેણે બોલિંગ કરવાની થોડી શરૂઆત કરી છે. બીસીસીઆઇની મેડિકલ ટીમ તેના વિશે શું રિપોર્ટ આપે છે એના પર આધાર છે. અમે પ્રત્યેક દિવસે અપડેટ લેતા રહીએ છીએ. બુમરાહ વિશ્વનો સર્વશ્રેષ્ઠ બોલર છે અને તેણે મુંબઈ ઇન્ડિયન્સને ઘણી મૅચો જિતાડી છે.'

જયવર્દનેએ એવું પણ કહ્યું હતું કે 'બુમરાહની વાપસી માટે હજી થોડી રાહ જોવી પડશે. જોકે ટીમના બીજા ખેલાડીઓ પાસે આ પરિસ્થિતિમાં પોતાને સાબિત કરવા માટે સારો મોકો છે.'

બુમરાહે ૨૦૧૩ની સાલમાં આઇપીએલમાં ડેબ્યૂ કર્યું હતું અને ત્યારથી મુંબઈ વતી રમતો રહ્યો છે અને ૧૩૩ મૅચમાં ૧૬૫ વિકેટ લેવામાં સફળ રહ્યો છે.

# છઠ્ઠી એપ્રિલની મેચ કોલકાતાને બદલે ગુવાહાટીમાં રમાશે?

કોલકાતા: શનિવારે શરૂ થતી આઇપીએલમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા અને લખનઊ વચ્ચેની છઠ્ઠી એપ્રિલની મૅચ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રાખવામાં આવી છે, પણ હવે એના શેડ્યૂલમાં ફેરફાર કરવાની તૈયારી થઈ રહી છે અને આ મૅચ કોલકાતાને બદલે ગુવાહાટીમાં રાખવામાં આવશે એવી પાકી સંભાવના છે.

એ દિવસે રામનવમી નિમિત્તે કોલકાતાભરમાં વ્યાપક સ્તરે એ તહેવારની ઉજવણીઓ થવાની હોવાથી પોલીસ તંત્રએ એ દિવસે આઇપીએલની મૅચ માટે સુરક્ષા પૂરી પાડવાની તૈયારી નથી બતાડી જેને લીધે મૅચ કદાચ ગુવાહાટીમાં રાખવામાં આવશે.

આ જાણકારી ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન સૌરવ ગાંગુલીના ભાઈ અને ક્રિકેટ અસોસિયેશન ઑફ બેન્ગાલના પ્રમુખ સ્નેહાશિષ ગાંગુલીએ ગુરુવારે પીટીઆઇને આપી હતી. સ્નેહાશિષે પીટીઆઇને કહ્યું હતું કે 'મેં પોલીસ વિભાગ સાથે ઘણી ચર્ચા કરી હતી અને તેમણે મૅચના દિવસે પૂરતી સલામતી પૂરી પાડવામાં પોતે અસમર્થ હોવાનું મને કહ્યું હતું. જો પોલીસ તરફથી સુરક્ષા ન મળવાની હોય તો ૬૫,૦૦૦ જેટલા લોકોને સ્ટેડિયમમાં સમાવવાથી માંડીને તેમને કાબૂમાં રાખવાનું શક્ય ન બને.'

ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ જાહેરાત કરી હતી કે પશ્ચિમ બંગાળમાં રામનવમીને દિવસે કુલ ૨૦,૦૦૦થી પણ વધુ સરઘસનું આયોજન કરવામાં આવતું હોય છે.

જોકે હજી આઇપીએના સત્તાધીશો તરફથી સત્તાવાર રીતે કોઈ જ જાણકારી બહાર નથી પાડવામાં આવી.

૨૦૨૪ની આઇપીએલમાં પણ રામનવમીના દિવસે કોલકાતા અને રાજસ્થાન વચ્ચેની મૅચ સલામતી વ્યવસ્થાના અભાવને કારણે કોલકાતાને બદલે બીજે રાખવામાં આવી હતી.

# વૉશિંગ્ટન સુંદરે છાતી પર મમ્મીનું ટૅટૂ ચિતરાવીને અસંખ્ય ચાહકોના દિલ જીતી લીધાં



અમદાવાદ: ભારત વતી ૮૬ આંતરરાષ્ટ્રીય મૅચ રમી ચૂકેલા અને બાવીસમી માર્ચે શરૂ થનારી આઇપીએલમાં ગુજરાત ટાઇટન્સ (જીટી) વતી રમનાર ઑફ-સ્પિન ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદર થોડા દિવસથી એક અંગત કારણસર ન્યૂઝમાં ચમકી રહ્યો છે. તેણે પોતાની છાતી પર તેની મમ્મીના ચહેરાનું ટૅટૂ ચિતરાવ્યું છે.

વૉશિંગ્ટને તાજેતરમાં પોતાના ઘરમાં યોજાયેલી એક સેરેમની દરમ્યાન પોતાના જે ફોટો પાડવામાં આવ્યા હતા એ ઇન્સ્ટાગ્રામ પર પોતાના હૅન્ડલ પર શૅર કર્યા છે. એક ફોટોમાં તે પરંપરાગત પહેરવેશમાં પરિવારજનો સાથે જોવા મળે છે.

બીજા ફોટોમાં તે મમ્મી સાથે ઊભેલો દેખાય છે અને વૉશિંગ્ટને પોતાની છાતી પર મમ્મીના ચહેરાનું ટૅટૂ ચિતરાવ્યું છે એ પણ સ્પષ્ટ દેખાય છે. કહેવાની જરૂર નથી કે વૉશિંગ્ટનના દિલમાં તેના મમ્મી પ્રત્યે જે લાગણીઓ અને સન્માન છે એ તેમના જ ચહેરાના રૂપમાં તેણે પોતાની છાતી પર અંકિત કરી છે.

વૉશિંગ્ટને આ ફોટો શૅર કર્યા કે થોડી જ વારમાં સોશિયલ મીડિયામાં તેના પર અભિનંદનની વર્ષા થવા લાગી હતી.

વૉશિંગ્ટન સુંદરને ગુજરાત ટાઇટન્સે ૩.૨ કરોડ રૂપિયામાં મેળવ્યો છે.

વૉશિંગ્ટન સુંદરનો જન્મ ૧૯૯૯ની પાંચમી ઑક્ટોબરે ચેન્નઈમાં થયો હતો. તેના પિતાનું નામ મણી સુંદર હતું. તેમણે તેમના મૅન્ટર અને ભારતીય લશ્કરના ભૂતપૂર્વ અધિકારી પી. ડી. વૉશિંગ્ટનના નામ પરથી પુત્રનું નામ વૉશિંગ્ટન રાખ્યું હતું.

મણી સુંદર પણ ક્રિકેટર હતા. મણી સુંદરને પી. ડી. વૉશિંગ્ટનની મદદથી જ સ્પોર્ટ્સ ક્વૉટામાંથી કરવેરા વિભાગમાં નોકરી મળી હતી.

વૉશિંગ્ટન સુંદર પચીસ વર્ષનો છે. તેની ૩૪ વર્ષીય બહેન એમ. શૈલજા પણ ક્રિકેટર છે. તે છેલ્લે ૨૦૨૧માં તામિલનાડુ વતી વિમેન્સ સિનિયર વન-ડે ટ્રોફી નામની ટૂર્નામેન્ટમાં રમી હતી.

# રોહિતસેના પર બીસીસીઆઈની ધનવર્ષા, ખેલાડીઓને કરોડો રૂપિયાનો જેકપૉટ લાગ્યો!

મુંબઈ: રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતીય ક્રિકેટ ટીમ નવમી માર્ચે દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ જીતી એને પગલે આઇસીસી તરફથી રોહિતસેનાને ૨૦ કરોડ રૂપિયાનું સર્વોત્તમ ઇનામ આપવામાં આવ્યું ત્યાર પછી હવે ભારતીય ક્રિકેટ બોર્ડે આ ચેમ્પિયન ટીમના ખેલાડીઓને એ ઇનામના બમણાથી પણ વધુ રૂપિયા વરસાવીને નવડાવી દીધા છે.

બીસીસીઆઈએ ભારતની મેન ઈન બ્લ્યુ ચેમ્પિયન ટીમ માટે ૫૮ કરોડ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું છે.

બીસીસીઆઈના પ્રમુખ રોજર બિન્નીએ એક યાદીમાં જણાવ્યું હતું કે 'વર્ષ ૨૦૨૫ની ચેમ્પિયન્સ ટ્રોફી જીતવા બદલ ટીમ ઇન્ડિયાને ૫૮ કરોડ રૂપિયાની પ્રાઈઝ મની જાહેર કરવામાં ક્રિકેટ બોર્ડ આનંદ અનુભવે છે. ભારતીય ટીમે વૈશ્વિક સ્તરે જે નિષ્ઠા અને ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ દાખવ્યા એ બદલ ક્રિકેટ બોર્ડ ખૂબ ખુશ છે. આ ઇનામ મેદાન પર પર્ફોર્મ કરનાર ખેલાડીઓ તેમ જ મેદાનની બહારથી ટીમને જિતાડવા માટે યોગદાન આપનારાઓને તેમની મહેનત અને સમર્પિતતા બદલ આપવામાં આવી રહ્યું છે. ભારતીય મેન્સ ક્રિકેટ ટીમ ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપ બાદ આ આઈસીસી ટ્રોફી પણ જીતી છે એ મોટી ઉપલબ્ધિ તો કહેવાય જ, ૨૦૨૫ની સાલમાં ભારતની આ બીજી આઈસીસી ટ્રોફી છે, કારણ કે આ વર્ષની શરૂઆતમાં આપણા દેશે અન્ડર-૧૯ વિમેન્સ વર્લ્ડ કપ પણ જીતી લીધો હતો.'

ઇનામના ૫૮ કરોડ રૂપિયા જેમની વચ્ચે વહેંચવામાં આવશે એમાં ભારતીય ખેલાડીઓ, કોચિંગ સ્ટાફના તમામ મેમ્બર્સ, સપોર્ટ સ્ટાફ તેમ જ સિલેક્શન કમિટીના સભ્યોનો સમાવેશ છે. જોકે તેમની વચ્ચે ૫૮ કરોડ રૂપિયાની રકમ કેવી રીતે વહેંચવામાં આવશે એ વિશે સ્પષ્ટપણે નહોતું જણાવવામાં આવ્યું.

ચેમ્પિયન્સ ટ્રોફીમાં રોહિતના સુકાનમાં ભારતીય ટીમ અપરાજિત રહી હતી.

ભારતીય ટીમે બાંગ્લાદેશને ૬ વિકેટે, પાકિસ્તાનને છ વિકેટે અને ન્યૂ ઝીલૅન્ડને ૪૪ રનથી હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં ઑસ્ટ્રેલિયા સામે ભારતનો ચાર વિકેટે વિજય થયો હતો.

નવમી માર્ચે ન્યૂ ઝીલૅન્ડ સામેની ફાઇનલ ભારતે ૪ વિકેટે જીતી લીધી હતી. ૭૬ રન બનાવનાર રોહિત શર્મા મૅન ઑફ ધ ફાઈનલનો અવૉર્ડ જીત્યો હતો.

બીસીસીઆઇના સેક્રેટરી દેબાજિત સૈકિયાએ યાદીમાં જણાવ્યું હતું કે 'ચૅમ્પિયન્સ ટ્રોફી સહિત ભારતીય ટીમની છેલ્લી થોડા મહિનાની સિદ્ધિઓ વાઇટ બૉલની ક્રિકેટમાંના ટીમ ઇન્ડિયાના ટૉપ-રૅન્કિંગને યોગ્ય ઠરાવે છે.'

# શ્રેયસ ઐયર કેમ કહે છે કે 'મને ખોટો બદનામ કરવામાં આવ્યો'

ચંડીગઢ: ૨૦૨૪ની આઇપીએલમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ને શાનદાર કૅપ્ટન્સીથી ટ્રોફી અપાવનાર શ્રેયસ ઐયર આ વખતે પંજાબ કિંગ્સનો કૅપ્ટન છે અને એને ટ્રોફી અપાવવા મક્કમ છે, પરંતુ ૨૩મીએ ૧૮મી આઇપીએલ શરૂ થાય એ પહેલાં શ્રેયસે થોડા સમય પહેલાં પોતાને જે મુદ્દે ખોટો બદનામ કરવામાં આવ્યો એની વાત કરી છે.

પંજાબના ફ્રૅન્ચાઇઝીએ હરાજીમાં શ્રેયસને ૨૬.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તેણે પોતાના વિશે થોડા સમયથી થતી ચર્ચા પર અભિપ્રાય આપ્યો છે.

શ્રેયસે તાજેતરમાં દુબઈમાં ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારત વતી મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને એ જ ફૉર્મ હવે આઇપીએલમાં જાળવી રાખવા માગે છે.

તાજેતરમાં શ્રેયસને શૉર્ટ બૉલ સામે રમવામાં તેની નબળાઈ વિશે પૂછાતાં તેણે પોતાને ખોટો બદનામ કરવામાં આવ્યો હોવાનું કહીને ઉમેર્યું હતું કે 'મારા વિશે આ ખોટી ધારણા બંધાઈ છે અથવા મને ટાર્ગેટ બનાવવામાં આવ્યો છે. જોકે મને મારી ક્ષમતા અને તાકાત પર હંમેશાં ભરોસો રહ્યો છે. ગેમ સતત બદલાતી રહેતી હોય છે એટલે ખેલાડીએ પોતાના પર્ફોર્મન્સમાં સતત સુધારો કરવો પડતો હોય છે. મને આનંદ છે કે હું સકારાત્મક અભિગમ સાથે જ રમતો રહ્યો છું.'

છેલ્લી આઠ વન-ડેમાં ૫૩.૦૦ની સરેરાશે રન બનાવનાર શ્રેયસ હવે પંજાબ કિંગ્સનું નેતૃત્વ સંભાળશે. એ વિશે તેણે કહ્યું, 'મેં એ બાબતમાં ખાસ કંઈ વિચાર્યું નથી. હું હંમેશાં આ ગેમ પ્રત્યેની ઇમાનદારીથી રમતો રહ્યો છું. મને ખાતરી હતી કે ઇમાનદારી અને સારા પ્રદર્શન બદલ મને ફરી (કૅપ્ટન્સીનો) મોકો મળશે જ. હું જે કંઈ પરિણામો મેળવી શક્યો છું એનાથી ખુશ છું. મેં ખૂબ મહેનત તો કરી જ છે, કોચ પ્રવીણ આમરે સરથી માંડીને ટ્રેઇનર સાગર સુધીના દરેક જણે મહેનત કરી છે. ૨૦૨૩નો વન-ડે વર્લ્ડ કપ હોય કે ચૅમ્પિયન્સ ટ્રોફી, મને ચોથા ક્રમે બૅટિંગ કરવાનું ખૂબ ગમ્યું છે.'

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં શ્રેયસે પાંચ મૅચમાં ૨૪૩ રન બનાવ્યા હતા.

# બૉલ પર લાળ લગાડવા પરનો પ્રતિબંધ ગયો, રિવર્સ-સ્વિંગનું કમબૅક

## શમીની અપીલ કારગત નીવડી: આઈસીસી પણ કોરોનાકાળનો આ બૅન ઉઠાવવા વિચાર કરશે

મુંબઈ: બૉલ પર લાળ લગાડવા પર પાંચ વર્ષ પહેલાં મૂકવામાં આવેલો પ્રતિબંધ બીસીસીઆઇએ પાછો ખેંચી લીધો છે. એ સાથે હવે બાવીસમી માર્ચે શરૂ થઈ રહેલી આઇપીએલમાં બોલર કે ફીલ્ડર બૉલને ચમકાવવા માટે એના પર લાળ લગાડી શકશે. આઇસીસીએ કોવિડ-૧૯ના સમયકાળ દરમ્યાન આ પ્રતિબંધ લાગુ કર્યો હતો જેને પગલે આઇપીએલમાં પણ એ બૅન લાગુ કરાયો હતો. હવે પ્રતિબંધ પાછો ખેંચાતાં રમતી વખતે બૉલ પર લાળ લગાડી શકાશે જેને પગલે ફાસ્ટ બોલરની રિવર્સ-સ્વિંગની તરકીબ પાછી જોવા મળશે.

મોહમ્મદ શમીએ તાજેતરમાં આઇસીસીને આ પ્રતિબંધ પાછો ખેંચી લેવાની અપીલ કરી હતી.

ગઈ કાલે મુંબઈમાં આઇપીએલની તમામ ૧૦ ટીમના કૅપ્ટનોની મીટિંગમાં આ પ્રતિબંધ પાછો ખેંચી લેવો જોઈએ કે નહીં? એ મુદ્દે મંતવ્ય માગવામાં આવ્યું હતું અને મોટા ભાગના સુકાનીઓ પ્રતિબંધ પાછો ખેંચી લેવા સંમત થયા હોવાથી બીસીસીઆઇએ બૅન પાછો ખેંચી લીધો હતો. કેટલાક સુકાનીઓ બૅન ઉઠાવી લેવાની તરફેણમાં નહોતા. બીસીસીઆઇના આ નિર્ણયને પગલે હવે આઇસીસી પણ આંતરરાષ્ટ્રીય મૅચોમાં લાગુ કરવામાં આવેલો આ પ્રતિબંધ પાછો ખેંચી લેવા કદાચ વિચારશે.

## હવે સેકન્ડ ઇનિંગ્સમાં ભેજની સમસ્યા નહીં નડે, વાઇડ માટે પણ ડીઆરએસની સુવિધા અપનાવાશે

હવેથી આઇપીએલની ડે-નાઇટ મૅચમાં ભેજની સમસ્યા ન નડે એ માટે બીસીસીઆઇએ મહત્ત્વનો નિર્ણય લીધો છે. હવેથી મૅચમાં (મોડી સાંજે કે રાતના સમયે શરૂ થતી) સેકન્ડ ઇનિંગ્સમાં બીજો બૉલ (બીજો વપરાયેલો બૉલ) ઉપયોગમાં લઈ શકાશે. મૅચના બીજા (પછીના) દાવમાં ૧૧મી ઓવરથી બીજો બૉલ લઈ શકાશે. એ જોતાં હવે ટૉસ જીતનાર કૅપ્ટને નિર્ણય લેવા સંબંધમાં મોડી સાંજે કે રાત્રે ભેજને લીધે હરીફ ટીમને થનારા નુકસાન વિશેનો વિચાર જો કર્યો હશે તો એ કારગત નહીં નીવડે, કારણકે પછીની ઇનિંગ્સમાં ૧૧મી ઓવરથી (વપરાયેલો) બીજો બૉલ ઉપયોગમાં લેવામાં આવનાર હોવાથી ગેમ પર ભેજની ખાસ કંઈ અસર નહીં જોવા મળે અને બૅટર-બોલર વચ્ચેની સમતુલા જોવા મળશે. દરમ્યાન હવેથી મર્યાદા બહારના ઊંચા વાઇડ તથા ઑફ સ્ટમ્પની બહારના વાઇડ માટે ડીઆરએસ (ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ)નો ઉપયોગ કરવાની છૂટ આપી છે.

# અઝહરુદ્દીનથી દિનેશ કાર્તિક સુધીના ઘણા ભારતીય ક્રિકેટરો બીજાં લગ્ન કરી ચૂક્યા છે

## મોહમ્મદ શમી, હાર્દિક, શિખર, ચહલ પણ ફરી મૅરેજ કરશે?

મુંબઈ: ભારતના ઘણા ક્રિકેટરોએ મેદાન પરથી અસંખ્ય ચાહકોને ખુશ કર્યા છે, પરંતુ તેમના અંગત જીવનમાં (ખાસ કરીને લગ્નજીવનમાં) તોફાન આવતાં તેમના એ જ ચાહકોએ આઘાત પણ અનુભવ્યા છે. મોહમ્મદ અઝહરુદ્દીનથી માંડીને દિનેશ કાર્તિક સુધીમાં ઘણા ખેલાડીઓ પ્રથમ પત્નીને ડિવૉર્સ આપીને બીજા લગ્ન કરીને અંગત તથા પારિવારિક જીવનમાં નવી ઇનિંગ્સ શરૂ કરી ચૂક્યા છે.

વર્તમાન ક્રિકેટરોમાં પણ એવા કેટલાક ખેલાડીઓ છે જેમના લગ્નજીવનમાં ભંગાણ પડ્યા છે એટલે હવે સવાલ એ છે કે તેઓ બીજા લગ્ન કરશે? આવા ખેલાડીઓમાં યુઝવેન્દ્ર ચહલનો કિસ્સો લેટેસ્ટ છે. ચહલ અને ધનશ્રી વર્મા ગઈ કાલથી સત્તાવાર રીતે એકમેકથી અલગ થઈ ગયા હતા.

અહીં આપણે મુંબઈની ફૅમિલી કોર્ટે તેમના ડિવૉર્સની અરજી પર મહોર લગાવી હતી એ સાથે હવે ચહલ-ધનશ્રી પતિ-પત્ની નથી રહ્યા.

થોડા મહિના પહેલાં હાર્દિક પંડ્યાએ નતાશા સ્ટૅન્કોવિચ સાથે છૂટાછેડા લીધા હતા. મૂળ સર્બિયાની અને મુંબઈમાં રહેતી નતાશા ડાન્સર, મૉડેલ અને ઍક્ટ્રેસ છે. હાર્દિકથી નતાશાને એક પુત્ર જન્મ્યો છે જેનું નામ અગસ્ત્ય છે. શિખર ધવને ઑસ્ટ્રેલિયામાં રહેતી આયેશા મુકરજી નામની મહિલા સાથે ૨૦૨૩ની સાલમાં માનસિક સતામણીનો આક્ષેપ કરીને છૂટાછેડા લઈ લીધા હતા.

એ પહેલાં, મોહમ્મદ શમી અને પત્ની હસીન જહાં પણ એકમેકથી અલગ થઈ ગયા છે.

### કયા ભારતીય ક્રિકેટરે બીજા લગ્ન કર્યાં?

(૧) ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન મોહમ્મદ અઝહરુદ્દીનની પ્રથમ પત્નીનું નામ નૌરિન હતું. અઝહરે નૌરિનને તલાક આપ્યા બાદ અભિનેત્રી સંગીતા બિજલાની સાથે મૅરેજ કર્યા હતા. જોકે બન્નેએ ૧૪ વર્ષ સુધી એકમેકની સાથે રહ્યા બાદ આપસની સહમતીથી છૂટાછેડા લઈ લીધા હતા.

(૨) ભારતના ભૂતપૂર્વ પેસ બોલર તથા આઇસીસીના ટોચના મૅચ રેફરી જાવાગલ શ્રીનાથે ૧૯૯૯માં જ્યોત્સના સાથે લગ્ન કર્યા હતા. જોકે સંઘર્ષભર્યા લગ્નજીવન બાદ તેમણે ૨૦૦૭માં ડિવૉર્સ લઈ લીધા હતા. બીજા જ વર્ષે (૨૦૦૮માં) શ્રીનાથે પત્રકાર માધવી પત્રાવલી સાથે લગ્ન કર્યા હતા.

(૩) ભૂતપૂર્વ ભારતીય બૅટર વિનોદ કાંબળીની પ્રથમ પત્નીનું નામ નોએલા લુઇસ હતું. તે એક હૉટેલની રિસેપ્શનિસ્ટ હતી. બન્નેએ મૅરેજ કર્યા બાદ થોડા જ સમયમાં ડિવૉર્સ લઈ લીધા હતા. કાંબળીએ ૨૦૦૬માં ઍન્ડ્રિયા હ્યુઇટ નામની મૉડેલ સાથે મૅરેજ કર્યા હતા. આ લગ્ન પણ તૂટવાની તૈયારીમાં હતા, પરંતુ ઍન્ડ્રિયાએ કેટલીક વખત ડિવૉર્સનો વિચાર કર્યા બાદ છેવટે યુ-ટર્ન લઈને તેમ જ કાંબળીના વિવાદાસ્પદ વર્તનને સહન કરીને લગ્નજીવન ટકાવી રાખ્યું છે.

(૪) ભૂતપૂર્વ ભારતીય વિકેટકીપર-બૅટર દિનેશ કાર્તિકે પહેલા લગ્ન નિકિતા વણજારા નામની છોકરી સાથે કર્યા હતા. નિકિતાનું ભારતીય ઓપનિંગ બૅટર મુરલી વિજય સાથે અફેર ચાલતું હોવાની જાણ થયા પછી કાર્તિકે નિકિતાને છૂટાછેડા આપી દીધા હતા અને ટોચની સ્ક્વૉશ ખેલાડી દીપિકા પલ્લીકલ સાથે લગ્ન કરી લીધા હતા. મુરલી વિજયે નિકિતા સાથે મૅરેજ કર્યા છે.

(૫) ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર અરુણ લાલે પ્રથમ પત્ની રીનાની તબિયત સારી ન રહેતી હોવાથી બન્ને જણ એકમેકની સંમતિથી છૂટા પડી ગયા હતા અને ૨૦૨૨ની સાલમાં ૬૬ વર્ષના અરુણ લાલે પોતાનાથી ૨૮ વર્ષ નાની બુલબુલ સાહા નામની સ્કૂલ ટિચર સાથે લગ્ન કર્યા હતા.

# સેન્સેક્સે ૮૯૯ પોઇન્ટના ઉછાળા સાથે ૭૬,૦૦૦ની સપાટી પાછી મેળવી, નિફ્ટી સતત ચોથા દિવસની આગેકૂચ સાથે ૨૩,૨૦૦ નિકટ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ટેરિફ વોરને કારણે ઇન્ફ્લેશન વધવાની ચિંતા યથાવત્ રહી હોવા છતાં અમેરિકાની ફેડરલ રિઝર્વે વર્ષ માટે તેના વ્યાજ દર ઘટાડાના અંદાજો જાળવી રાખ્યા હોવાથી ગ્લોબલ ઇક્વિટી બજારમાં આવેલી તેજી સાથે સ્થાનિક બજારમાં પણ સતત ચોથા દિવસે જોરદાર ઉછાળા સાથે આગેકૂચ ચાલુ રહી હતી. ગુરૂવારે ભારતીય બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ સત્ર દરમિયાન લગભગ ૧૦૦૦ પોઇન્ટ ઊછળ્યો હતો જ્યારે નિફ્ટીએ ૨૩,૨૦૦ની સપાટી વટાવી હતી.

ખાસ કરીને બેંકિંગ અને આઇટી શેરોની આગેવાનીમાં નીકળેલી લેવાલી વચ્ચે સેન્સેક્સ ૮૯૯.૦૧ પોઇન્ટ અથવા તો ૧.૧૯ ટકાના ઉછાળા સાથે ૭૬,૩૪૮.૦૬ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન તે ૧૦૦૭ પોઇન્ટ અથવા તો ૧.૨૨ ટકા ઉછળીને ૭૬,૪૫૬.૨૫ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. એનએસઇનો નિફ્ટી ૨૨,૯૦૭.૬૦ પોઇન્ટની પાછલી બંધ સપાટી સામે ૨૩,૨૧૬ની ઊંચી સપાટી સુધી છલાંગ લગાવ્યા બાદ અંતે ૨૮૩.૦૬ પોઇન્ટ અથવા તો ૧.૨૪ ટકા વધીને ૨૩,૧૯૦.૬૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

સેન્સેક્સના સૌથી વધનારા શેરોમાં ભારતી એરટેલ, ટાઇટન, ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ, હિન્દુસ્તાન યુનિલીવર, ઇન્ફોસિસ, નેસ્લે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એચડીએફસી બેન્ક અને ટાટા મોટર્સનો સમાવેશ હતો. જોકે, ઇન્ડસઇન્ડ બેન્ક, બજાજ ફાઇનાન્સ અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેર ટોપ લૂઝર રહ્યાં હતાં. આખી દુનિયાના શેરબજારો જેના પર નજર માંડીને બેઠા હતા, તે સમાચાર બુધવારે મોડી રાત્રે જાહેર થતાં સટોડિયા વર્ગમાં ખુશાલીની લહેર જોવા મળી હતી. અમેરિકાની મધ્યસ્થ બેન્ક ફેડરલ રિઝર્વે અપેક્ષા અનુસાર જ વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી. બજાર નિષ્ણાતો ધારી રહ્યા હતા કે યુએસ ફેડરલ રિઝર્વ વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કરશે નહીં, અને એવું જ થયું અને ફેડરલે વ્યાજ દર ૪.૨૫-૪.૫૦ ટકા પર યથાવત રાખ્યો છે. જોકે ફેડરલ તરફથી ઇકોનોમી માટે કોઇ અનુચિત ટિપ્પણી ના આવવાને કારણે બજારે રાહત અનુભવી હતી.

ફેડરલના ચેરમેન જેરોમ પોવેલે પણ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિ વચ્ચે ફુગાવા વધવાના જોખમ વિશે ચેતવણી આપી હતી.જેરોમ પોવેલે ફુગાવા પર ટેરિફની અસરનું મૂલ્યાંકન કરવાના પડકારને સ્વીકાર્યો, પરંતુ એવા સર્વેક્ષણો તરફ ધ્યાન દોર્યું જે કહે છે કે ટેરિફ પહેલાથી જ ફુગાવાની અપેક્ષાઓ વધારી રહ્યા છે. તેમણે કહ્યું કે મોંઘવારી હવે વધવા લાગી છે.

જોકે, ફેડના વ્યાજ દરમાં ફેરફાર પછી પણ યુએસ શેરબજારોમાં વધારો થયો હતો, અને આનું કારણ એ હતું કે વધતા ફુગાવા અંગે ચિંતા હોવા છતાં, ફેડ નીતિ નિર્માતાઓ હજુ પણ ૨૦૨૫ માં દરમાં અડધા ટકાના




ઘટાડાની આગાહી કરી રહ્યા છે, જે આ વર્ષે પચાસ બેસિસ પોઇન્ટ ઘટાડાનો સંકેત આપે છે. અમેરિકન બેન્ચમાર્ક શેરઆંક ડાઉ જોન્સ અને નાસ્ડેક લગભગ દોઢ ટકાના વધારા સાથે બંધ થયા.યુએસ ફેડરલ રિઝર્વના નિર્ણય અને યુએસ બજારમાં તેજી બાદ, તેની અસર ભારતીય શેરબજાર પર પણ જોવા મળી.

ફેડરલ રિઝર્વ દ્વારા દર જાળવી રાખવા અને ૨૦૨૫ માટે ૧.૭ ટકાની નીચી વૃદ્ધિ અને ૨.૮ ટકાની ઊંચી ફુગાવાનો અંદાજ અપેક્ષિત રેખાઓ પર હોવાનું જણાવતાં ફેડરલ જિયોજિત ફાઇનાન્શિયલ સર્વિસિસના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ, ડો. વી. કે. વિજયકુમારે કહ્યું હતું કે, ચીફની ટિપ્પણી વધુ મહત્વપૂર્ણ છે કે આગામી નીતિ, આગામી સમયમાં આકાર પામનારા દૃષ્ટિકોણના આધારે કોઈપણ દિશા તરફ આગળ વધી શકે છે. ટ્રમ્પના ટેરિફને લગતા અતાર્કિક અને અણધાર્યા નિર્ણયોને કારણે વિકસિત દૃષ્ટિકોણ અત્યંત અનિશ્ચિત છે.

તેમણે જણાવ્યું હતું કે, ભારતીય બજારમાં બે વલણો મહત્વપૂર્ણ છે. એક સ્થાનિક કન્ઝમ્પશન થીમ્સને સમર્થન મળી રહ્યું છે. મંગળ અને બુધવારના દિવસમાં બાવન અઠવાડિયાના ઉચ્ચતમ સ્તર પર પહોંચેલા ચાર શેરમાં કોટક બેંક, બજાજ ફાઇનાન્સ, ઇન્ટરગ્લોબ એવિએશન અને મુથૂટ ફાઇનાન્સનો સમાવેશ હતો, જે સ્થાનિક વપરાશની થીમ પર આધારિત છે. વિદેશ બજાર પર નભનાર આઇટી સેકટર નબળું છે. બીજી બાબત એ છે કે, તાજેતરમાં પછડાટ ખાનારા સંરક્ષણ અને શિપિંગ જેવા સેકટરને ટેકો મળી રહ્યો છે. ગ્રાહકલક્ષી ડિજિટલ શેરો પણ મજબૂત સ્થિતિમાં છે. આ વલણ ચાલુ રહી શકે છે. મોટાભાગે, બજાર બીજી એપ્રિલ સુધી થોભો અને જુઓ મોડમાં રહેશે, જ્યારે પારસ્પરિક ટેરિફ જાહેર કરવામાં આવશે. યુએસ ડોલર ઇન્ડેક્સમાં સતત ઘટાડાથી એફઆઇઆઇના વેચાણની તીવ્રતામાં ઘટાડો થયો છે જ્યારે ડીઆઇઆઇની ખરીદી મજબૂત રહી છે, જેના કારણે તાજેતરના ઉછાળાને વેગ મળ્યો છે. આર્થિક પ્રવૃત્તિમાં માસિક ધોરણે વધારો દર્શાવતા સહાયક સ્થાનિક ડેટા અને વર્ષ દરમિયાન વધુ વ્યાજ દરમાં ઘટાડો થવાની ધારણા ઇક્વિટીના આકર્ષણમાં વધારો કરી રહી છે. ચાલુ તેજી ટૂંકા ગાળામાં વ્યાપક બજાર માટે ટકી રહેવાની અપેક્ષા છે અને પછી એપ્રિલમાં જાહેર થનારા ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરના કોર્પોરેટ પરિણામોના દૃષ્ટિકોણના આધારે આગળ વધશે. સરકારે સ્ટીલ આયાત પર કર લાદવાનો નિર્ણય જાહેર કર્યો હોવાના અહેવાલોને કારણે મેટલ શેરોમાં કરંટ ચાલુ રહ્યો હતો.ડીજીડીઆરએ સ્ટીલની આયાત પર ૧૨ ટકા સેફગાર્ડ જકાતની ભલામણ કરી છે. કીઆ, હોન્ડા અને હ્યુન્ડાઇ સહિતની ઓટો કંપનીઓએ એપ્રિલથી ભાવ વધારવાની જાહેરાત કરી છે. એક અહેવાલ અનુસાર ભારતનું ઓનલાઈન ગેમિંગ ક્ષેત્ર ૨૦૨૯ સુધીમાં નવ અબજ ડોલરને પાર કરશે.

ન્યુ ઇન્ડિયા અસ્યોરન્સને આવકવેરા ખાતા તરફથી રૂ. ૧૨૪.૯૮ કરોડની ડિમાન્ડ નોટિસ મળી છે. અમેરિકા અને ચીનમાં માગમાં સતત ઘટાડાને કારણે ફેબ્રુઆરીમાં ભારતની રત્નો અને ઝવેરાતની નિકાસ ૨૩.૪૯ ટકા ઘટીને રૂ. ૨૧,૦૮૫ કરોડ થઈ છે, એમ જીજેઇપીસીએ જણાવ્યું હતું. બજારના સાધનોએ જણાવ્યું હતું કે, એકધારી પછડાટ બાદ વેલ્યુએશન અત્યંત વાજબી સપાટીએ આવી ગયા હોવાથી પણ સ્થાનિક બજારની સકારાત્મક ગતિ જળવાઇ રહી છે. રીલીફ રેલી આગળ કેટલી ટકી શકશે એનો આધાર અર્થતંત્રના ફંડામેન્ટલ વિકાસના ધોરણેરણે કેટલો ટેકો મળે છે એના પર છે.

# ડૉલર સામે રૂપિયામાં એક પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ રહ્યું હોવા છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાતરફી વલણને ટેકે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં મક્કમ વલણ રહ્યું હતું અને સત્રના અંતે રૂપિયો ગઈકાલના બંધ સામે એક પૈસાના સુધારા સાથે ૮૬.૩૬ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી અને ટ્રમ્પની ટેરિફ અંગેની નીતિઓની અનિશ્ચિતતાના જોખમોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૩૭ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૩૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૪૧ અને ઉપરમાં ૮૬.૨૦ સુધી મજબૂત થયા બાદ અંતે સાધારણ એક પૈસાના સુધારા સાથે ૮૬.૩૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આજે સતત પાંચમાં સત્રમાં ડૉલર સામે રૂપિયામાં સુધારો જોવા મળ્યો છે અને આ પાંચ સત્રમાં રૂપિયો કુલ ૮૭ પૈસા મજબૂત થયો છે. દરમિયાન ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ જૅરૉમ પૉવેલે વ્યાજદર યથાવત્ રાખવાની સાથે જણાવ્યું હતું કે જો ભવિષ્યમાં ફુગાવો ઊંચી સપાટીએ જળવાયેલો રહેશે તો વ્યાજદર ઊંચાં જ રહેશે આથી રેટ કટની શક્યતા મુખ્યત્વે આર્થિક ડેટાઓ પર અવલંબિત રહેશે. આમ ફેડરલે સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાથી આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૬ ટકા વધીને ૧૦૩.૯૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૦ ટકા વધીને બેરલદીઠ ૭૦.૮૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ડૉલર ઈન્ડેક્સ અને ક્રૂડતેલના વાયદામાં સુધારો જોવા મળ્યો હોવા છતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૯૯.૦૧ પૉઈન્ટનો અને ૨૮૩.૦૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૦૯૬.૫૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશને ધ્યાનમાં લેતા સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વિશ્વ બજાર પાછળ ચાંદી ₹ ૧૫૭૬ ગબડી, સોનામાં ₹ ૧૪૩નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા. તેમ જ વર્ષ ૨૦૨૫માં બે વખત વ્યાજદરમાં કપાતની શક્યતા વ્યક્ત કરી હોવાના નિર્દેશો સાથે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૦૫૭.૨૧ ડૉલરની નવી ટોચે પહોંચીને પાછાં ફર્યા હતા. તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું અને વાયદામાં સુધારો આગળ ધપ્યો હતો તથા ચાંદીમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં આજે ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ અને નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. ૧૫૭૬ તૂટ્યા હતા, જ્યારે સોનામાં રૂ. ૧૪૨થી ૧૪૩નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ અને ઊંચા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૫૭૬ના ઘટાડા સાથે રૂ. ૯૮,૩૯૨ના



મથાળે રહ્યા હતા. તેમ જ વૈશ્વિક સોનામાં ટકેલું વલણ રહ્યું હોવાથી સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઊંચા મથાળેથી રિટેલ સ્તરની તેમ જ જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૨ના ઘટાડા સાથે રૂ. ૮૮,૧૫૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૪૩ ઘટીને રૂ. ૮૮,૫૦૬ના મથાળે રહ્યા હતા.


ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે વર્ષ દરમિયાન બૅન્ચમાર્ક દરમાં બે વખત ઘટાડાની શક્યતા વ્યક્ત કરતાં ન્યૂ યોર્ક ખાતે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૩૦૫૭.૨૧ ડૉલરની સપાટીએથી પાછાં ફર્યા હતા. તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૩૦૪૪.૪૪ ડૉલર આસપાસની સપાટીએ ટકેલા રહ્યા હતા અને વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૦૫૦.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩.૫૮ ડૉલર આસપાસ રહ્યા હતા.

હાલના તબક્કે વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતાનો માહોલ, ભૂરાજકીય તણાવ અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ જેવાં કારણોસર સોનાની તેજીને ટેકો મળી રહ્યો હોવાનું હૉંગકૉંગસ્થિત હૅરસ મેટલ્સનાં જનરલ મેનેજર ડિક પૂને જણાવ્યું હતું.

અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બૅન્ચમાર્ક દર ૪.૨૫થી ૪.૫૦ ટકાની સપાટીએ જાળવી રાખ્યા હતા. તેમ જ વર્ષ ૨૦૨૫ના અંત આસપાસ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો બે વખત કાપ મૂકવામાં આવે તેવી શક્યતા ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવેલે વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે અમેરિકી પ્રમુખની ટેરિફ સહિતની આરંભિક નીતિઓથી અમેરિકાની આર્થિક વૃદ્ધિ મંદ પડે અને કામચલાઉ ધોરણે ફુગાવામાં વૃદ્ધિ થવાની શક્યતા છે.

અમેરિકાની ટેરિફ અંગેની અનિશ્ચિતતા, રેટ કટની શક્યતાઓ અને મધ્યપૂર્વના દેશોમાં તણાવ વધતાં વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનાએ ૧૬મી વખત નવી ઊંચી સપાટી નોંધાવી છે અને ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલરની સપાટીએ પહોંચ્યા છે. ભૂરાજકીય અને આર્થિક અનિશ્ચિતતાને ટેકે વર્ષ ૨૦૨૫ના પહેલા ત્રિમાસિકગાળામાં સોનામાં સારી કામગીરી જોવા મળી હોવાનું એબીસી રિફાઈનરીનાં ઈન્સ્ટિટ્યૂશનલ માર્કેટ હેડ નિકોલસ ફ્રેપેલે જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં જોવા મળેલો સોનામાં ઘટાડો ક્ષણભંગુર નિવડતાં હવે ઔંસદીઠ ૩૦૯૦થી ૩૧૦૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા નકારી ન શકાય.

# બ્રાસ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપરમાં આગળ ધપતો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે ખાસ કરીને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી સાતનો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે ટીન, નિકલ, લીડ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૫નો ઘટાડો આવ્યો હતો. ચીનનાં સ્ટિમ્યુલસ પેકેજ ઉપરાંત અમેરિકાની ટેરિફ નીતિને કારણે વૈશ્વિક સ્તરે કોપરનો પુરવઠો તંગ રહે તેવી ભીતિ હેઠળ આજે લંડન ખાતે કોપરનાં વાયદામાં ભાવ ઉછળીને પાંચ મહિનાની ઊંચી ટનદીઠ ૧૦,૦૪૯.૪૦ ડૉલરની સપાટીએ પહોંચ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૮૪૮, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૬૭, રૂ. ૮૫૭ અને રૂ. ૫૬૩, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૬૦૫ અને રૂ. ૯૨૯ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૦૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીન, નિકલ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની વધ્યા મથાળેથી આક્રમક નફારૂપી વેચવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૩૧૦૮, રૂ. ૨૨ ઘટીને રૂ. ૧૪૨૮ અને રૂ. ચાર ઘટીને રૂ. ૨૭૯ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૨૬૭ અને રૂ. ૧૮૪ના મથાળે રહ્યા હતા.

# ખાંડમાં ખપપૂરતા કામકાજે મિશ્ર વલણ

## ગત ૧૧ માર્ચ સુધીમાં ૮૧,૩૦૭ ટન ખાંડની નિકાસનો અંદાજઃ આઈસ્ટા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૯૦થી ૩૮૪૦ના મથાળે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજામાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં માગ તથા માલની ગુણવત્તાનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ચારથી ૧૦નો સુધારો આવ્યો હતો.

દરમિયાન ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશન (આઈસ્ટા)ની પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત ૧૧મી માર્ચ સુધીમાં દેશમાંથી થયેલી ૮૧,૩૦૭ ટન કાચી અને સફેદ ખાંડની નિકાસ પૈકી ૪૧ ટકા નિકાસ શ્રીલંકા ખાતે અને ૨૨ ટકા કરતાં વધુ માત્રાની નિકાસ અફઘાનિસ્તાન ખાતે થઈ છે અને વધુ ૭૦,૦૦૦ ટન ખાંડની નિકાસના શિપમેન્ટ લોડ થવામાં છે. આઈસ્ટાના ચેરમેન પ્રફુલભાઈ વિઠ્ઠલાણીએ જણાવ્યું હતું કે ભારતીય ખાંડમાં શુક્રોઝનું પ્રમાણ વધુ હોવાથી તેમ જ નૂરભાડા પણ ઓછાં હોવાથી પાડોશી દેશો ભારતીય ખાંડની પસંદગી વધુ કરી રહ્યા છે.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૬૨થી ૪૦૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ચારથી ૧૦ના સુધારા સાથે રૂ. ૪૦૩૬થી ૪૧૧૨માં થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૨૦માં અને રૂ. ૩૯૩૦થી ૪૦૧૦માં ટકેલા ધોરણે થયા હતા.



# દેશી-આયાતી તેલમાં પાંખા વેપારે મિશ્ર વધઘટ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના જૂન વાયદામાં ૨૬ રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતેના સોયાતેલના વાયદામાં ૧૮ સેન્ટ ઘટી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં વૈશ્વિક મિશ્ર અહેવાલ અને હાજર, ડાયરેક્ટ ડિલિવરી તથા સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતાં દેશી-આયાતી તેલના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૫નો અને સન રિફાઈન્ડ તથા કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે સિંગતેલ અને સરસવમાં અનુક્રમે રૂ. ૧૦ અને રૂ. પાંચ વધી આવ્યા હતા.

આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૨૦ માર્ચ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ફેબ્રુઆરી મહિનાના સમાનગાળાના ૭,૩૩,૯૭૦ ટન સામે ૧૪.૨૧ ટકા ઘટીને ૬,૨૯,૬૮૭ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

વધુમાં આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૫, એએનએ અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૫ તથા રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા. જોકે, આજે ગોકુલની સન રિફાઈન્ડમાં રૂ. ૧૩૫૦ના મથાળે બાયબેકમાં લેવાલી નીકળી હોવાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૫, સિંગતેલના રૂ. ૧૪૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સરસવના રૂ. ૧૩૧૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# વડા પ્રધાન મોદીએ ગુજરાતના ભરવાડ સમાજને પ્રાકૃતિક ખેતી અપનાવવા આગ્રહ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન મોદીએ ગુરુવારે ગુજરાતના ભરવાડ સમાજને એક પેડ માઁ કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષો વાવવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા આગ્રહ કર્યો હતો. તેમણે મુખ્યત્વે પશુપાલન કરનારા સમુદાયને ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા યોગદાન આપવા પણ આગ્રહ કર્યો હતો.

વડા પ્રધાન મોદીએ અમદાવાદના ધોલેરા તાલુકાના બાવળિયાળી ખાતેના ઠાકરધામમાં સંતશ્રી નગાલાખા બાપાના ઠાકર મંદિરની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તથા શ્રીમદ્ ભાગવત ગોપ જ્ઞાન ગાથાના પ્રસંગે હજારોની સંખ્યામાં ભાગ લેનારા ભરવાડ સમાજને વર્ચ્યુઅલી માધ્યમથી સંબોધન કર્યું હતું.

વડા પ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, આપણે આગામી ૨૫ વર્ષમાં વિકસિત ભારતનું નિર્માણ કરવાનું છે. મારે આ માટે આપનું સમર્થન જોઈએ છે. પહેલા તબક્કે દેશનાં ગામડાઓને વિકસિત કરવાં છે. હું આપને પ્રાકૃતિક ખેતી અપનાવવા અને એક પેડ માઁ કે નામ અભિયાન હેઠળ એક વૃક્ષ વાવવાનો આગ્રહ કરું છું.

તેમણે બાવળિયાળી ખાતેના ઠાકરધામને આસ્થા, સંસ્કૃતિ અને ધર્મનું સ્થાન જણાવ્યું હતું. વડા પ્રધાને ભરવાડ સમાજને અપીલ કરી હતી કે, તેઓ પરિસ્થિતિ પ્રમાણે બદલાવ લાવે અને દીકરીઓને કૉમ્પ્યુટરનું શિક્ષણ અપાવે. કિસાન ક્રેડિટ કાર્ડ પહેલાં માત્ર ખેડૂતોને આપવામાં આવતાં હતાં. હવે અમે તેનો લાભ પશુપાલકોને પણ આપ્યો છે. ■



**ચોરીના કિસ્સા વધતાં વેપારીઓની રજૂઆત**

રાજકોટમાં પોલીસનું સઘન પેટ્રોલિંગ હોવા છતાં ચોરીના બનાવો સતત વધી રહ્યા છે. શહેરના ધર્મેન્દ્ર રોડ વેપારી ઍસોસિયેશન દ્વારા પોલીસ કમિશનરને આ ચોરીઓ અંગે રજૂઆત કરવામાં આવી હતી. આ વિસ્તારમાં ત્રણ મોટી ચોરીની ઘટનાઓ બનવા છતાં પોલીસ અત્યાર સુધીમાં તસ્કરોને નહીં પકડી શકી હોવાથી શહેર પોલીસ કમિશનરને વેપારીઓએ રજૂઆત કરી હતી. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં દિવસ અને રાતના તાપમાનમાં ૧૯ ડિગ્રીનો તફાવતઃ મિશ્ર વાતાવરણની અસર યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં આ વખતે ગરમ રહેલા માર્ચ મહિનામાં મિશ્ર વાતાવરણની અસર યથાવત્ રહેવા પામી છે. શિયાળામાં ઠંડા રહેતા નલિયામાં ગુરુવારે વહેલી સવારે ૧૬ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે ઠંડીના ચમકારા બાદ દિવસ ચઢતાંની સાથે જ મહત્તમ તાપમાનનો આંક ૩૪ ડિગ્રી સેલ્સિયસ જેટલો નોંધાયો હતો. ગરમીનું પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું હોવાથી ખડૂતોએ પાક ઉતારવો શરૂ કરી દીધો છે.

કચ્છમાં રાતથી માંડીને વહેલી સવાર દરમ્યાન પડી રહેલી ગુલાબી ઠંડી પણ ધીરે ધીરે ઓછી થઈ રહી છે. લોકો પંખા ચાલુ કરવા મજબૂર બન્યા છે. માર્ગો રાત્રે થતી ઝાકળવર્ષાથી ભીના થઈ જાય છે. જ્યારે સવારે દસ વાગ્યા બાદ આકરા તડકા સાથે મહત્તમ તાપમાનનો આંક ૩૪થી ૩૭ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી જતાં ગરમીના કારણે લોકોને અકળામણનો અનુભવ પણ થઈ રહ્યો છે.

ભુજમાં લઘુતમ ૨૦ અને મહત્તમ ૩૬ ડિગ્રી સેલ્સિયસ ઉષ્ણતામાન સાથે ૧૬ ડિગ્રીનો તફાવત રહેવા પામતાં શહેરીજનો બેવડી ઋતુનો સામનો કરી રહ્યા છે, જ્યારે અબડાસાના નલિયા ખાતે પણ દિવસ અને રાતના તાપમાનમાં ૧૯ ડિગ્રી જેટલો તફાવત રહેવાની સાથે ૧૬ ડિગ્રીએ રાજ્યનું ઠંડું મથક બન્યું હતું.

કંડલા બંદરમાં ૩૪ ડિગ્રી મહત્તમ તાપમાન રહેતાં આસપાસનાં ગાંધીધામ, અંજાર, આદિપુરમાં આંશિક ગરમીની આણ યથાવત્ રહી હતી. સૂર્યાસ્ત બાદ કચ્છનાં મોટા ભાગનાં મથકોમાં લઘુતમ તાપમાનનો આંક ૨૦ ડિગ્રીની આસપાસ રહેતાં દિવસે ગરમી રાત્રે ગુલાબી ઠંડી અનુભવાઈ રહી છે. ■

# જામનગરની ખાનગી શાળાને એફઆરસીના હુકમોનું ઉલ્લંઘન કરી વધુ ફી લેવા મુદ્દે અઢી લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખાનગી શાળાઓમાં વસૂલવામાં આવતી ફી અંગે વિધાનસભા ગૃહમાં માહિતી આપતાં શિક્ષણ પ્રધાન કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે છેલ્લાં બે વર્ષમાં ખાનગી શાળાઓ દ્વારા ફી રેગ્યુલેટરી કમિટીના હુકમોનું ઉલ્લંઘન કરીને વધુ ફી ઉઘરાવવામાં આવતી હોવાની જામનગર જિલ્લામાં કુલ એક ફરિયાદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એક પણ ફરિયાદ મળી નથી. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા જામનગર જિલ્લાની શાળાને ૨.૫૦ લાખનો દંડ કરવામાં આવ્યો છે.

શિક્ષણપ્રધાને કહ્યું કે છેલ્લાં બે વર્ષમાં રાજ્યની કુલ ૨૬,૧૧૦ સ્વનિર્ભર શાળાઓ પૈકી ૧૨ ટકા એટલે કે ૩,૧૭૫ શાળાઓએ ફી નિયમન સમિતિઓમાં ફી વધારા માટે અરજી કરી હતી, જ્યારે બાકીની ૨૨,૯૩૫ એટલે કે ૮૮ ટકા જેટલી શાળાઓએ ફી ન વધારી એફિડેવિટ કરી છે. ગુજરાત સ્વનિર્ભર શાળા અધિનિયમ-૨૦૧૭માં કાયદાના ભંગ અંગે કલમ-૧૪માં કરેલી જોગવાઈ મુજબ સ્વનિર્ભર શાળાને પ્રથમવાર કાયદાના ભંગ માટે રૂપિયા પાંચ લાખ સુધીનો દંડ, બીજીવાર પાંચથી દસ લાખ રૂપિયા અને ત્રીજીવાર કાયદાના ભંગ માટે શાળાને અપાયેલ માન્યતા રદ કરવા-એન.ઓ.સી. પરત ખેંચવાની કાર્યવાહી કરવામાં આવે છે.

આ દંડની રકમ વસૂલ કરવા ઉપરાંત વિદ્યાર્થીઓ પાસેથી લીધેલી વધારાની ફીની બમણી રકમ પણ શાળાએ પરત કરવાની રહે છે. આ ઉપરાંત રકમની ચુકવણી તે અંગેનો હુકમ મળ્યાની તારીખથી પંદર દિવસમાં કરવાની રહે છે. ત્યાર બાદ વસૂલાત કરવાની કુલ રકમના એક ટકા પ્રતિદિન લેખે ભરપાઈ કર્યાની તારીખ સુધી દંડ વસૂલ કરવામાં આવશે. જો આ રકમ ત્રણ મહિનાની મુદત સુધીમાં ભરપાઈ કરવામાં નહી આવે તો તે રકમ જમીન મહેસૂલની બાકી લેણાંની બાકી રકમ તરીકે ગણીને વસૂલ કરવામાં આવશે. ■

# રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૩૭.૭૬ લાખના ખર્ચે ૨૩ સેગ્રીગેશન શેડ બનાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ રાજ્ય પ્રધાન કુંવરજી હળપતિએ વિધાનસભામાં જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુલ ૨૩ સેગ્રીગેશન શેડ બનાવાયા છે. જેના માટે કુલ રૂા. ૩૭.૭૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગ્રામ્ય કક્ષાએ ઘરો, જાહેર સ્થળોએથી ઉત્પન્ન થતા ઘન કચરાને કચરાના નિકાલ માટે ડોર ટુ ડોર કલેક્શન કરી તે કચરાને એક નિયત જગ્યા પર એકત્રિત કરી તેના વિભાજન અને કમ્પોસ્ટીંગ પ્રક્રિયા માટે સેગ્રીગેશન શેડનો ઉપયોગ થાય છે. ડોર ટુ ડોર કચરા એકત્રીકરણ દ્વારા એકઠા થયેલ ઘન કચરાને સેગ્રીગેશન શેડ પર જૈવિક તેમ જ અજૈવિક કચરાનું વિભાજન કરી જૈવિક કચરાનું કમ્પોસ્ટીંગ કરી ખાતર બનાવાય છે. અજૈવિક કચરા અને પ્લાસ્ટિક જેમાંથી આવક મળવાપત્ર કચરાને ગ્રામ્ય કક્ષાએ / તાલુકા કક્ષાએ કબાડીવાળાને વેચાણ કરીને ગ્રામ પંચાયતની વધારાની આવક ઊભી કરી શકાય છે.

રાજકોટ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત ફેઝ-૧ અને ફેઝ-૨માં તબક્કાવાર મેળવેલ ભૌતિક અને નાણાકીય સિદ્ધિ અંતર્ગત, પ્રથમ ચરણમાં વ્યક્તિગત શૌચાલયમાં ૯૫,૬૮૫ ભૌતિક સિદ્ધિ તથા રૂા. ૧૧,૪૮૨.૨૦ લાખ નાણાકીય સિદ્ધિ મેળવી છે. દ્વિતીય ચરણમાં કુલ ૯,૫૭૩ ભૌતિક સિદ્ધિ અને ૨૦૬૫.૯૪ લાખ નાણાકીય સિદ્ધિ મેળવી છે. ■

# ભાવનગરમાં ઘરમાં રાખેલાં ૩.૩૭ લાખનાં ડ્રગ્સ સાથે શખસની પોલીસે ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર શહેરના પ્રભુદાસ તળાવ નજીકના રહેણાક મકાનમાં પોલીસે રેડ કરી ત્રણ લાખથી વધુનો ડ્રગ્સનો જથ્થો ઝડપી એક શખસની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ભાવનગર શહેરના પ્રભુદાસ તળાવ પાસે રહેતા અલ્તાફભાઈ ચૌહાણ ઘરમાં ડ્રગ્સ રાખી વેચાણ કરતો હોવાની બાતમી મળતાં પોલીસે રેડ કરી હતી. રેડ દરમિયાન આરોપી અલ્તાફભાઈના ઘરે તપાસ કરતાં મકાનના બીજા માળેથી વજન કાંટો, નાની મોટી પ્લાસ્ટિકની કોથળી - ૨૧, તેમ જ ૩૩.૭૧ ગ્રામ એમફેટામાઇન ડ્રગ્સ કિં. રૂા. ૩,૩૭,૧૦૦ નો જથ્થો મળી આવતાં પોલીસે આરોપી અલ્તાફ ચૌહાણની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



(તસવીર વિપુલ હિરાણી, ભાવનગર)

પોલીસ તપાસ દરમિયાન આરોપીને ડ્રગ્સ પીવાની ટેવ હોઈ જેનો ખર્ચ કાઢવા યુવાનોને ઊંચા ભાવે ડ્રગ્સનું વેચાણ કરતો હોવાનું તપાસમાં ખૂલવા પામ્યું હતું.

યુવાનોને ડ્રગ્સની લત લગાડનાર શખસની ધરપકડ કરી હતી.

સપ્ટેમ્બર માસમાં રો રો ફેરીમાંથી આરોપીનો મોટા ભાઈ ઇકબાલ ચૌહાણની પણ ૭૦ ગ્રામ ડ્રગ્સના જથ્થા સાથે એસ.ઓ.જી. પોલીસે ધરપકડ કરી હતી. ■

# કચ્છનાં બંદરો પર છેલ્લાં પાંચ વર્ષમાં ૭,૧૭૦ કરોડનું ડ્રગ્સ પકડાયુંઃ લોકસભામાં સરકારે માહિતી રજૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાકિસ્તાનના ડ્રગ્સ માફિયાઓએ માદક પદાર્થને ભારતમાં ઘુસાડવા માટે ખાસ કરીને કચ્છના સાગર કાંઠાનો ઉપયોગ વધાર્યો છે. માત્ર પાંચ જ વર્ષમાં ભારતીય બંદરો પર માદક પદાર્થ પકડવાના ૧૯ બનાવો બન્યા છે જેમાં કુલ ૧૧,૩૧૧ કરોડનું ડ્રગ્સ પકડાયું છે. આ વચ્ચે ચોંકાવનારી બાબત એ છે કે જેમાંથી ૬૩ ટકા ડ્રગ્સ કચ્છનાં બંદરો પરથી જપ્ત કરાયું હોવાનું લોકસભામાં આપવામાં આવેલા આંકડા પરથી જાણવા મળ્યું છે.

દેશના ૧૯ બનાવોમાંથી એકલા કચ્છમાં ૭ બનાવો બન્યા છે. જેમાં કુલ ૭,૧૭૦ કરોડનું ડ્રગ્સ વિવિધ સુરક્ષા એજન્સીઓએ જપ્ત કર્યું છે. વર્ષ ૨૦૨૧માં મુંદરા અદાણી બંદરેથી પકડાયેલું ૫,૯૭૬ કરોડનું હેરોઇન દેશમાં પકડાયેલો સૌથી મોટો જથ્થો હોવાનું પણ આ આંકડાઓના માધ્યમથી બહાર આવ્યું છે.

વર્ષ ૨૦૨૧માં જ તમિલનાડુના તુતીકોરીનના વી.ઓ. ચિદમ્બરનાર બંદર પરથી ૧,૫૧૫ કરોડ રૂપિયાની આંતરરાષ્ટ્રીય બજાર કિંમતનું કોકેઈન જપ્ત કરવામાં આવ્યું હતું તે મુંદરા બાદ બીજા નંબરનો સૌથી મોટો જથ્થો છે. ૨૦૨૦ અને ૨૦૨૪ની વચ્ચેના સમયગાળા દરમ્યાન દેશનાં બંદરો પર ડ્રગ્સ જપ્તિના ૧૯ કેસ નોંધાયા છે, જેમાંથી ૧૦ કેસ ૨૦૨૨માં બન્યા હતા.

ગૃહ મંત્રાલયે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના પ્રશ્નોના જવાબમાં જણાવ્યું હતું કે, જપ્ત કરાયેલા ડ્રગ્સમાં કોકેન, હેરોઈન, મેથામ્ફેટામાઈન અને પ્રતિબંધિત પેઈન કિલર ટ્રામાડોલ ગોળીઓનો સમાવેશ થાય છે. આ ૧૯ કેસોમાં, ૨૦૨૧માં મુંદરા અદાણી બંદર પર ૫,૯૭૬ કરોડ રૂપિયાના હેરોઈનનો સૌથી મોટો જથ્થો પકડાયો હતો. તે સમયે ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઇન્ટેલિજન્સે ૨૯૮૮ કિલો હેરોઈન જપ્ત કર્યું હતું. ગતિશીલ ગુજરાતમાં ડ્રગ્સ સંબંધિત કુલ ૮ બનાવો બન્યા છે. જેમાં એક પીપાવાવ બંદરને બાદ કરતાં બાકીના બનાવો કચ્છમાં નોંધાયા છે. ■

| પૉર્ટ | એજન્સી | તારીખ | ડ્રગ્સ | જથ્થો(કિલો) |
|---|---|---|---|---|
| અદાણી પૉર્ટ સેઝ મુન્દ્રા | ડીઆરઆઇ | 19-09-2021 | હેરોઈન | 2,988 |
| સીએફએસ ગાંધીધામ | DRI/ATS | 28-04-2022 | હેરોઈન | 201 |
| પીપાવાવ | ડીઆરઆઇ | 29-04-2022 | હેરોઈન | 90 |
| અદાણી પૉર્ટ સેઝ મુન્દ્રા | ડીઆરઆઇ | 26-05-2022 | કોકેન | 52 |
| અદાણી પૉર્ટ સેઝ મુન્દ્રા | એટીએસ/ કસ્ટમ | 11-07-2022 | હેરોઇન | 75 |
| એવી જોષી સીએફએસ ગાંધીધામ | ડીઆરઆઇ | 08-08-2023 | કોકેન | 1 |
| સીએફએસ મુન્દ્રા | કસ્ટમ | 28-07-2024 | ટ્રામાડોલ ગોળી | 6878000(ન |
| સીએફએસ મુન્દ્રા | કસ્ટમ | 13-09-2024 | ટ્રામાડોલ ગોળી | 2541000(ન |



**રાજકોટમાં આરોપીઓનાં ગેરકાયદે મકાન તોડી પડાયાં:**

રાજકોટમાં ઝોન-૨ વિસ્તારમાં આવેલા ભીસ્તીવાડમાં રહેતા અને ગુજસીટોક, મારામારી, પોલીસ પર હુમલા સહિતના ગુનામાં સંડોવાયેલ આરોપી માજીદ ભાણું અને ઇશોભા ઉર્ફે ઇશો રીઝવાનભાઈ દલના ગેરકાયદે મકાન પર બુલડોઝર ફેરવી દેવાયું હતું. આ બંને આરોપીઓએ સ્લમ ક્વાર્ટર્સ લાખા બાપાની વાડી પાસે ગેરકાયદે ઓરડીઓ બનાવી હતી. જેને તોડી પાડવામાં આવી હતી. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

# અમદાવાદના ૨૧ ગુંડાઓ ભુજની પાલારા જેલમાં ધકેલાયાઃ કચ્છના બે બૂટલેગરોનાં દબાણ તોડવા એસએમસીની દરખાસ્ત

ભુજઃ ગુજરાતમાં ગુંડાતત્ત્વોની ૧૦૦ કલાકમાં યાદી તૈયાર કરી, ગહન તપાસ કરીને કડક પગલાં લેવા રાજ્ય પોલીસ વડાની સૂચનાના પગલે હરકતમાં આવેલા સ્ટેટ મોનિટરિંગ સેલે કચ્છના બે બૂટલેગરો સહિત આખા રાજ્યના ૧૫ બૂટલેગરો અને જુગારીઓ, કેમિકલ ચોરી કરતાં શખસોએ કરેલાં ગેરકાયદે બાંધકામ અને દબાણ હટાવવા અંગે ખાસ યાદી તૈયાર કરી છે.

કચ્છના બે બૂટલેગરો પૈકી ભચાઉના અશોકસિંહ ઊર્ફે મામા બાલુભા જાડેજાએ ભચાઉ શહેરના ઐતિહાસિક દરબારગઢ ખાતે બે માળના મકાનમાં મંજૂર નકશાથી ફેરફાર કરીને વધારાનું બાંધકામ કરી સરકારી જગ્યામાં દબાણ કર્યું હોવાનું એસએમસીએ જણાવ્યું છે. એ જ રીતે, રાપરના પુના ભાણા ભરવાડે રાપરના આથમણા નાકે આવેલા બે માળના બંગલામાં પણ આ જ રીતે મંજૂર નકશામાં ફેરફાર કરીને દબાણ કર્યું હોવાનું તથા પોતાનાં રહેણાક મકાનો ભાડાં કરાર કે પોલીસમાં જાણ કર્યા વગર ભાડે આપ્યાં કે મેળવ્યાં હોવાનું જણાવાયું છે. આ દબાણો હટાવવા તથા કાયદેસર કાર્યવાહી કરવા કચ્છ કલેક્ટર અને પોલીસ વડાને આધાર પુરાવા સાથે દરખાસ્ત કરાઈ છે. ૧૦૦ કલાકની અવધિ પૂરી થયા બાદ આજે અમદાવાદ શહેર પોલીસ કમિશનરે અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારના ૨૧ ગુંડાઓ પર સાગમટે પાસાનું શસ્ત્ર ઉગામીને તમામને ભુજની પાલારા ખાસ જેલ ધકેલવા રવાના કર્યા છે. પાસામાં ફિટ થનારા સૌથી વધુ સાત ગુંડા અમરાઈવાડી વિસ્તારના છે અને ત્રણ ગુંડા ઓઢવના હોવાનું જાણવા મળ્યું છે. ભુજની પાલારા ખાસ જેલમાં હાલ ૪૩૦ કેદીની સમાવેશ ક્ષમતા સામે ૩૭૦ કેદી કેદ છે. તેમાં હવે વધુ ૨૧ જણનો ઉમેરો થશે. ■

# લખપતમાં ૩ વર્ષથી ગાયનેક હૉસ્પિટલ ખોલીને પ્રૅક્ટિસ કરતી બૉગસ બિહારી મહિલા તબીબ ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં સરકારી દવાખાનાઓમાં વર્તાઈ રહેલી તબીબોની ભારે અછતનો લાભ ખાટવા ડિગ્રી વગરના બૉગસ તબીબોનાં સંખ્યાબંધ હાટડાં મોટી સંખ્યામાં ધમધમી રહ્યાં છે. છેલ્લા ૧૪ મહિનામાં પોલીસે વગર ડિગ્રીએ દર્દીઓની ચાકરી કરતા કેટલાક બૉગસ તબીબોને પકડી તેમની વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી હતી ત્યારે ફરી એકવાર લખપત તાલુકાના મુખ્ય મથક દયાપરમાં છેલ્લાં ત્રણ વર્ષથી ગાયનેક નર્સિંગ હોમ ખોલી, સગર્ભા મહિલાઓની પ્રસૂતિ કરાવતી બૉગસ મહિલા તબીબને આરોગ્ય તંત્રએ ઝડપી લેતાં ચકચાર પ્રસરી ગઈ હતી.

એક જાગૃત નાગરિકે કલેક્ટર કચેરીમાં લખેલા પત્રના આધારે જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શનમાં લખપતના તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. કુલભૂષણ કે. પટેલે પોલીસ ટુકડીને સાથે રાખીને દયાપરના મારુતિ કૉમ્પ્લેક્સના ઉપરના માળે આવેલી ‘ન્યૂ જનની હૉસ્પિટલ’માં દરોડો પાડ્યો હતો.

આ હૉસ્પિટલમાં હાજર એમબીબીએસ, એમડી કે ડીજીઓ જેવી શૈક્ષણિક લાયકાતની ડિગ્રીઓ વગરની ૩૯ વર્ષીય કહેવાતી ડૉ. અનુરાધા યાદવે ડિગ્રીના નામે માત્ર એક્યુપંક્ચર અને એક્યુપ્રેશરની મેળવેલી તાલીમનું પ્રમાણપત્ર રજૂ કર્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં અનુરાધાએ પોતે ત્રણ વર્ષથી અહીં ગાયનેકોલૉજિસ્ટ તરીકે પ્રૅક્ટિસ કરતી હોવાનું જણાવી પોતે સગર્ભા મહિલાઓની સારવાર અને પ્રસૂતિ કરાવતી હોવાનું જણાવ્યું હતું.



(તસવીર ઉત્સવ વૈદ્ય, ભુજ)

તેણી હૉસ્પિટલમાં જ બનાવેલા ઈન્ડોર મેડિકલ સ્ટોરમાંથી મહિલા દર્દીઓને હોર્મોનલ ઈન્જેક્શનો અને અન્ય એન્ટિબાયોટિક્સ સહિતની દવાઓ અને ઈન્જેક્શનો આપતી હતી. હૉસ્પિટલમાંથી કુલ ૪.૬૯ લાખની દવાઓનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ બૉગસ મહિલા ડૉક્ટર સામે દયાપર પોલીસે ગુનો નોંધીને કાયદાની જોગવાઈને અનુલક્ષીને નોટિસ આપી હતી. આ નોટિસનો જવાબ મળ્યે આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ દયાપર પોલીસે જણાવ્યું હતું. ■



**ઠાકર ધામમાં ભરવાડ સમાજની મહિલાઓએ ગોપી હુડા રાસ રમી રેકોર્ડ સર્જ્યો**

ભરવાડ સમાજના આસ્થા કેન્દ્ર એવા નગાલાખા બાપાના ધામ બાવળિયાળી ખાતે નિજમંદિરને પોણા ચારસો વર્ષ પૂર્ણ થવા નિમિત્તે મંદિરની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અને ગોપ જ્ઞાન ગાથા સ્વરૂપે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભરવાડ સમાજની હજારો મહિલાઓ દ્વારા પરંપરાગત ગોપી હુડા મહારાસ યોજી વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો. (તસવીર વિપુલ હિરાણી, ભાવનગર)